Vol. 40, No.7
November 2019
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

☐ **સુભાષ ભટ્ટ**

એક સુવાસિત ફૂલ આસપાસ અસંખ્ય ભ્રમર-મધમાખ ઘૂમરાવા લાગે છે તેવી જ રીતે એક સંબુદ્ધ - એક અનુભવી આસપાસ અસંખ્ય પંડિતો - જ્ઞાનીઓ એકઠા થવા લાગે છે. જેમનો આશય સંબુદ્ધના અનુભવને સૂત્રો, સિદ્ધાંતો અને શાસ્ત્રોમાં મઢી દેવાનો હોય છે, વ્યાખ્યા અને વ્યાખ્યાનોમાં વ્યક્ત કરી દેવાનો હોય છે. પણ હા, એકાદ અનુભવનો નહીં. આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તથાગત અને સારીપુત્રનું. આ સારીપુત્તા (પાલીમાં) મહાપંડિત - મહાજ્ઞાની હતો. તેના સ્વયંના પાંચ હજાર શિષ્યો હતા. તેની જ્ઞાનની ખોજ અસામાન્ય હતી. એક વખત તે બુદ્ધ પાસે આવ્યો.

સારીપુત્રે અનેક પાંડિત્યપૂર્ણ સવાલો તથાગતને પૂછ્યા. બુદ્ધે તેને પ્રગાઢ શાંતિથી સાંભળ્યા પછી બોલ્યા, 'આ બધા સવાલો બૌદ્ધિક છે, પાંડિત્યપૂર્ણ છે, શાસ્ત્રજ્ઞાનની નીપજ છે. તે બધા ગ્રંથોમાંથી આવેલા છે તેથી તે બધા ઉધાર છે. સવાલો તારા નથી તેથી મળતા જવાબો પણ તારા નહીં હોય. ખરી જિજ્ઞાસા તો જીવમાંથી, જીવનમાંથી પ્રગટે છે. પ્રશ્નો તો અસ્તિત્વગત હોય. આપણા પોતાના હોય, આપણી અંદરથી પ્રગટે છે.'

સારીપુત્ર : 'મને શાસ્ત્રોમાંથી મુક્તિ અપાવો. મને સ્વીકારો, મને શરણમાં લો.'

જાણકારી તો નિદ્રા છે, પ્રમાદ છે, અહંકાર છે.

પ્રશ્ન કે ઉત્તર અગત્યના નથી. અગત્યનું છે એ જાણી લેવું કે આ પૂછનાર કોણ છે? જાગૃતિનું પ્રથમ લક્ષણ છે કે આ જાણનાર કોણ છે તે અનુભવવું. દરેક સવાલ કે સંદેહ એ અનુભવનું પોસ્ટપોનમેન્ટ છે. એનાથી અનુભવ વિલંબમાં મુકાય છે.

શબ્દો અને શાસ્ત્રો પથ્થરીઓ મોતિયો* બને તે પહેલાં નૂતન વરસથી વિસ્મય અને અહોભાવ સાથે અપરંપારને પામવાનું અને અઢળકને આલિંગવાનું આરંભીએ...

*** આંખે આવતા મોતિયાનો પ્રકાર**

❑❑❑

૯૯

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૭, નવેમ્બર ૨૦૧૯

સંસ્થાપકો :

કનૈયાલાલ મુનશી

શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯

નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ

દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક

અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :

પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ :
કૌશિક ઘેલાણી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ. અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

એ શક્તિ પ્રગટે છે બે સંયોગોમાંઃ એક, જુદા જુદા જનસમૂહો એક નેતૃત્વ નીચે આક્રમણ કરવાનું આદરે ત્યારે રાષ્ટ્રભાવના પ્રગટે છે. 1870માં પ્રશિયાના રાજાની આગેવાની હેઠળ જર્મન સંસ્થાનોએ એકત્ર બની ફ્રાન્સ પર આક્રમણ કર્યું, તેને પરિણામે અભેદ્ય જર્મન રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું.

વળી રાષ્ટ્રીયતા પ્રગટે છે જ્યારે પરરાષ્ટ્રના આક્રમણનો સામનો કરવા જુદા જુદા જનસમૂહો ભેગા મળે છે અને સામુદાયિક પ્રતિરોધ કરે છે ત્યારે.

ઇંગ્લેન્ડ અને ફ્રાન્સમાં રાષ્ટ્રીયતા પ્રગટી એ યુરોપના શતવર્ષીય વિગ્રહ- hundred year's war-ને પરિણામે. ફ્રાન્સ અને ઇંગ્લેન્ડના પરસ્પર વિગ્રહોને પરિણામે ઇંગ્લેન્ડમાં હેનરી પાંચમાનાં પરાક્રમો અને ફ્રાન્સમાં જીન ઓફ આર્કનાં પરાક્રમોએ પ્રતિકારપરાયણતા સમૃદ્ધ કરી. તે જ પ્રમાણે નેધરલેન્ડ્સની પ્રજાએ જ્યારે કેથોલિક ધર્મને અનુસરતા સ્પેનના સાર્વભૌમત્વને વર્ષો સુધી પડકાર કર્યો, ત્યારે એનું રાષ્ટ્ર ઘડાયું.

સામુદાયિક પ્રતિરોધપરાયણતા રાષ્ટ્રનો પ્રાણ છે...

* * *

આપણી ભારતીય રાષ્ટ્રીયતા પુરાણી સંસ્કારસામગ્રીમાંથી નથી ઉદ્ભવી. અંગ્રેજી રાજ્યકાળના પ્રારંભમાં, જ્યારે હિંદુ અને મુસ્લિમ ધર્મો પર આક્રમણ કરી હિંદુ અને મુસ્લિમોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવા માંડ્યા, ત્યારે વિદેશીઓનો વિરોધ કરવાથી ઇચ્છાશક્તિ પેદા થઈ ખરી પણ તે સામુદાયિક નહિ.

1857 પછી સારાય ભારતવર્ષમાં વિશ્વવિદ્યાલયોનું શિક્ષણ અંગ્રેજી દ્વારા અપાવા લાગ્યું ત્યારે નવા શિક્ષિત વર્ગનો બનેલો પ્રધાન જનવિભાગ (dominant minority) હસ્તીમાં આવ્યો. તેની એકતા અંગ્રેજી દ્વારા દૃઢ થઈ અને તે જનવિભાગ પશ્ચિમી રાષ્ટ્રીયતાના પ્રવાહમાં તણાવા માંડ્યો. તેમાંના જે વિલાયત જઈ આવ્યા હતા તેમણે ઇંગ્લેન્ડ, ફ્રાન્સ ને ઇટાલીની પ્રખર રાષ્ટ્રીયતાની પ્રેરણા મેળવી. તે વિભાગના અગ્રગણ્યોમાં યુરોપીય રાષ્ટ્ર જેવું ભારત સામર્થ્ય પ્રાપ્ત કરે એવી ઉત્કંઠા જાગી. **[ક્રમશઃ]**

॥ શબ્દમૂળની શોધ ॥

મીંઢું

☐ હેમન્ત દવે

પ્રખર અર્થશાસ્ત્રી પણ અત્યંત મિતભાષી અને અકસ્માતે કોંગ્રેસમાં આવી ગયેલા નેતા વિશે ગુજરાતના એક વિશ્વવિખ્યાત રાજનીતિશાસ્ત્રીએ એક અંગત ગોષ્ઠિમાં એમની માટે 'એ મીંઢો માણસ છે' એવા ઉદ્‌ગાર કાઢી એ શબ્દની વ્યુત્પત્તિ શી હોઈ શકે તદ્વિષયક ચર્ચા ઉપાડેલી ત્યારે મરાઠીમાં 'મેંઢા'નો એક અર્થ 'વાંકું' એવો થાય છે એમ મેં જણાવેલું (સર૰ મોલ્ઝવર્થનો મરાઠી કોશ, પૃ૰ ૮૪૩), અલબત્ત, ત્યાં એનો ગુજરાતીમાં જે અર્થ થાય છે તે નથી. પછી સમયાવકાશે *સાર્થ જોડણીકોશ*માં જોતાં એની વ્યુત્પત્તિમાં મરાઠી 'મેંઢા' એટલે કે 'વાંકું' એવો નિર્દેશ મળેલો.

સાર્થ૰માં 'ખંધું' અને 'ધૂર્ત' એવા એના બે સમાનાર્થી મૂકી બધું જાણતી-સમજતી પણ બહાર દેખાવા ન દેતી કે ન બોલતી વ્યક્તિ એવી સમજૂતી આપવામાં આવી છે તે બરાબર છે, પણ એનો મરાઠી 'મેંઢા' સાથેના સંબંધ થોડો ખેંચીતાણીને જ લેવો પડે. (કદાચ, એ કારણે આ વ્યુત્પત્તિનો નિર્દેશ રતિલાલ સાં૰ નાયકના મોટો કોશમાં કે કે૰ કા૰ શાસ્ત્રીના *બૃહદ્ ગુજરાતી કોશ*માં કરાયો નથી.) અલબત્ત, વાંકા માણસો બહારથી કશું કળાવા ન દે તેવા અને ધૂર્ત હોય છે ખરા! અંગ્રેજીમાં 'ક્રુકિડ'નો અર્થ 'સીધું નહીં તેવું' એવો છે જે ઉપરથી પછી 'શઠ', 'ધૂર્ત', વગેરે અર્થ નીપજી આવ્યા છે.

રાઇસ ડેવિડ્ઝ અને સ્ટીડના પાલિ કોશમાં 'મેણ્ડ' શબ્દની ચર્ચા કરતાં એના સંપાદકો રિશાર્ટ પિશલના પ્રાકૃત વ્યાકરણને આધારે સમાંતરે પ્રાકૃત 'મેણ્ઠ' અને 'મિણ્ઠ' શબ્દ આપે છે (પિશલ § ૨૯૩) અને ઉમેરે છે કે *ધાતુમંજૂષા*માં 'મેણ્ડ' શબ્દ 'કોટ્ટિલ' (કોટ્ટિલ' (સં૰ कुटील) એવા અર્થમાં પ્રયોજાયો છે (૧૫૬). ગુજરાતીમાં 'મીંઢું' માટે 'મીંડું' શબ્દ પણ છે જે *સાર્થ*૰માં નથી અપાયો પણ કે૰ કા૰ શાસ્ત્રીના બૃ૰ ગુ૰ કોશમાં નોંધાયો છે. સ્પષ્ટ જ છે કે પ્રાકૃતમાં 'મેણ્ઠ', 'મિણ્ઠ', 'મેણ્ડ' શબ્દ 'કુટિલ, લુચ્ચું, ખંધું' એવા અર્થમાં આ શબ્દ પ્રયોજાતો હતો અને એમાંથી આપણો ગુજરાતી શબ્દ 'મીંડું', 'મીંઢું' ઊતરી આવ્યો છે. મૌનના વિશેષણ તરીકે 'મીંઢું'નો અર્થ ધૂર્તને શોભે તેવું મૌન એમ અર્થ છે. 'મીંઢું મૌન' એ પ્રવિષ્ટિ કોશોમાં નથી. ❑❑❑

પ્રમુખના પત્રો

સૃષ્ટિને પ્રેમ કરો



વેદિકકાળમાં ઉપાસનાની પદ્ધતિઓ સૂચવવામાં આવી છે. એમાં મોટે ભાગે પૃથ્વી, આકાશ, જળ, અગ્નિ અને વાયુ જેવાં પ્રાકૃતિક મૂળ તત્ત્વો એટલે કે પંચમહાભૂતોના પૂજનની પદ્ધતિઓ છે. આ પંચમહાભૂતો એટલે કે મૂળ તત્ત્વોનાં જતન અને સંવર્ધન દ્વારા સમસ્ત ધરતી માતાના જતનનો અભિગમ વિકસિત થયો. વળી એ કાર્ય આપણી પૂજાની વિધિ હતું. પ્રકૃતિના જતન દ્વારા જ મનુષ્ય અસ્તિત્વની દરેક પ્રવૃત્તિની શરૂઆત થાય એવી વાસ્તવલક્ષી કલ્પના એની પાછળ હતી. પૃથ્વીને સુરક્ષિત રાખવાનો આ એક ઉપાય હતો. આજે આપણે પર્યાવરણ સંરક્ષણ, વાતાવરણમાં પરિવર્તન, ગ્રીન-હાઉસ પ્રક્રિયાને લીધે વધતું ઉષ્ણતામાન વગેરે અંગે ચર્ચાઓ કરીએ છીએ. આ બાબતો અંગે વેદિકકાળના મનુષ્યોએ અગમચેતી વાપરી હશે.

પર્યાવરણ જતનના આપણા પ્રયાસો રંગ લાવી રહ્યા છે. એ સફળ થઈ રહ્યા છે. પણ મોટો પ્રશ્ન હજી એ ઉદ્‌ભવે છે કે આપણા પ્રયાસો પૂરતા છે કે કેમ? આટલા બહોળા પ્રમાણમાં થયેલું ઔદ્યોગિકીકરણ, રાસાયણિક ખાતરનો બહોળો ઉપયોગ, જંતુનાશક દવાઓનો છંટકાવ, જળ-પ્રદૂષણ વગેરે મોટા પડકાર છે.

1992ની રિયો અર્થ સમિટ ટકાઉ વિકાસ બાબતે ખરા અર્થમાં સમર્પિત હતી અને માત્ર વનસ્પતિ જ નહિ, પ્રાણી જગત, વિવિધ માનવ પ્રજાતિઓ, અન્નક્ષેત્રે સલામતી, સ્વાસ્થ્ય જતન, રહેઠાણ વ્યવસ્થા, પીવાલાયક પાણીની વ્યવસ્થા અને શુદ્ધ હવા અંગે એમાં ખરા અર્થમાં ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ટૂંકમાં સમસ્ત સજીવ સૃષ્ટિ માટે જે અનિવાર્ય હોય એવા પોષક વાતાવરણનો એમાં વિચાર થયો હતો.

'પંચમહાભૂત' દ્વારા પર્યાવરણ સંરક્ષણની, ભારતીય પરિકલ્પનાનું આંતરરાષ્ટ્રીય

સમૂહ દ્વારા થયેલું સમર્થન આપણા સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. દરેક ભારતીય નાગરિક પર્યાવરણના જનત માટે જવાબદાર છે. એમાં જંગલો, પશુસૃષ્ટિ અને દરેક જીવંત અસ્તિત્વનો સમાવેશ થાય છે. આપણા પર્યાવરણનું જતન, જંગલોનું અને પ્રાણીસૃષ્ટિનું સંરક્ષણ જેવા મુદ્દા આપણા દેશના સંવિધાન દ્વારા ફરજિયાત કરવામાં આવ્યા છે, જેથી આવનારી પેઢીઓ માટે પૃથ્વી જીવવા જેવી રહે. એ રીતે આપણી પ્રકૃતિ-પૂજા આજની આપણી કાયદેસરની જવાબદારી સુધ્ધાં છે.

રસપ્રદ બાબત છે કે આપણા ભવ્ય દેશના ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં હજી આજે પણ સર્પ-પૂજા લોક-વ્યાપક છે. આપણાં કેટલાંક રાજ્યોમાં ઘરના આંગણમાં સાપ માટે ખાસ ઝાડી રાખવામાં આવે છે. એની બાજુમાં જળસ્રોત પણ હોય જેથી આવા ઘટ્ટ જંગલ કે ઝાડીમાં સાપ મનુષ્યની લાલસાથી અલિપ્ત રહી શકે. આવા જળસ્રોત લાગે છે કે વર્ષાજળના જતન માટેનો પ્રથમ પ્રયાસ હશે. અહીંના લોકો પર્યાવરણ સંરક્ષણની આ પદ્ધતિને વર્ષોથી અનુસરતા આવ્યા છે અને પેઢી દર પેઢી એ પ્રણાલિકાને ધાર્મિક ભાવથી આગળ વધારે છે.

આપણે આપણાં ધરતી, હવા અને પાણીના સંરક્ષણ માટે ભલે કાયદેસર રીતે જવાબદાર છીએ છતાં સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાંને વધુ લોકો સુધી પહોંચાડવાની આવશ્યકતા છે. આ ક્ષેત્રે લોકોની અગત્યની ભૂમિકાનું ભાન એમને યાદ કરાવવાની જરૂર છે.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે આપણે આપણા ભવનના સ્થાપક પ્રમુખ કુલપતિ કનૈયાલાલ મુનશીનું પુણ્ય સ્મરણ કરીએ છીએ. ભારતની આઝાદીનાં શરૂઆતનાં વર્ષોમાં એટલે કે 1950ના અરસામાં જ્યારે તેઓ અન્ન અને કૃષિપ્રધાન હતા ત્યારે 'વનમહોત્સવ' આંદોલનના તેઓ આગેવાન હતા. એમાં વૃક્ષારોપણ દ્વારા વન ઊભાં કરવાનો આશય હતો. આ કાર્ય એમણે રિયો સમિટના 40 વર્ષ પૂર્વે આરંભ્યું હતું. આજે વિશ્વના નેતાઓ પૃથ્વી બચાવો આંદોલન માટે આયોજન વિચારી રહ્યા છે. આવી દીર્ઘદૃષ્ટિ માટે મુનશીજી અભિવાદનના અધિકારી છે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ

☐ ડૉ. સેજલ સંઘવી

શૃણ્વન્તુ વિશ્વે અમૃતસ્ય પુત્રાઃ
આ યે ધામાનિ દિવ્યાનિ તસ્થુઃ ॥

હે અમૃતના પુત્રો! તમે સાંભળો!

વર્તમાન મનુષ્ય જીવનનો પ્રવાહ એવો છે કે આપણે મનુષ્યો જન્મીએ ત્યારથી જ પોતાને કોસીએ છીએ. આપણને સતત પોતાનામાં કંઈક ખૂટતું હોય એવો અહેસાસ થાય છે. પણ આ કંઈક વિષેની જાણ ન હોવાને કારણે કોઈ દિશાવિહીન રસ્તા પર એના વિષેની શોધ માટે આપણે મનુષ્યો ગતિશીલ છીએ, દોટ મૂકીએ છીએ,

અને આ દિશાહીનતાને કારણે સ્વથી વિખૂટા પડી જવાના કારણે રોગ અને મૃત્યુનો ભય આપણને જીવતાં પહેલાં જ મૃત કરી નાખે છે.

સંસ્કૃતમાં કહ્યું છે કે 'જન્મોકથંતા' એટલે કે જીવન અને એની પાછળનો હેતુ. આપણે વર્તમાન મનુષ્યો હેતુ વિના, ઉદ્દેશ્ય વિના માત્ર જન્મને જ જોઈએ છીએ.

આપણે જીવન જીવીએ છીએ પણ પામતા નથી. આપણને જીવનની ગંભીરતા સમજાય છે પણ ગહનતા પમાતી નથી. આપણને જીવનના મર્ત્યપણાનો ભય છે પણ અમર્ત્યપણાનો બોધ નથી.

આજના મનુષ્યનું મન જન્મતાંની સાથે જ એક પ્રવાહમાં ઢસડાઈ જાય છે. એ જાણકારી વિનાનો પ્રવાહ એને અનુભવ તરફ લઈ જાય છે પણ અખંડતાની અનુભૂતિ નથી કરાવતું.

આપણે સહુ સુખસંપત્તિ ભોગવવા અને પામવા તથા સર્વ પ્રકારે સુખમય, સંપન્ન અને સંતુષ્ટ જીવન જીવવા સર્જાયા છીએ. સર્વ પ્રકારે સ્વસ્થતા અને સર્વાંગી ઉન્નતિ એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આપણે જ એના અધિકારી છીએ એ ભુલાઈ ગયું છે, વિસ્મૃત થઈ ગયું છે અને આ સર્વાંગી સ્વાસ્થ્ય અને ઉન્નતિમાં મોટામાં મોટો કોઈ અવરોધ હોય તો એ 'રોગ' છે.

પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

આપણે સહુ ભૂલી ગયા છીએ. આ પૂર્ણમાંથી પ્રગટ થયેલું પૂર્ણ છે. એ પૂર્ણમાંથી પૂર્ણ ઉદ્ભવ્યું છે અને પૂર્ણમાંથી ઉદ્ભવ્યા બાદ જે શેષ રહ્યું છે તે પણ પૂર્ણ છે. આપણે સહુ એ પૂર્ણમાંથી જ ઉદ્ભવ્યા છીએ એટલે આપણે સહુ પૂર્ણ જ છીએ. પણ આપણે એ પૂર્ણતાનું ભાન ભૂલીને જીવી રહ્યા છીએ. એટલે અમૃતથી વંચિત છીએ.

આ ભાન આપણને પાછું મળે છે આપણા શરીર વિષેના બોધથી. આપણી વાસ્તવિક પૂર્ણતા શરીર જ છે. જે નક્કર, વાસ્તવિક, નરી આંખે દેખાતું ધરાતલ સત્ય છે. અને જેને સાક્ષાત અનુભવી શકાય છે. એવા આ શરીરના યોગ્ય બોધથી અસ્તિત્વના એ સત્યને, એ પૂર્ણતાને પામી શકાય છે, જેનો ઉલ્લેખ વેદો, ઉપનિષદો અને પુરાણોમાં અમૃત તરીકે છે.

વર્તમાન મનુષ્યના મનમાં શરીર વિષે ઘણી બધી દૃઢ માન્યતાઓ અને ભ્રમણાઓ હાવી થઈ ગઈ છે જે મનુષ્યને પોતાની શાશ્વત અને અવિનાશી અવસ્થાથી વંચિત રાખી રહી છે.

અત્યાર સુધીમાં જે તે કાળે, જે તે સ્થળે, જે તે પ્રકારે, જે તે પરિસ્થિતિઓમાં, જે તે અવસ્થામાં અને જે તે જરૂરિયાત મુજબ શરીરનું અને

એને અનુલક્ષીને ચિકિત્સા પદ્ધતિઓનું જે વિવિધતાથી વર્ણન કરવામાં આવ્યું છે એનાથી મૂંઝવણ પામેલ આપણે આજના મનુષ્યો સ્વ સાથેની સંવાદિતતા ભુલાવીને, સ્વ કેન્દ્રથી ચલિત થઈ ગયા છીએ અને એટલે જ વ્યાધિ અને મૃત્યુનો ભય અકારણે વિનાશ તરફ, કંઈ ખૂટતા રહેતા હોવાના અહેસાસ તરફ દોરાતા જઈએ છીએ. પોતાના આ અખંડ, અવિનાશી અને શાશ્વત સ્વરૂપનો અને એની સ્વતંત્રતાનો આનંદ માણવાને બદલે આપણે કુંઠિત થઈ ગયા છીએ.

॥ શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્ ॥

સર્વ પ્રકારની ઉપલબ્ધિઓને પામવા શરીરનું હોવું જરૂરી છે. અને એનું સ્વસ્થ હોવું જરૂરી છે. આ સ્વસ્થતા, પૂર્ણતા વિષેની સભાનતા આવે છે સ્વ પ્રત્યે, શરીર પ્રત્યે જાગૃત થવાથી. શરીરના વાસ્તવિક બોધને પામીને આ જાગૃતિ શરીરથી શરીર દ્વારા પમાય છે. આપણી વાસ્તવિક પૂર્ણતાનો આધાર શરીર છે અને એટલે જ કોઈ અસંતુલિત સ્થિતિથી આપણે જ્યારે આહત થયા છીએ, વિવિધ રોગોથી ઘેરાઈ ગયા છીએ ત્યારે એના ઉપર સંતુલન લાવવા માટે વિસ્મૃતિમાંથી બહાર આવવા માટે જે વાસ્તવિક ધરાતલ પર શક્ય છે, હાજર છે એ વાસ્તવિક શરીરનો બોધ આપીને સ્વમાં સ્થિત થઈ શકાય છે, પૂર્ણતા પામી શકાય છે. શરીરનું આ જ અધ્યાત્મ છે.

મનુષ્યના સર્વાંગી સ્વાસ્થ્ય સાથે એટલે કે સ્વમાં સ્થિત એવી સતત અવસ્થા તથા શારીરિક, માનસિક, બૌદ્ધિક, ચૈતસિક, આધ્યાત્મિક સર્વ રીતે આધિ, વ્યાધિ, ઉપાધિના રોગ, તથા મૃત્યુનાં ભ્રમ અને પીડામાંથી મુક્તિ મેળવીને, સ્વના અખંડ, અવિનાશી અને શાશ્વત સ્વરૂપને પામતાં તથા એની સ્વતંત્રતાનો પૂર્ણ આનંદ માણતાં, સુખ અને સૃજનની સાર્થકતા સાથે જીવનને પામે એ માટે અમૃતસ્ય પુત્રાઃ વયમ્ દ્વારા આ હિત સાધવાનો પ્રયાસ છે.

આપણે જીવનને સાકાર કરવાનું છે, જીવનને પામવાનું છે એને વહી નથી જવા દેવાનું. આ પ્રયાસ જીવન તરફ દૃષ્ટિકોણ બદલવાનો એટલે કે ઊર્ધ્વમુખી થવાનો સાથે સાથે આપણા મનુષ્યોમાં રહેલી સર્વ શક્તિઓને, દિવ્યતાને, શાશ્વતતાને જગાડવાનો છે. એ અમૃતને આપણે બોધપૂર્વક, જાગૃતિપૂર્વક પામવાનું છે.

જીવન ક્યાંય આગળ કે પાછળ નથી. જીવન આ પળમાં, આ ક્ષણમાં પૂર્ણ છે અને આ સાર્થકતા સ્વને પામવાથી થાય છે અને આ 'સ્વ' શરીરના બોધથી, દેહને સમજવાથી, એમાં રહેલી અપાર સંભાવનાઓને જાગૃત કરવાથી પમાય છે.

એવમ્ અસ્તુ.

❑❑❑

મને આજકાલ સપનાં નથી આવતાં

☐ બાબુ સુથાર

મને આજકાલ
સપનાં નથી આવતાં
ને એથી જ તો હું
મારા પાસાયતાના[1] શેઢે જઈ શકતો નથી
અને એથી જ તો હું
એ શેઢા પર મારાં દાદાદાદીએ મૂકી રાખેલાં
રોટલો ને શાક ખાઈ શકતો નથી.
હું પૂછતો હોઉં છું મારાં કુટુમ્બીઓનેઃ
કેમ? ક્યાં ચાલ્યાં ગયાં છે મારાં સપનાં?
એ કહે છેઃ આ પ્રશ્ન અમે પણ પૂછ્યા કરીએ છીએ એકબીજાને
હું મારા ભાઈબંધોને પૂછું છુંઃ
તમને સપનાં આવે છે ખરાં?
એ મને પ્રતિપ્રશ્ન કરતા હોય છેઃ
શું હોય છે એ?
હું મારા કુળજ્યોતિષને પૂછું છુંઃ
મને ફરી એક વાર ક્યારથી સપનાં આવશે?
એ કહેતો હોય છેઃ
ઓહ, એ તો મને પણ નથી આવતાં.
મને લાગે છે કે મારી આખી પેઢીને હવે સપનાં નથી આવતાં.
અમે કાં તો ઘસઘસાટ ઊંઘી જઈએ છીએ.
કાં તો ફાટી આંખે પડી રહીએ છીએ
મરેલા મગરની જેમ.
મને ખબર છે કે મારી પેઢીની એકેએક વ્યક્તિનું
એકએક પાસાયતું છે
અને એ પાસાયતાના શેઢે
એનાં દાદાદાદીએ
રોટલો ને શાક મૂકી રાખ્યાં છે.
પણ, એ લોકોય મારી જેમ
ભૂખ્યા જ સૂતા હોય છે.

---

[1] ખેતરનું નામ

લાઈફની ગાડી

☐ ચંદ્રકાન્ત શાહ

લાઈફની ગાડી ચક્કર ચક્કર ચક્કર ચક્કર ફરે સદંતર
સરકે ચાલે દોડે ઊપડે સડસડ સડસડ સડસડ કરતી સ્પીડ પકડતી
ઝૂઉંમ્ કરીને સાવ નજરની સામે નીકળી જાતી
આપણી પાસેથી થઈ જાતી પાસ
ભમ્ ધુમાડાભેર!

કોઈની ગાડી સધ્ધર સધ્ધર
ખૂબ ઘણાની અધ્ધર અધ્ધર
પાટાઓ પર સ્લીપર ક્લિપર
રસ્તાઓ પર પથ્થર પથ્થર
કોઈનાં પૈડાં પંક્ચર પંક્ચર
અચ્ચર પચ્ચર હચ્ચર મચ્ચર

મસ્ત મજાની મોટરગાડી
બે પૈડાંની ઠેલણગાડી,
કોઈની ગાડી પર અંબાડી
લાંબી લચ્ચક હેય લિમોઝિન હમ્મર!

એય જો હાલ્યો 18 wheeler લાંબો ટ્રકડો
ઠાંસોઠાંસ ભરેલો ત્રણ પૈડાંનો છકડો,
એક સવારી બગી ચાર ઘોડાની
કોઈનું ગાડું સાવ ગંડેરું માંડ સરાણે ચડતું
ઠબકારે કોઈ એક જ પૈડે અથ્થી પથ્થી ભફાંગ!

અમુક તમુકની મોટરબોટ
અને આહ! કન્વર્ટિબલ યોટ!
જમ્બો જણના જમ્બોજેટ
પૈડાં જેના ફરે ચકરડી માંડ ઘડી બે ઘડી
વેંઢારે કોઈ લાઈફ હો જાણે કિચૂડ કરતી ગરગડી

લાઈફની ગાડી ચક્કર ચક્કર ચક્કર ચક્કર ફરે સદંતર
સરકે ચાલે દોડે ઊપડે સડસડ સડસડ સડસડ કરતી સ્પીડ પકડતી
ઝૂઉંમ્ કરીને સાવ નજરની સામે નીકળી જાતી
આપણી પાસેથી થઈ જાતી પાસ
ભમ્ ધુમાડાભેર !

નોખા નોખા ગાડીવાનો
નોખી નોખી ગાડીઓની window seat પર બેસી
જોતાં એકસરીખાં સપનાં
-for the same box of chocolates

આંખોમાંથી ફરફર કરતાં મેદાને આવે સપનાંઓ
આવી આવી થાય અધીરાં ત્યાં તો એના થાય લિસોટા
તેજલિસોટે ઝબૂક કરતાં વીજળી માફક flash કરીને
અંતરિક્ષમાં સપનાંઓનો થઈ જાતો the end!
સપનાંઓનો end થતાંમાં...
ફરી જન્મતાં નવાં નવાં સપનાંઓ

અને ફરીથી-
Window seat પર બેઠેલાં સપનાંઓ સાથે
લાઈફની ગાડી ચક્કર ચક્કર ચક્કર ચક્કર ફરે સદંતર
સરકે ચાલે દોડે ઊપડે સડસડ સડસડ સડસડ કરતી સ્પીડ પકડતી
ઝૂઉંમ્ કરીને સાવ નજરની સામે નીકળી જાતી
આપણી પાસેથી થઈ જાતી પાસ
ભમ્ ધુમાડાભેર!

સૂમસામ પ્લેટફોર્મ પર બેઠાં જોતા રહેવું

આઘે આઘે જતી રહેલી ઝાંખીપાંખી
પોતપોતાની લાઈફની ગાડી
ઝીણી થાતી થાતીથાતી થાતીથાતી થઈ જાતી એક ટપકું

જોતા રહેવું
ટપકું ડૂબતા સૂરજ વચ્ચે જઈ
અજવાસ બની આથમતું

બેઠાંબેઠાં જોતા રહેવું
ઝબૂક કરતાં વીજળી
માફક flash કરીને
થઈ જાતો
એ ટપકાનો the end!

ટપકાંઓનો end થતાંમાં...

બે ગઝલ

☐ ડૉ. મનોજ જોશી 'મન'

ખુશીને આવકારું છું, દુ:ખોને પણ સ્વીકારું છું,
હવે ઉપદેશના ગ્રંથોનું કરવું શું! વિચારું છું.

ઘણા તો એ નજાકતથી મને માથે ચડાવે છે!
મને પણ એમ લાગે છે કે માણસ નહિ તગારું છું!

અહમ બ્રહ્મા, શિવોહમ એ બધી તો વારતાઓ છે!
હું તો બસ બાએ હાથેથી પૂરેલું કીડીયારું છું.

પ્રભુને એકબે વેળા કદી અજમાવ્યો'તો પ્હેલાં!
હવે તો હું મદદ માટે મને ખુદને પુકારું છું.

નથી રહેવાસી અહીંનો હું નથી વસવાટ કાયમનો!
ઉતારું કઈ રીતે સામાન? હું તો ફક્ત ઉતારુ છું.

☐

નકારીને ઘણા જીવે, ઘણા સ્વીકારી જીવે છે,
ઘણા ઇચ્છાને મારે છે! ઘણા વિસ્તારી જીવે છે!

સવારે દશથી સાંજે પાંચ જેવું! મોં બગાડીને;
જીવે છે જીવવા ખાતર! ઘણા સરકારી જીવે છે!

મીઠું-મરચું ચડાવીને સવારે સૌ નવા નીકળે!
ને સાંજે જાય પસ્તીમાં! ઘણા અખબારી જીવે છે!

સુગર કોટેડ શબ્દો કાટવાળા કંઠથી બોલે!
ખરેખર ખૂબ ઓછા છે કે જે ખોંખારી જીવે છે.

નથી હોતી બધાને જાણ કે પાંખો છે એની પાસ!
ઘણાં પંખી ઉઘાડું પીંજરું શણગારી જીવે છે!

બે ગઝલ

☐ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

લાગતા ધરતીનો છેડો હરકદમ હરસ્થળ હવે,
જાઉં છું જ્યાં જ્યાં મને લઈ જાય છે અંજળ હવે.

ના કશું દિલને જરાયે ખેંચતું પાછળ હવે,
ના કશું બોલાવતું-દોડાવતું આગળ હવે.

કોઈ સપનાં કોઈ સ્મરણો ના કશી અટકળ હવે,
હું મને માણી રહ્યો છું હોઉં ત્યાં હરપળ હવે.

મન અને આ દેહના બન્ને કિનારે છે બધું,
ક્યાંય પણ અટક્યા વિના વ્હેતો રહું ખળખળ હવે.

એક એની યાદ જૂની નિત્ય તાજો રાખતી,
હો ગમે તે હાલ જીવનના રહું નિર્મળ હવે.

જે લખ્યું છે એ જ થાશે, જે થશે સારું થશે,
આટલું જાણ્યા પછી બનતું બધું મંગળ હવે.

ફરી-ફરી...

ફરી ફરી અંધારાં ઝળહળ ફરી ફરી,
ચઢઊતરનાં ચક્કર હરપળ ફરી ફરી.

સતત ઊડતા રજકણ, થર પર થર જામે,
ને મનથી થાવાનું નિર્મળ ફરી ફરી.

બધુંય એનું એ જ ફરી લાગે સુંદર,
ઠોકર પર ઠોકર, વળતી કળ ફરી ફરી.

કશું હાથમાં નથી કશું સમજાય નહીં,
અહીં આવ-જા ચાલે કેવળ ફરી ફરી.

કદી અતિવૃષ્ટિ, દુષ્કાળ પડે પાછો,
ચોમાસે આકાશે વાદળ ફરી ફરી.

રોજ ખીલે ફૂલો જેવાં મિસ્કીન સ્મરણો,
અને હુંય થઈ જાતો ઝાકળ ફરી ફરી.

ગાંધીજી વિષે એમનાં સેંકડો ચિત્રો અને ફોટા સાથે જોડેલા આઈરિશ કવિ GABRIEL ROSENSTOCKનાં હાઈકુના કેટલાક ગુજરાતી અનુવાદ

☐ ગેબ્રિઅલ રોઝેન્સ્ટૉક

☐ અનુ.: દિલીપ ઝવેરી

૧.

your shadow rests
but you walk on
determined

તારો પડછાયો ઢળ્યો છે
પણ તું ચાલ્યે જાય છે
અટળ

૨.

birds of peace
catch fire
skies redden and darken

શાંતિનાં પંખી
આગમાં બળે
રાતાં આકાશો ઘેરાય

૩.

beginning of a fast...
the chirping of birds
grows louder

ઉપવાસનો આરંભ
પંખીબોલ
સઘોષ...

૪.

stray birds come
and listen to his thoughts...
his silence


છૂટાંછવાયાં પંખી
આવીને સાંભળે એના વિચાર...
એનું મૌન



૫.

cries and jubilation
who is there to remember?...
Partition

આર્તનાદ અને ઉજવણી
કોણ યાદ રાખવાનું છે?
....ભાગલા



૬.


colder than all the prisons
he's been thrown into...
Downing Street railings

સઘળી જેલથીય અધિક ઠૂઠવતી
આ ડાઉનિંગ સ્ટ્રીટની પટરીઓ ઉપર
એને ફેંક્યો



૭.
our dark fathers
and their fathers...
who are we now

અમારા પૂર્વજો શામળા
અને એમના વડવા....
હવે અમે કોણ છીએ



૮.
Quit India!
which side are you on...
monsoon

ભારતને છોડી જા
તું કોની બાજુમાં છે...
વરસાદ?

૯.
birds of the air
each in its own voice sings it...
freedom

ઊડતાં પંખી
સૌ પોતાને કંઠે ગાય છે...
સ્વતંત્રતા



૧૦.
Namaste!

નમસ્તે

૧૧.
they still ring out
those three shots, Bapuji...
they still ring out

હજીય સંભળાય છે
પેલા ત્રણ ધડાકા બાપુજી
હજીય સંભળાય છે

૧૨.
our hearts
can no longer hear it...
spinning wheel

અમારાં હૈયાં
હવે નથી સાંભળી શકતાં
રેંટિયાનો રવ



હવે...

☐ આશ્લેષ ત્રિવેદી

(શિખરિણી-સોનેટ)

ધીરે ખોલી તાળું મુજ ઘર તણું અંદર સરું
મને આલિંગે ત્યાં રજ તુજ સમી રેશમ બની.
રડે ખૂણેખૂણો, ફરફર બધા કાગળ ઊડી
મને ઘેરે જાણે, કરુણ કથની ત્યાંય સુણતો.
ખીલેલાં સ્વપ્નોની કબર સરખી ભોંય પર જ્યાં
જરા મૂંગો ચાલું વ્યથિત હૃદયે, છિદ્ર છતનું
ચૂએ ત્યાં આષાઢી-જલ હૃદય આગે બળી જતું.

કઢંગી તે કેવી મુજ સદનની હાલત થઈ!
પણે મેલાં વસ્ત્રો ખૂબ લટકતાં હેંગર પરે,
ઝૂરે ડબ્બા ખાલી, અરવ ઝૂરતાં વાસણ, દીસે
વીંખાયેલો માળો કબૂતર તણો ભીંત-ઘડીપે.
સુકાયેલો પેલો મધુકુસુમનો હાર લઈને,
અહીં ભીંતે તારી છવિ લટકતી એમ જ અને
હવે એની ઓથે નિજ ઘર રચે કોઈ ચકલું!

જગા દે

☐ મહેન્દ્ર જોશી


પડવું નથી વિગતમાં થોડીક તો જગા દે.
ભરચક ભર્યા જગતમાં થોડીક તો જગા દે.

આ શાહી, આ અક્ષર, હમણાં ઊડી જવાનાં,
પણ વારસાઈ ખતમાં થોડીક તો જગા દે

ઊંચે જઈને નભમાં ઝળહળ નથી જ થાવું,
ઘરની સફેદ છતમાં થોડીક તો જગા દે.

સાક્ષી બની ને જગમાં હું ક્યાં સુધી ઊભો રહું?
તેં આદરી રમતમાં થોડીક તો જગા દે.

'સત છો' કહી મને તું નેવે મૂકી ન દેજે
કૈં જણવા અસતમાં થોડીક તો જગા દે



વિચિત્ર મહાત્મા

☐ ગુણવંત શાહ

આપણા દેશમાં મહાત્મા ગાંધી સાથે કોઈ પણ વિચારભેદ પ્રગટ કરવાનું સહેલું નથી. ભારતના લોકો એમનો એવો મહાત્મા તરીકે આદર કરે છે કે એમની વિચારધારાની તટસ્થ આલોચના લગભગ અશક્ય બની જાય છે. મહાત્મા પોતે આવી આલોચના થાય તેને આવકારે એટલા મહાન હતા. એમના કોઈ આગ્રહ સાથે કે વિચાર સાથે અસંમત થવું એ લગભગ અવિવેકમાં ખપે એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. કોઈ મહામાનવના કોઈ

વિચાર સાથે અસંમત થનાર મનુષ્ય પણ એમના મહાત્માપણાનો સ્વીકાર કરતો હોય છે. ગાંધીજી સત્યના ઉપાસક હતા અને અહિંસાના આરાધક હતા તોય મનુષ્ય હતા. કોઈ પણ મનુષ્યમાં પૂર્ણતાનું આરોપણ કરવાનું લોકોને ગમતું હોય છે. આવી નિરપવાદ વ્યક્તિપૂજા ખુલ્લા મનની ગવેષણા માટે ઉપકારક ન ગણાય. આ લેખમાં એક સાહસ પ્રગટ થતું જણાય, તો એટલું જ કહેવાનું કે લખનારનો મહાત્મા પ્રત્યેનો આદર જરાય ઓછો નથી. સત્ય અને અહિંસા માટેની આવી ચીકણી ચીવટ અન્ય કોઈ મહાત્માએ બતાવી જાણી નથી. વિચિત્ર મહાત્મા એટલે 'વિશિષ્ટ મહાત્મા.' આટલી ભૂમિકા પછી મારો 'અવિવેક' કદાચ ક્ષમ્ય જણાશે.

માનવ ઇતિહાસમાં પૃથ્વી પર ઘણા સાધુસંતો, ઋષિઓ અને પ્રાતઃસ્મરણીય ભક્તો થયા ખરા, પરંતુ મહાત્મા ગાંધી જેવો 'વિચિત્ર' મહામાનવ બીજો થયો હશે ખરો? ગાંધીજી વિશે વિચારતી વખતે ઘણા ખરા લોકો એમના મનુષ્યત્વને ભૂલી જાય છે અને કેવળ મહાત્માનો જ મહિમા કરે છે. માનવ ગાંધી વિસારે પડે છે અને મહાત્મા ગાંધીનો મહિમા થતો રહે છે. મહાત્માને અન્યાય કરવાનો સૌથી સચોટ માર્ગ એ જ કે એમના મનુષ્યત્વને અવગણવું. પરિણામે ગાંધીજીની ભૂલ પણ સિદ્ધાંતપાલનમાં ખપે એવી પરંપરા શરૂ થઈ ગઈ.

ચાર ચાર સુપુત્રો પામ્યા પછી મહાત્માએ બ્રહ્મચર્યપાલનનું વ્રત લીધું અને એ વ્રતને જીવનનાં અગિયાર વ્રતોમાં સ્થાન મળ્યું. વિદ્યાર્થીકાળથી જ અમે વગર સમજ્યે એ અગિયાર વ્રતોની કવિતા ગાતા થયા અને મોટા થઈ ગયા. કેટલાય ગાંધીભક્તોની માફક અમારા બ્રહ્મચર્યના ભુક્કા થઈ ગયા. પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરે પુસ્તક લખ્યું છેઃ 'વેદો મેં બ્રહ્મચર્ય.' (સ્વાધ્યાય મંડળ, પારડી) એ પુસ્તકમાં વેદમૂલક બ્રહ્મચર્યના બે મુખ્ય આધારસ્તંભ ગણાવાયા છેઃ બ્રહ્મચારી ઊર્ધ્વરેતસ હોય અને ઋતુગામી હોય. વેદની દૃષ્ટિએ શ્વાન બ્રહ્મચારી છે, કારણ કે એ ઋતુગામી છે. વૃક્ષ બ્રહ્મચારી છે, કારણ કે એ ઊર્ધ્વરેતસ્ છે. આમ વૈદિક દર્શનમાં ક્યાંય લંગોટમૂલક બ્રહ્મચર્યની વાત થઈ નથી.

છાન્દોગ્ય ઉપનિષદમાં ૐનો મહિમા મૈથુનના સંદર્ભે થયો છેઃ

તદેતન્મિથુનમોમિત્યેતસ્મિન્નક્ષરે સંસૃજ્યતે
યદા વૈ મિથુના સમાગચ્છત ।
આપયતો વૈ તાવન્યોન્યસ્ય કાયમ્ ॥

(છાન્દોગ્ય ઉપનિષદ, 1-7).

આ મંત્રનો અર્થ આજીવન બ્રહ્મચારી એવા આદિ શંકરાચાર્યે સમજાવ્યો છે. છાન્દોગ્ય ઉપનિષદ પરના એમના ભાષ્યમાં આજીવન બ્રહ્મચારી એવા મૈથુન માટે શંકરાચાર્યે 'ગ્રામ્યધર્મ' શબ્દ

પ્રયોજ્યો છે. મંત્રમાં ઋષિ કહે છેઃ

'તે આ મૈથુન ૐ એવા અક્ષરમાં સંસૃષ્ટ થાય છે. જે સમયે યુગલમાં અંગભૂત સ્ત્રી અને પુરુષ પરસ્પર મળે છે, તે સમયે તેઓ એકબીજાની કામનાઓને તૃપ્ત કરનારાં હોય છે.'

મિથુન એટલે યુગલ. मिथुनस्य भावः मैथुनम्. યુગલવૃત્તિ એટલે જ મૈથુન. શંકરાચાર્ય આ મંત્રને સમજાવતાં પોતાના ઉપનિષદભાષ્યમાં કહે છેઃ 'કામનાઓની પ્રાપ્તિ કરાવી દેવી એ મૈથુનનો પ્રસિદ્ધ ધર્મ છે. જે પ્રમાણે લોકજગતમાં યુગલનાં અંગભૂત સ્ત્રી અને પુરુષ પરસ્પર મળે છે, ગ્રામ્યધર્મ (રતિ) માટે આપસમાં સંસર્ગ કરે છે, તે સમયે એકબીજાની કામના પૂર્ણ કરી દે છે. (યથા લોકે મિથુનૌ મિથુનાવયવો સ્ત્રીપુંસો યદા સમાગચ્છતો ગ્રામ્યધર્મતયા સંયુજ્યેયાતાં તદાપયતઃ પ્રાપયતો'ન્યોન્યસ્યેતરેતરસ્ય તો કામમ્).

ટૂંકમાં વાત એટલી કે ૐ સંજ્ઞા મિથુનસૂચક છે. ૐ અનુમતિ દર્શાવનારો ઉદ્‌ગાર છે. ૐ એટલે પરમ રસ (રસતમઃ) શંકરાચાર્ય કહે છેઃ ' ૐકાર વાણીમય (વાંઙ્મય) છે અને પ્રાણથી નિષ્પન્ન થનારો છે.' ઉપનિષદમાં આ જ અધ્યાયના 10મા મંત્રમાં ઋષિ જે કહે તેને શંકરાચાર્ય પોતાની રીતે રજૂ કરીને કહે છેઃ 'ૐ પરમ રસ, પરમ પ્રાપ્તિ અને સમૃદ્ધિની ઉપાસના માટેનો અક્ષર છે.' ૐ આપણા સૌને માટે ઉપાસ્ય છે. વેદ, વેદાંત અને ભગવદ્‌ગીતાનો સાર ૐ છે. ૐ પૂર્ણ બ્રહ્મનું પ્રતીક છે અને અખિલાઈની આરાધનાનું ધ્યેયતીર્થ છે. ત્રણ અંગ્રેજી શબ્દો વચ્ચે સગપણ છેઃ 'healthy, holy અને whole.' 'health' શબ્દનું મૂળ ગ્રીક ભાષામાં છેઃ 'holos.' એનો અર્થ થાય છે અખિલ યાને 'whole.' જે વ્યક્તિનો 'સ્વ' ટુકડાઓમાં વહેંચાઈ નથી ગયો, તે તંદુરસ્ત, પવિત્ર અને અખિલ છે. જીવનમાં ખાનાં નથી પાડવાનાં. જીવનનો આખો ને આખો સ્વીકાર કરવો રહ્યો. જીવનનું અખિલ દર્શન કરે તે ઋષિ. ઈસુ ખ્રિસ્ત જ્યારે કોઈ દર્દીને સારો કરવા જતા ત્યારે કહેતાઃ 'હું તને આખો બનાવી દઈશ.'

અઢારમી સદીનો અંગ્રેજ કવિ વિલિયમ બ્લેક ચિત્રકાર અને દ્રષ્ટા (seer) પણ હતો. એમણે, 'Marriage of Heaven and Hell' પુસ્તકમાં લખ્યું તે પંક્તિએ માણવા જેવી છેઃ

જો નીરખવા માટેનાં બારણાં
સ્વચ્છ કરવામાં આવે,
તો માણસને બધું જેવું છે તેવું
અનંત દેખાશે.
માણસે પોતાની જાતને
ગોંધી દીધી છે
તેથી એ ગુફામાં બેસીને
સાંકડા બાકોરામાંથી
બધું જુએ છે!

ગાંધીજીએ બ્રહ્મચર્ય પર ભાર મૂક્યો

તેમાં પ્રેમચર્ય અને આનંદચર્યને ગોબો પડ્યો ખરો? વિનોબાના વિધાનમાં કદાચ જવાબ જડે તો જડે. વિનોબા કહે છે:

ઝાડપાન, પશુપક્ષી, મનુષ્ય,
સહુમાં કામપ્રેરણા પડેલી છે.
એના મૂળમાં છે,
નવસર્જનની પ્રેરણા.
તેવી રીતે કવિની પ્રેરણા વગેરે પણ
જુદી જુદી જાતની સર્જનપ્રેરણાઓ
જ છે,
ઉચ્ચ સર્જન તરફ ધ્યાન જશે, તો
સર્જનશક્તિનું દિવ્ય રૂપાંતર થતું જશે.

આત્મસેતુ રચાય તેમાં સમર્પણથી શોભતી પરમ એકતાનું મહત્ત્વ છે. એવી એકતા માણસને છાજે તેવા મૈથુનની ભીની કવિતા છે. ખલીલ જિબ્રાન કહે છે: 'મહાન સૌંદર્ય મને મુગ્ધ કરે છે, પરંતુ મહત્તર સૌંદર્ય તો મને એનાથી પણ મુક્ત કરે છે.' મૈથુન એક આધ્યાત્મિક ઘટના છે, કારણ કે એમાં આત્મમિલનની ઊર્ધ્વમૂલ શક્યતા પડેલી છે. જુલીસ મિયેલટ કહે છે:

જ્યારે પ્રેમ કરે છે ત્યારે
કોઈ પણ સ્ત્રી પુરુષને
અનંતતાનો આછો પરિચય કરાવે છે

પંડિત સુખલાલજી જેવા પ્રજ્ઞાવાન ચિંતકના શબ્દોમાં ગાંધીયુગમાં વ્યાપેલી ગેરસમજનું પ્રામાણિક વિવરણ થયું છે. તેઓ કહે છે: 'ખરી તકલીફ એ છે કે અપરિણીત જીવન એટલે બ્રહ્મચર્ય, તેવો સંકુચિત ખ્યાલ વ્યાપકપણે દૃઢ થઈ ગયો છે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ તરફની ચર્યા, ચૈતન્ય કે બ્રહ્મ તરફનું ગમન એ તેનો મૂળ અર્થ છે. સ્ત્રી-પુરુષ સંબંધમાં જ બ્રહ્મચર્ય સમાપ્ત થઈ જતું નથી. બ્રહ્મસ્પર્શ મેળવનારા વેદ-ઉપનિષદના ઋષિઓ અપરિણીત હતા એવું નથી, મૂળે જ તે આવશ્યક નથી. જે આવશ્યક છે, તે છે સંયમિત જીવન અને બધાં ઇન્દ્રિયસુખો પર વિવેકપૂર્ણ સંયમ. જ્ઞાનયોગ હોય, કર્મયોગ હોય કે ભક્તિયોગ હોય. કોઈ યોગની શરત અપરિણીત જીવન નથી. અનિવાર્ય શરત સંયમ છે. પરિણીત હોય માટે જ ઊતરતું અને અપરિણીત હોય માટે જ ચડિયાતું, તે બધા ખોટા ખ્યાલો છે. જીવનમાં વિવેક અને સંયમ કેટલા તે જ મહત્ત્વનું છે. સામાન્ય રીતે સમાજના મોટા ભાગ માટે લગ્નજીવન તે જ સાચું સ્વસ્થ જીવન છે, તેમ હું માનું છું.' ['સ્વરાજધર્મ,' (પાક્ષિક) રાજકોટ તા. 1-4-2012].

ગાંધીજીની વિચારધારામાં થોડોક સુખદ્વેષ અને સગવડદ્વેષ પ્રવેશી ગયો હોય તેવી છાપ પડે છે. ઈશોપનિષદનો મંત્ર કહે છે: 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' (ત્યાગીને ભોગવી જાણો). ધર્મના નામે અને અધ્યાત્મના નામે 'ભોગ'ને વારંવાર અપ્રતિષ્ઠિત કરવામાં આવે છે. મરાઠી વિદ્વાન ભાઉ ધર્માધિકારીએ મારા પુસ્તકનો અનુવાદ કર્યો છે.

એમણે મને 'ભુંજીથાઃ' શબ્દનો મૌલિક અર્થ એક પત્ર લખીને સમજાવ્યો હતો. એમના મત મુજબ 'ભુંજીથાઃ' એટલે 'to live through.' ગાંધીજી ઈશોપનિષદના મોટા પ્રશંસક હતા. અંગ્રેજી 'Harijan'માં ક્વિલોન ખાતે આપેલા પ્રવચનમાં તેમણે કહ્યું હતુંઃ

'...and I have now come to the conclusion that if all the upanishads and all other scriptures happend all of a sudden to be reduced to ashes and if only the first verse of the Ishopanishad were left intact in the memory of Hindus, Hinduism would live for ever.'

Mahatma Gandhi,
Speech at Quilon, 'Harijan,'
30-1-1937 (Page 405)

પશ્ચિમની ભોગપ્રધાન સંસ્કૃતિની કડવી આલોચના 'હિંદ સ્વરાજ' જેવા પુસ્તકમાં ગાંધીજીએ કરી છે. આમ ભોગની બદનક્ષી ઘણાખરા સાધુસંતોની ભાવતી વાનગી છે. ભોગવવું એટલે 'to live through' જેવું ભાઉ ધર્માધિકારીજીનું મૌલિક અર્થઘટન સ્વીકારવામાં આવે તો આ મહાદોષમાંથી બચી શકાય.

કામવાસના સંતોષવી એ પ્રક્રિયાને અપ્રતિષ્ઠિત કરવામાં વિચિત્ર મહાત્માનો ફાળો પણ ઓછો નથી. લગભગ ગુનાની કક્ષાએ કામતૃપ્તિને નીચે પાડવામાં આવી છે. નદી પર બનેલા પુલ પરથી પસાર થવાની છૂટ છે, પરંતુ ત્યાં પાપડ સૂકવવા માટે ન મુકાય. To live through એટલે પ્રેમ અને આનંદપૂર્વક જીવન પસાર થઈ જવું. બ્રહ્મચર્યનો સંબંધ બ્રહ્માનંદ સાથે હોઈ શકે, પરંતુ જે પ્રાકૃતિક હોય અને સાર્વત્રિક હોય એને પરાણે દબાવી રાખવા સાથે ન હોઈ શકે.

- તમે શિયાળામાં જ્યારે ગોદડું ઓઢીને પથારીમાં સૂઈ જાવ છો ત્યારે એ ગોદડાને 'ભોગવો' છો.

- તમે જ્યારે કડકડતી ઠંડીમાં ગરમગરમ કોફી પીઓ છો ત્યારે કપમાં રહેલી કોફીને 'ભોગવો' છો.

- તમે જ્યારે બળબળતી બપોરે ઠંડા શરબતનો સ્વાદ માણો છો ત્યારે ગ્લાસમાં રહેલા શરબતને 'ભોગવો' છો.

- તમે કોઈ રેસ્ટોરાંમાં ભોજન કરતી વખતે મજાનું સંગીત સાંભળો છો, ત્યારે તમે એ સંગીતને 'ભોગવો' છો.

ભોગ એવી કોઈ ઘૃણાસ્પદ, નિંદાસ્પદ કે ટાળવા જેવી ચીજ નથી. ગાંધીજી મને સુખવિરોધી મહાત્મા જણાયા છે. જોહાનિસબર્ગની લાઈબ્રેરીમાં મુખ્ય ક્યુરેટર તરીકે કામ કરનારા ગોરા અધિકારી શ્રી કમિંગે પોતાનો સમય ફાળવીને મને એ નગરમાં ગાંધીજીનાં બે ઘર બતાવ્યાં પછી ગાંધીજી જ્યાં કેદી તરીકે રહ્યા તે જેલ પણ બતાવી હતી. તેઓ સુરત

પાસેના કામરેજની સ્ત્રીને પરણ્યા છે. એમની પત્ની સાથે પણ મેં ગુજરાતીમાં વાત કરી હતી. છૂટા પડતી વખતે કમિંગભાઈએ મને એક વાત કહી: 'જાણો છો ગાંધીજીને જેલ કેમ પસંદ હતી? એમને જેલમાં પડતી અગવડ ગમતી હતી. તેઓ અગવડને કારણે પ્રાપ્ત થતી પીડાને આવકારતા હતા.'

છાંદોગ્ય ઉપનિષદના આરંભે નારદ સનત્કુમારને કહે છે: 'મને સુખ વિશે કંઈક કહો.' જવાબમાં સનત્કુમાર સુખમીમાંસા કરે છે અને કહે છે: 'પ્રત્યેક મનુષ્ય સુખની ઝંખના રાખે છે. એવી ઝંખના ન રાખે તો એ કશુંય કરતો નથી. માટે હે નારદ! મનુષ્યે સુખની ઝંખના રાખવી જોઈએ.' ઉપનિષદોમાં ક્યાંય સુખની નિંદા નથી. સુખ પામવું એ પ્રત્યેક મનુષ્યનો જન્મસિદ્ધ અને જીવનસિદ્ધ અધિકાર છે. સુખની ચરમસીમાની ક્ષણિક અનુભૂતિ કરાવનારી ગ્રામ્યધર્મની નીપજ ભલે હોય, એ ક્ષણ નિંદાસ્પદ નથી, કારણ કે એ ઉપનિષદવિરોધી કે ઋષિવિરોધી નથી. જીવનમાં શુષ્કતા કે રસવિહીનતાનું ચડી વાગે ત્યારે વિકૃતિથી છલોછલ એવી પ્રતિક્રિયાઓના ખાનગી ઉકરડા આશ્રમોમાં સર્જાય એવું બનતું જોયું-જાણ્યું છે.

ગાંધીજીની જીવનચર્યાના અધિકૃત અભ્યાસી એવા શ્રી રામચંદ્ર ગુહાએ દક્ષિણ આફ્રિકામાં ડરબન પાસે મહાત્માએ સ્થાપેલા ફિનિક્સ આશ્રમમાં બનેલી એક દુર્ઘટનાનો ઉલ્લેખ પોતાના ગ્રંથ, 'Gandhi Before India'માં કર્યો છે.

ગાંધીજીના જીવનમાં બધી રીતે મદદરૂપ થવા માટે આતુર એવા પ્રાણજીવન મહેતાની સ્માર્ટ દીકરી જયકુંવરને આશ્રમના લોકો જેકી કહીને બોલાવતા. જેકી મણિલાલ ડોક્ટરને પરણી હતી. ડો. મણિલાલ મોરિશિયસ ગયા ત્યારે જેકી ગાંધીજીના દીકરા મણિલાલના પ્રેમમાં પડી. કસ્તૂરબાએ કેવળ જેકીનો જ દોષ જોયો અને ગાંધીજી પર જેકીનો બચાવ કરવાનો આક્ષેપ મૂક્યો. પતિ-પત્ની વચ્ચે જામી પડી. પછી એ જ જેકી ફિનિક્સ આશ્રમમાં રહેતા (બંને મણિલાલ સિવાયના) કોઈ ત્રીજા માણસ સાથે અડપલાં કરતી પકડાઈ ગઈ. જેકીની એ ભૂલ બદલ ગાંધીજીએ બે સપ્તાહ માટે ઉપવાસ કરવાનો નિર્ણય કર્યો. વર્ષ 1912માં ગાંધીપુત્ર મણિલાલે મહાત્માને પત્ર લખ્યો અને પિતાશ્રીની ક્ષમાયાચના કરી. ગાંધીજીએ તાર કર્યો અને જણાવ્યું: 'I forgive you. Ask God to forgive you.' પાછળથી જેકીએ પોતે નક્કી કર્યું કે (પ્રાયશ્ચિત્ત રૂપે) તે પોતાના સુંદર વાળ કપાવી નાખશે, સફેદ વસ્ત્રો જ પહેરશે અને આહારમાં મીઠું નહીં લેશે. પ્રાયશ્ચિત્ત

માટે લેવાયેલી આ ત્રણ બાબતો મારે ગળે ઊતરતી નથી. હા, આવી સજામાં ગાંધીજીનો હાથ હોય એવું ક્યાંય નોંધાયું નથી. (ઉપરોક્ત ગ્રંથનાં પાનાં 459, 460 અને 515 પરથી સંકલિત).

મારી દૃષ્ટિએ બ્રહ્મચર્યનું વ્રત અવૈદિક, અવૈજ્ઞાનિક અને આત્યંતિક જણાય છે. એમાં ક્યાંય સહજનો સ્વીકાર નથી. ગાંધીજી મહાત્મા હતા, તોય આખરે મનુષ્ય હતા. ગાંધીજી પોતે રવીન્દ્રનાથ ટાગોરના પરિવાર સાથે સંકળાયેલી તેજસ્વિની અને ઓજસ્વિની સરલાદેવી પ્રત્યે ખેંચાયા હતા. વાત 'આધ્યાત્મિક લગ્ન' સુધી પહોંચી હતી. એ પ્રેમકથાની ઝીણી વિગતો ગાંધીજીના પૌત્ર અને ઇતિહાસકાર શ્રી રાજમોહન ગાંધીએ પોતાના પુસ્તક 'The Good Boatman'માં નોંધી છે. એ પુસ્તકનો સાર 'Outlook' સામયિકમાં (1, જાન્યુઆરી, 2007ના અંકમાં પ્રગટ થયો હતો).

ગાંધીજીના આગ્રહને કારણે શ્રીમતી સુચેતા કૃપાલાની આચાર્ય કૃપાલાનીને ન પરણે એવો નિર્ણય થયો હતો, પરંતુ ગાંધીજીએ જ્યારે સુચેતાને અન્ય કોઈ પુરુષ સાથે લગ્ન કરવાની છૂટ આપી ત્યારે સુચેતાજી ન ગાંઠ્યાં. છેવટે બંને જણાં પરણી ગયાં અને મિત્રો તરીકે જીવ્યાં. ગાંધીવાદી વકીલ બ્રજકિશોર પ્રસાદની પુત્રી પ્રભાવતી, જયપ્રકાશ નારાયણના પરિચયમાં આવી. (વર્ષ 1920માં). યુવાન જયપ્રકાશ અમેરિકામાં અભ્યાસ માટે ગયા. ગાંધીજીના પ્રભાવમાં તણાઈ જઈને અન્ય શિષ્યોની માફક બ્રહ્મચર્યનું વ્રત લીધું. જ્યારે 1929માં જયપ્રકાશ ભારત પાછા ફર્યા ત્યારે એમણે પ્રભાવતીજીના નિર્ણયનો આદર કર્યો અને તે જીવનભર જાળવ્યો.

જવાહરલાલ નેહરુ સ્વભાવે રેશનલિસ્ટ હતા. તેઓ ગાંધીજીના બ્રહ્મચર્ય માટેના આગ્રહને અપ્રાકૃતિક અને વિસામાન્ય (abnormal) માનતા. એમણે લખ્યું હતું:

For my part I think Gandhi's experiments with Celibacy 'abnormal and unnatural. For my part I think Gandhiji is absolutely wrong in this matter.'

He (Nehru) wrote in his autobiography: 'His advise may fit in some cases, but as a general policy it can only lead to frustration, inhibition, neurosis and all manner of physical and nervous ills... I do not know why he is obsessed by this problem of sex.'

('The Week', June 30, 2019, P. 80)

પંડિતજીની વાત મને સાવ સાચી લાગે છે. મહાત્મા મહામાનવ હતા, પરંતુ અંતતોગત્વા તેઓ 'માનવ' જ હતા.

❑❑❑



ટાવર ઓફ સાઈલન્સ

☐ જયંત રાઠોડ

ડોસો વરસોથી પોતાના ઓરડાની બહાર નીકળ્યો નહોતો તેથી ઊંચા ટાવર જેવી અજાણી જગામાં આમ પોતાને સૂઈ રહેલો જાણી એને અજંપ થયો. વાતાવરણમાં વરસાદ વરસી ગયા પછીનો ઉઘાડ હતો. એનું મન ખેંચાયું, ઉઘાડ પછી જોવો ગમે એવો તડકો ખૂલ્યો હતો. ફૂલ-છોડ ઉપર અટવાઈ ગયેલાં ટીપાંને પ્રવાહિત કરી, ભીની સોડમ પ્રસરાવતા પવનથી એને કેફ

ચડવા લાગ્યો. સ્વચ્છ ભૂરું આકાશ જોઈ એનું મન ચિંતા કરતું અટક્યું. વરસીને સાફ થઈ ગયેલા આકાશની ઊંડાઈ અને પ્રસ્તાર જોઈ એ ખુશ થઈ ગયો.

આવું છેલ્લે ક્યારે ઘટ્યું હતું એવો પ્રશ્ન થયો પણ પાછલા અનુભવમાં એનાથી જઈ શકાયું નહીં. ખુશ થવાની સાથે કશુંક તળિયેથી પરપોટાની જેમ ઉપર આવતું જાણ્યું. અરે! આ તો વિસ્મય. ખુશ થવા સાથે વિસ્મય પણ ભળી રહેલું જણાતાં ડોસાને બીજો પ્રશ્ન થયો - હું ખુશ થયો એનું મને જ આશ્ચર્ય થાય એ કેવું? એક જ કેન્દ્રમાંથી ઊઠેલા બે ભાવોની વિસંગતિ જોઈ એ અવઢવમાં પડી ગયો. આવી સ્થિતિમાં પહેલાં ક્યારે મુકાયો હતો એ જાણવા એણે સ્મૃતિને કસી જોઈ પણ એ ફાવ્યો નહીં. ડોસો જાણે આખેઆખો વર્તમાનમાં રોપાઈ ગયો હતો.

એટલામાં પાંખો સ્થિર રાખી ચકરાવો લેતા કાળા આકારો આકાશમાં ચડી આવ્યા. સાફ આકાશને ક્ષુબ્ધ કરતા આકારો જોઈ સ્મૃતિનો એક છેડો બાળપણમાં ખૂલ્યો. હાથમાં પતંગ પકડી, પડી ગયેલી હવા ફરીથી પ્રવૃત્ત થવાની રાહમાં અગાસીમાં ઊભેલો - આકાશના ઊંડાણમાં ખોવાતા જતા, ભૂંસાઈને ફરી દેખાયાનો આભાસ કરાવતા - કાળાં ટપકાં જેવા દેખાઈ અંતે ભૂંસાઈ જતા ઊડતા આકારો જોઈ રહેલો, એણે પોતાને જોયો.

ડોસાને એવા જ ઊડતા આકારો જાણે ઊંચાઈ છોડીને નીચે ઊતરી રહ્યા હોય એવું લાગ્યું. એથી આંખ સામેનું દૃશ્ય સાફ થયું -ચકરાવો લઈને ઊતરી રહેલા ભારે શરીરનાં હવામાં ફરફરતાં પીંછાં, ઝપટ મારવા આગળ લંબાઈ રહેલા પંજા, તીક્ષ્ણ નહોર, ધારદાર ચાંચ, ક્રુદ્ધ આંખો. પાંખો સંકેલીને પોતાની આસપાસ જમા થઈ રહેલાં ગીધને ડોસો જોઈ રહ્યો. એ સાથે ખુશી અને વિસ્મયના ભાવ થીજી ગયા. એને ભય લાગવા માંડ્યો.

જોતજોતામાં ગીધ એના શરીર ઉપર ફરી વળ્યાં. ફેલાયેલી પાંખોની કાળી ચાદર નીચે એનો દેહ ઢંકાઈ ગયો. દેવદારના લાકડામાં ખૂંપી જતા ખીલા માફક પંજા અને ચાંચો શરીરમાં ભોંકાતાં હોય એવું લાગ્યું. આંતરિક અવયવો છિન્ન-ભિન્ન થઈ શરીર બહાર ખેંચાઈ જતા એ જોઈ રહ્યો. એકાએક એનું ધ્યાન ગયું, શરીર ચૂંથાઈ રહ્યાનું કોઈ દર્દ થતું નહોતું. એ કારણે ઘડી પહેલાં જાગેલો એનો ભય દૂર થયો. કોઈ સંવેદન વિના અનુભવાતી ક્રિયાઓથી ફરી જાગેલા વિસ્મયને માણતો એ પડ્યો રહ્યો. શરીરમાં હવે અસ્થિઓ જ બાકી રહ્યાં હોય, અને તૂટી જઈ ખરી રહ્યાં હોય એવો આભાસ થવા લાગ્યો. જોરથી મીંચાઈ ગયેલી આંખો અંદર કીકીઓ સ્થિર

થઈ. આ ક્ષણે કંઈક અનોખું ઘટી રહ્યું હતું, પોતાનું મૃત્યુ કોઈ બીજા માણસ જેમ એ જોઈ રહ્યો. બીજી ક્ષણે એ કોઈ ગર્ભદ્વારમાં પેસી ગયો હોય એવું લાગ્યું. ભાર વરસાવીને હળવા થયેલ વાદળ જેમ એ વિહરવા લાગ્યો. આ દશા ઝાઝું ટકે એ પહેલાં એને સંશય જાગ્યો. જન્મની ક્ષણ સ્મૃતિમાં ન રહેતી હોય તો મરણ પછી તો...? ચિત્તમાં જાગેલો સંશય એને ઘસડી ગયો. દૂર.. ખૂબ દૂર...!

ડોસાની આંખ ખૂલી ગઈ. દિવસનું અજવાળું ધસી આવતાં મીંચાઈ જતી આંખો ધીરે ધીરે પ્રકાશથી ટેવાઈ જવા લાગી. ઝોલ ખાઈ ગયેલા ખાટલામાં એણે પોતાના જર્જરિત દેહને પડેલો જોયો. માથું ખાટલાની એક તરફ ઢળેલું હતું. સામેની બારીમાં બેસી જઈ, આમતેમ ડોક ફેરવી ઓરડાનો તાગ મેળવી રહેલી ચકલી એણે જોઈ. નાનકડા પક્ષી અને પોતાના જોવા વચ્ચે દખલ દેતી, પક્ષી સબંધી બધી ઓળખ એ મનમાંથી ભૂંસવા ગયો. ત્યાં ચાંચમાં તણખલું દબાવેલું પક્ષી ઊડીને છતના મોભ પાછળ અદશ્ય થઈ ગયું. એની પાંખોના ફફડાટથી છતમાં બાઝેલું જાળું હલ્યું. જાળમાં શિકારી જંતુને સરકતું જોઈ ડોસાએ નજર ખસેડી બારી બહાર જોવાનો પ્રયત્ન કર્યો. બહાર દૂર ઊભેલા કોઈ ઝાડની ધૂળથી મેલી થયેલી ટોચ દેખાઈ રહી હતી. પાંખો વીંઝતા કાગડાઓ ઊડીને વીખરાઈ ગયા. ડોસાએ એ જોઈ અવાજો ઊઠવાની કલ્પના કરી. એ સાથે રાત્રે ઊંઘમાં જોયેલાં ગીધ એને યાદ આવી ગયાં. અપાર્થિવ અનુભવનું સ્મરણ થવાની સાથે છાતીમાં ડૂમો ભરાવા લાગ્યો. સુરક્ષિત ગર્ભમાંથી બહાર આવતાંની સાથે રડી ઊઠતા બાળક જેમ ડોસો રડી પડ્યો. પછી ભીની આંખ લૂછી ઊંધી હથેળી ઉપર ગરમાવો અનુભવતો પડી રહ્યો.

@@@@@

એક સમયે 'ખોવાયેલી પેઢી' તરીકે ઓળખાતી પેઢી સાથે જેની યુવાની વીતી છે. વિચારકે જેને એબ્સર્ડ કહી હતી એવી અસંગત દુનિયામાં જે પ્રૌઢ થયો છે. એવો આ ડોસો અત્યારે નાના એવા ગામડાના છેવાડે આવેલ આ ડેલીબંધ મકાનમાં રહે છે. આંગણું વટાવી પરસાળમાં આવતાં બે બંધ ઓરડાઓ સમાંતર આવેલા દેખાય છે. નકશીદાર ગોળ દાદર ચડી ઉપર જવાય છે. વપરાશ વગરની જગ્યામાં હવડ વાસ જામી ગઈ છે. ડોસો એની વૃદ્ધાવસ્થાની શરૂઆતમાં પોતાના આ જૂના મકાનમાં પાછો ફર્યો છે. ભાગ્યે જ બહાર નીકળતા ડોસાએ પાછલાં કેટલાંય વરસોથી ઉપરના ઓરડામાં પોતાની જાતને કેદ કરી મૂકી છે. અગાસીમાં ઊભેલો પણ એને કોઈએ જોયો નથી. ગામના થોડા વૃદ્ધોને જ

એના અસ્તિત્વની જાણ છે. ડોસો હવે 'ખોવાયેલી પેઢી'ને યાદ કરતો નથી. બાકી બચેલો સમય સ્મૃતિઓનાં જાળાં સાફ કરવામાં ગાળે છે.

રેડિયોના જમાનામાં જીવેલા ડોસાએ એટલે જ ટેલિવિઝન આવ્યા પછીની દુનિયાથી પોતાને અલગ કરી લીધો છે. એના ઓરડાનું દીવાલ ઘડિયાળ બંધ પડી ગયું છે. અંદર આવતા અજવાળા અને ઘેરાતા અંધારા ઉપરથી એ સમયનો અંદાજ બાંધી લે છે. જોકે ખાટલામાં પડ્યા રહેવા સિવાય ખાસ કંઈ એને કરવાનું હોતું નથી. ઇન્દ્રિયોની ધાર બુઠ્ઠી થઈ હોય એ કારણ હોય; ભૂખ-તરસ જેવી જરૂરિયાત પ્રત્યે એની રુચિ ઘટવા માંડી છે. સંભવ છે, એના કેન્દ્રીય ચેતાતંત્રની કામગીરી ખોરવાઈ ગઈ હોય. એની વિચાર કરવાની શક્તિ, તેમ છતાં સક્રિય રહે છે. આજે પરોઢે એને ઘસઘસાટ ઊંઘ આવી. બપોર ચડવા આવી ત્યારે જાગ્યા પછી એ આજે રડ્યો. ભીની આંખ લૂછતાં વહી નીકળેલો રેલો ચહેરાની કરચલીઓ વચ્ચે ક્યાંક ગુમાઈ ગયો છે.

જાગી ગયેલા ડોસાની નજર ઓરડામાં ફરી વળી. મરેલા જંતુને ઘેરીને ફર્શ ઉપર ચાલી જતી કીડીઓની હાર જોઈ એ વિચારમાં ડૂબી ગયો. કુદરતમાં મૃત જીવોના નિકાલ માટે, અંતિમ-સંસ્કાર જેવી કોઈ પદ્ધતિની જરૂર જ નથી. આ હકીકત એ પહેલાં પણ જાણતો હતો છતાં આજે અહોભાવ થયો. માટીમાંથી નીકળીને પાછું માટીમાં જ ભળી જવાનું હતું. એ ભૂલીને ઘણું દૂર નીકળી જવાયું એવું કહેતી સમજને એણે હડસેલી. ડોસાએ જંતુની જગ્યાએ પોતાની જાતને ગોઠવવા માંડી. નવા પ્રકારનો રોમાંચ થયો, થોડી વાર ચાલ્યો, પછી હડસેલાયેલી સમજ ફરીથી હાવી થવા લાગી. આ પ્રકારની રમતમાં એણે વરસો કાઢી નાખ્યાં એવો ખ્યાલ ઝબકી જતાં એ કંટાળ્યો.

એટલે ચીજોને નવેસરથી -ચિત્તમાં રૂઢ થયેલાં નામ, રંગ કે રૂપ ઉતારીને જોવામાં એણે મન પરોવ્યું. કંટાળો દૂર કરવા એ આ પ્રયોગ કરતો. કમરાની ચાલુ રહી ગયેલી બત્તી સુધી નજર પહોંચતાં એ પ્રયોગ અટકી પડ્યો. પ્રયાસ કરી એણે પડખું ફેરવ્યું. કૃશ હાથ વડે એણે ખાટલા નીચેનો ભાગ ફંફોસ્યો. બે-ત્રણ પ્રયત્ને નીચે મૂકી રાખેલ વાંસ એ હાથ કરી શક્યો. દીવાલ ઉપરના સ્વિચબોર્ડનું નિશાન લઈ એણે વાંસ લંબાવ્યો. બત્તી બંધ કરવાના ઉદ્યમમાં હવામાં તોળાયેલો એનો હાથ, ઘાયલ પક્ષીની જેમ પડી ગયો. વાંસ અફળાવાના અવાજથી મોભ પાછળથી ડોકાયેલું પક્ષી, સપાટામાં બહાર ઊડી ગયું. ડોસાને એ ગમ્યું નહીં.

રોજ બત્તી બંધ કરવાનો પ્રયાસ કરતાં એ થાકતો ત્યારે થોડી વાર

શબવત પડી રહેતો. પછી અચાનક એ બેઠો થઈ જતો, સાંધાનાં હાડકાં બોલી ઊઠતાં. ચાર ધીમાં ડગલાં ભરી એ દીવાલ સુધી પહોંચતો. કાળી સ્વિચ બંધ કરતાં એનો અંગૂઠો ઠરડાઈ જતો. બત્તી હોલવી નાખી પાછો ફરી એ ખાટલામાં ફસડાઈ પડતો. કમજોર શરીર ઉપર મનની ચાબુકનો થતો જોરજુલમ જોઈ એ અંધારામાં હસતો. રાત્રે પ્રયત્ન વગર એને ત્રુટક ત્રુટક ઊંઘ આવી જતી. પરોઢે વાંસના ટેકાથી ઓરડાને છેડે આવેલ જાજરૂ સુધી, ખાસ જરૂરિયાત વિના પણ જઈ આવવાનો એનો ક્રમ હતો.

અત્યારે એ ઊઠવાનું વિચારતો હતો ત્યાં ઓરડાનો દરવાજો હડસેલી, એક વયસ્ક પુરુષ અંદર આવી ખાટલા પાસે ઊભો રહી ગયો. હાથમાં પકડેલું ટિફિન ખાટલા નીચે મૂકતાં બોલ્યો,

''નહાવા માટે તૈયાર થઈ જાઓ, હું ગરમ પાણી લઈ આવું છું.'' ડોસાએ પ્રતિભાવ ન આપ્યો.

''પાડોશીની સેવા લેવામાં સંકોચ કેવો? તમને ઉપયોગી થવું મને ગમે છે. તમને પણ શરીરે....'' પાછા જઈ રહેલા પુરુષને અટકાવી, ખાટલા પર બેસવાનો ઇશારો કરતાં વૃદ્ધે માથું ધુણાવ્યું.

ઓરડાની સામેની દીવાલમાં પડતી બારી તરફ જોતાં પુરુષે કહ્યું, ''જાણો છોને, લોપા બધું જોઈ રહી છે.''

ઓરડાની એ બારીમાંથી આવનાર પુરુષના ઘરની અગાસી દેખાય છે. એની પત્ની લોપા પાળ ઉપર મૂકેલા તુલસીના કૂંડામાં રોજ સાંજે દીવો મૂકવા આવે છે. એ સમયે એને ડોસો અચૂક ખાટલામાં બેસી રહેલો દેખાય. લોપાના લાવણ્યમય ચહેરાને કે પછી દીવાની કંપતી જ્યોતને અથવા બેઉના સંયોગથી રચાતા દૃશ્યને ડોસો જોયા કરે. અત્યારે એ અગાશીમાં આવી છે એવું જાણી ડોસાએ મોઢું મલકાવ્યું.

''તમારા મલકાવા માત્રથી એને...''- બેઠા થઈ ગયેલા ડોસાના ઇશારાએ પુરુષને બોલતો અટકાવ્યો. ખૂણામાંની ટ્રંક ઉપર પડેલી નોંધપોથી લઈ આવી, ખાટલા ઉપર બેસતાં એણે એ ડોસાના હાથમાં થમાવી. પોથી ખોલી, વચ્ચે દોરી સાથે બાંધેલી પેન ઉપર લાંબી આંગળીઓ વડે પકડ જમાવતાં ડોસાએ સામે જોયું. પુરુષ સમજી ગયો. એણે લખાવ્યા મુજબ આજની તારીખ-વાર-સમય નોંધી, ચોકસાઈ કર્યા બાદ ડોસાએ આગળ લખવા માંડ્યું.-

''હું મને જ આશ્વસ્ત કરવા આવી હરકત કરું છું'' - ડોસો ઘણા દિવસે વાત કરવા તૈયાર થયો, એ પુરુષને ગમ્યું. એણે વાર્તાલાપ ચાલુ રાખતાં કહ્યું-

''જાત માટે કશુંક કર્યાનો સંતોષ લઈ શકો એ માટે?''

ડોસાએ ઝડપથી લખ્યું-

''સંતોષ! એ તો હારી ગયેલા માણસનો શબ્દ છે, પણ છોડો એ વાત. આજે મને જે અનુભવ થયો એનો આનંદ તમારી સાથે વહેંચવા માગું છું. આ પિંડને માટીમાં ભળી જતો મેં જોયો.''

''ખરેખર!'' - સમજ્યા વિના બોલી જવાયું હોય એવું લાગતાં, લખાણ ફરીથી વાંચી પુરુષ બોલ્યો- ''મને આનંદ શબ્દ ગમે છે. જુઓને સત્ય-અસત્ય કે સુખ-દુઃખ જેમ એનો વિરોધાર્થી શબ્દ જ નથી.''

''હા, આપણી ભાષામાં આ એક જ શબ્દ એવો મળે છે.''

આનંદ આપે એવું આજે શું બની ગયું? આ ઓરડો, ખાટલો અને એક વૃદ્ધ. બસ! આટલાં સાધનો વડે આનંદ કેમ સંભવે?

''પ્રોફેસર! આ તમારી ફિઝિક્સની લેબ નથી.'' એક સમયે પોતા માટે વપરાતું આ સંબોધન વાંચી પુરુષ ખુશ થયો. એણે લખાવા આવેલી નોંધ વાંચવા માંડી.-

''તમે આ બે બારીઓ ભૂલી ગયા. ઝાડની ટોચ, પક્ષીઓના અવાજો, અંધારું, અજવાળું, તુલસી-ક્યારામાં દીવો મૂકવા આવતી તમારી સ્ત્રી. ત્યાં જુઓ.'' સામેની દીવાલ ઉપરનું બંધ ઘડિયાળ દર્શાવતાં ડોસાએ આગળ લખ્યું-

''એ યંત્ર અંદર સમય ખોટવાઈ ગયો છે. અહીં તો કેટલી બધી સામગ્રી છે, કશુંક બનવા માટે.''

''હા. અને તમારું એકાકીપણું! એને તો તમે ભૂલી જ ગયા. મને સાચે જ આશ્ચર્ય થાય છે, કેટલી ઓછી ચીજોથી તમે ચલાવી શકો છો.''

''ચીજોનું તો રમકડાં જેવું, થોડાં સાચવી રાખેલાં જોઈને પાછલી ઉંમરે ખુશ થઈ જવાય. કહો જોઈએ, શહેર અને પ્રોફેસરી છોડી ગામડામાં આવવું તમે કેમ પસંદ કર્યું?''

''કંટાળી ગયો હતો શહેરની ધમાલથી. મારા વ્યવસાયમાં ઘૂસી ગયેલી ખટપટ જોઈ ઉબાઈ જવાતું. હું એકાંત ઝંખતો...''

પ્રોફેસરના આગળ બોલવા તરફ ધ્યાન આપ્યા વિના ડોસાએ લખ્યું - ''મને એ સહજ મળી ગયું. તમે જેને એકાકીપણું કહો છો, એ મારું એકાંત છે.''

''સહજ મળી ગયું! તમારી સ્થિતિને જસ્ટિફાય તો નથી કરી રહ્યા?'' પ્રશ્ન સાંભળી ડોસાએ પ્રોફેસરની હથેળીને સૂકી આંગળીઓથી પસવારતાં લખ્યું -

''એકલા પડી જવાના ડરથી ભીડમાં સલામતી જેવું લાગે. ભીડથી કંટાળો એટલે એકાંત શોધવા માંડો. આ બધી રમત હું રમી ચૂક્યો છું. એ રમતથી ટેવાયેલો માણસ મારી ઉંમરે એનું મોત સુધારવા ઇચ્છતો

હોય છે. જુઓ હું અનુભવું છું -મારા શરીરે ગ્લુકોઝ બનાવવાનું બંધ કર્યું છે. કમજોર ફેફસાં કેટલો ઓક્સિજન ખેંચી શકે? એટલા માત્રથી આ શરીર એને જોઈતી ઊર્જા મેળવી લે છે. એટલે જે દિવસે લોહી ફરતું અટકી જશે, ચેતાકોષો પણ કામ કરતા અટકી જશે, એવી વૈજ્ઞાનિક હકીકતનો હવે મને ડર લાગતો નથી...''

પ્રોફેસર કંઈ બોલવા ગયો પણ ડોસાને આગળ લખતો જોઈ એણે પાછું વાંચવામાં ધ્યાન પરોવ્યું -

''પેલો કોણ હતો જેણે કહેલું -હું વિચારું છું, માટે હું છું? પ્રોફેસરને એ વિચારકનું નામ યાદ આવ્યું નહીં. એટલે ડોસાએ આગળ લખવા માંડ્યું.

''મેં જાણ્યું છે કે હું વિચાર કરવા પણ સ્વતંત્ર નથી. હબ્બલે શોધી કાઢ્યું કે આ બ્રહ્માંડ સતત વિસ્તરી રહ્યું છે. પણ આપણે શરીરની સીમામાં સંકોચાઈ ગયા. પિંડે તે બ્રહ્માંડે, એમ અનુભવાતું નથી ખરું? હવે કહો જોઈએ જસ્ટિફાય કરવા જેવું મારે પક્ષે છે કશું?''

ડોસાએ વાક્ય પૂરું કરીને આંખો મીંચી લીધી. પ્રોફેસર એનું લખાણ ફરીફરીને વાંચી ગયો. પોતાની હથેળીમાં સ્થિર થઈ ગયેલી ડોસાની આંગળીઓ જોઈ રહેતાં એની જિજ્ઞાસા ફરી આજ સળવળી ઊઠી -

''તમારા અંગે વધુ જાણવાની ઇચ્છા રોકી શકતો નથી, પ્લીઝ કંઈક તો

કહો.''

ડોસાએ આંખો ખોલી. સૂકાં પાંદડાં ખખડતાં હોય એવા અવાજમાં હસી પડતાં બોલ્યો - ''મેં મને જ હજુ ક્યાં જાણ્યો છે!'' ડોસાને બોલતો જોઈ એ ડઘાઈ ગયો. પ્રોફેસરને ધરપત આપતું સ્મિત ફરકાવી ડોસાએ લખ્યું -

''ચોંકશો નહીં હું બોલી શકું છું. ઊર્જા ખર્ચાઈ ન જાય માટે ટાળું છું. મારા અંગે તમે જાણવા માગો છો. મતલબ મારા ભૂતકાળ અંગે. જ્યારે હું બને એટલી યાદોને ભૂંસવામાં લાગ્યો છું. કેમ કે જે જિવાઈ ગયું એ મરી ગયું. ખેર, પાડોશીની થોડી સેવા મારે પણ બજાવવી રહી. તમારે આટલું જાણવું પૂરતું થશે. -ખોવાયેલાં મૂલ્યો અંગે ચિંતા સેવતા થોડા બેવકૂફો સાથે, એક સમયે મારે નિસ્બત હતી. એક કલ્પેલું ભવિષ્ય જોવા અમે ભૂગર્ભમાં રહી પ્રવૃત્તિઓ કરતા. કેટલાક ખુવાર પણ થયા. પછી નવી દુનિયા પાછળ ચાલતી રઘવાઈ ભીડનો અમે પણ હિસ્સો બનતા ગયા. નવી પેઢી તરફ આંગળી ચીંધતા રહેવાની વૃત્તિને કારણે પ્રશ્નો ઊભા થયા. અમારામાંના કેટલાકને તો અસ્તિત્વને લગતા પ્રશ્નો ઊઠ્યા. જવાબ ન મળતાં ચિંતા અને દોષની ભાવનાથી ઘેરાઈ તેઓ ધર્મ તરફ પાછા ફરવા.....'' ડોસાનું વાક્ય અધૂરું રહ્યું, પ્રોફેસર અચાનક બોલી ગયો.

''મને તમારામાં રસ છે, એ સમયે તમે શું કર્યું?'' ડોસાએ ઉત્તરમાં લખ્યું-

''હું મધ્યમવર્ગની જેમ સંતુલન જાળવવા મથતો રહ્યો.''

''કોઈ સ્ત્રી તમારા જીવનમાં આવેલી?''

''સ્ત્રી આવી હોત તો સંતુલન આપોઆપ આવી ગયું હોત. ચાલો આજે ઘણી વાતો થઈ ગઈ.'' ડોસાએ પોથી બંધ કરી. પ્રોફેસર વધુ એક પ્રશ્ન પૂછતાં પોતાને રોકી શક્યો નહીં -

''પિંડને માટીમાં ભળવાની તમે કંઈ વાત કરતા હતા?'' ડોસાએ બંધ કરેલી પોથી ફરી ઉઘાડી લખ્યું.-

''હા, આપણે એ વાત કરવી જોઈતી હતી. એ પરોઢે આવેલા સ્વપ્ન અંગે હતું. પારસીઓ જેમ મૃતદેહને 'ટાવર ઓફ સાઈલન્સ' ઉપર છોડી આવે છે. એવા જ કોઈ ટાવર ઉપર મેં મારા દેહનું વિસર્જન થતું જોયું.''

''ઓહ! એને તમે આનંદદાયક માનો છો?''

''હા.. કેમ કે જાગીને હું રડી પડેલો!''

''હું સમજ્યો નહીં.''

''રડવાની વૃત્તિ સમજવી અઘરી છે, કદાચ આદિમ છે એટલે. મૃત્યુ હંમેશાં દુ:ખદ હોતું હશે, મરનાર માટે પણ?''

''શું ખબર? પાછું આવી શકાતું નથી, એટલે અંતિમ ક્ષણનું રહસ્ય અકબંધ જ રહેવાનું.''

''મારે માટે હવે એ રહસ્ય રહ્યું નથી.'' પોથી બંધ કરી ડોસાએ આંખો મીંચી લીધી.

@@@@@

આખી રાત ધોધમાર વરસાદ પડતો રહ્યો. પરોઢે પ્રોફેસરની ઊંઘ ઊડી ગઈ. ઊઠતાંની સાથે ડોસો યાદ આવ્યો. શરીરમાં પોતાને કેદ થઈ ગયેલો માનતો ડોસો પ્રોફેસરને વિચક્ષણ જણાયો. બ્રહ્માંડની જેમ વિસ્તરવાની શક્યતા જોતો થોડો તરંગી પણ લાગ્યો. ગઈ રાત્રે લોપા સાથે ડોસા અંગે થયેલી વાતો યાદ આવી. લોપાનું કહેવું હતું -''ડોસાએ ખૂબ સહન કર્યું હોય એવું લાગે છે. અસંગત વાતો પાછળ એ બધું છુપાવી રાખવા મથતો હશે. છોડી ગયેલા કોઈ સ્વજનને ખોળતો હોય એમ એ પોતાને એકીટશે જોઈ રહે છે.'' આવું લોપા પાસે જાણી પ્રોફેસરને ડોસા પ્રત્યે હમદર્દી જાગી.

ડોસાની જે વાતો અસંગત લાગતી હતી, એના અર્થોનો પુરુષ સામે થોડો ઉઘાડ થવા લાગ્યો. મોઢા સુધી ચાદર ખેંચીને સૂઈ રહેલી લોપાને જોતાં એ ઊઠ્યો. ઘરની બહાર આવી ડોસાના ઘર તરફ ચાલ્યો. ડેલી ખોલતાં જ બધું ધોવાઈને સ્વચ્છ થઈ ગયેલું લાગ્યું. ગોળ દાદર ચડી ઉપરના પગથિયે પહોંચતાં એનો શ્વાસ થંભી ગયો.

ડોસો અગાસીમાં પડી રહેતી ખુરશીમાં આરામથી સૂતેલો દેખાયો. એના વાળમાં ફરફરતાં ટીપાં સવારના ઉજાસમાં ચમકતાં હતાં. ધોવાયેલ ચહેરો સુંદર લાગી રહ્યો હતો. ધ્યાની પુરુષની જેમ એની આંખો બિડાયેલી જોઈ. આંગળીઓ ભીડેલી મુદ્રામાં હાથ ખોળામાં ગોઠવાયા હતા. એની નીચે ઊલટી પડેલી પોથી દેખાઈ, જેની ઉપરનું સીવેલું કપડું ભીંજાઈ ગયું હતું. ખુરશી પાસે ઉભડક બેસી જઈ પુરુષે અક્કડ થઈ ગયેલા હાથ નીચેથી સાચવીને પોથી ખેંચી કાઢી. ડોસાની શાંત મુખમુદ્રા સામે જોતાં પોથી સવળી કરી. એને અંદેશો હતો એમ ગઈ કાલની નોંધ નીચે નવું લખાણ હતું. ક્યાંક પાનું ભીંજાઈ જવાથી કોઈકોઈ અક્ષર વાંચવા અનુમાન કરવું પડ્યું. ડોસાની નવી નોંધ આ મુજબ હતી.

''પ્રોફેસરે બરાબર કહ્યું- મૃત્યુ પામનાર અંતિમ ક્ષણનો અનુભવ પોતાની સાથે લઈ જાય છે. બહાર અત્યારે સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે. વાદળથી છુટ્ટું પડેલું એક એક ટીપું આટલી ઊંચાઈએથી ધરતી ઉપર અફળાઈ રહ્યું છે. ટીપાંના આમ ફના થઈ જવાના ગાંડપણને મારે નરી આંખે જોવું છે. પ્રોફેસર! મને વરસાદ બોલાવે છે. મળીશું મુશળધારની નીચે, તમે છત્રી ઓઢીને નહીં આવતા પ્લીઝ!''

❑❑❑



મનોહરભાઈ પરમાર, પાલિતાણા

પાલિતાણા : માત્ર યાત્રાધામ નહીં, સર્વોત્તમ સૂરોનું ધામ

☐ તુષાર પ્રભૂને ☐ અનુ.: રેખા ઉદયન શાહ


ગુજરાત રાજ્યમાં આવેલું પાલિતાણા એક નાનું શહેર છે. મહત્ત્વના જૈન યાત્રાધામ તરીકે પ્રસિદ્ધિ પામેલા આ નાના શહેરમાં ઘણાં જૈન દેરાસરો છે, પણ અહીંના કાળઝાળ ઉનાળામાં ભાગ્યે જ કોઈ મુસાફરો અહીં આવે છે. અહીંની સાંકડી ગલીઓમાં નિરુદ્દેશે ફરતી ગાયો તમને નડે પણ ખરી, પણ એવી જ એક સાંકડી ગલીમાં અંદર પેસતાં, છેક છેડે 'મનોહર મ્યુઝિકલ્સ' નામની દુકાનનું પાટિયું દેખાય છે. એ દુકાનમાં જમીન પર પલાંઠી વાળીને, હાર્મોનિયમ પર સહેજ ઝૂકીને બેઠેલા મનોહરભાઈ દેખાય છે. બરોબર એમના માથાની ઉપર જમણી બાજુએ ઘરઘરાટી કરતો સીલિંગ ફેન છે. પણ એનો ઘર્ર્ર્ અવાજ મનોહરભાઈને રીડ છોલવાના અને તેને કાચકાગળથી ઘસીને લીસ્સી તથા સુરીલી બનાવવાનાં ઉદ્યમી કસબમાં ખાસ નડતો નથી.

75 વર્ષની જૈફ વયના મનોહરભાઈનો આ આરામ લેવાનો સમય છે, ત્યારે ટાઈમ્સ ઓફ ઇન્ડિયાની ટીમને તેઓ તેમની દુકાન તથા એથી બમણી એમની વર્કશોપ બતાવવા લઈ જાય છે. ત્યાંની દીવાલો પ્રસન્નવદના

મનોહરભાઈના તેમના ગ્રાહકો સાથેના ફોટોગ્રાફ્સથી શોભી રહી છે, અને તે આ પ્રભાવી કલાકારોની સાક્ષી પૂરે છે. એમાં સંગીત-નિર્દેશક નૌશાદ, ખય્યામ, લક્ષ્મીકાંત-પ્યારેલાલ બેલડીના પ્યારેલાલ દેખાઈ રહ્યા છે. તેમની બાજુમાં જ ગઝલસમ્રાટ જગજિતસિંહ, મહેંદી હસન તથા ગુલામઅલી સ્મિત કરતા દેખાય છે, અને અનુપ જલોટા પણ પોસ્ટકાર્ડ સાઈઝની ફ્રેમમાં દેખાઈ રહ્યા છે.

જે ગાયકોને પોતાનાં ગીતો કે રચનાઓને મધુર સૂરોમાં ઢાળવાં હોય તે સહુને મનુભાઈના હુલામણા નામે સંગીત-જગતમાં જાણીતા મનોહરભાઈના હાર્મોનિયમની સવિશેષ માંગ રહે છે. શાસ્ત્રીય સંગીતના ખ્યાતનામ પીઢ કલાકારો પણ હાર્મોનિયમમાં પાલિતાણા રીડને મહત્ત્વ આપે છે.

ભાવનગરથી આશરે 50 કિ.મી.ના અંતરે આવેલા પાલિતાણાને મહત્ત્વના જૈન યાત્રાધામ તરીકે જેટલી ખ્યાતિ મળી છે, તેટલી જ ખ્યાતિ હાર્મોનિયમમાં વપરાતી પાલિતાણા રીડને કારણે દેશભરમાં મળી છે અને તેથી તેની ભારતભરમાં માંગ છે. આ સુષિર વાદ્યનો ઉપયોગ શાસ્ત્રીય સંગીતથી લઈને ગઝલો તથા કીર્તનો જેવાં સંગીતનાં અનેકવિધ સ્વરૂપોમાં સુંદર રીતે કરવામાં આવે છે. હાર્મોનિયમની અંદર ગોઠવેલી ધમણ (Air-chamber)માંથી હવા જ્યારે ફ્રેમ (body)માં ગોઠવેલી ધાતુની નાજુક પટ્ટી (જીભ) પરથી પસાર થાય છે. ત્યારે એ પટ્ટી (જીભ) પર કંપન થાય



જર્મન રીડ સાથે ભારતીય રીડની સરખામણી



1931થી મોહનલાલ મિસ્ત્રીનું કુટુંબ રીડ બનાવે છેઃ પરાગ મિસ્ત્રી

છે, અને તેને કારણે પટ્ટી (જીભ)માંથી મધુર ધ્વનિ ઉત્પન્ન થાય છે. ફ્રેમમાં ગોઠવાયેલી ધાતુની આ પટ્ટીને 'રીડ' કહેવામાં આવે છે. બધાં હાર્મોનિયમમાં પ્રત્યેક સૂર માટે બે અથવા ત્રણ સપ્તકના સેટ હોય છે.

હાર્મોનિયમમાંથી નીકળતો સૂર, જેને આપણે હાર્મોનિયમનો 'પ્રાણ' કહીએ છીએ, તે આ 'રીડ' છે. ''મોટા ભાગના સંગીતકારોની પસંદગી પાલિતાણા રીડ પર ઊતરે છે'' - એમ કહીને ભજનગાયક અનુપ જલોટા આગળ ઉમેરે છે કે પાલિતાણામાં હાર્મોનિયમનો પરિચય તેમને તેમના પિતાશ્રી સુવિખ્યાત શાસ્ત્રીય ગાયક પદ્મશ્રી પુરુષોત્તમદાસ જલોટાએ કરાવ્યો હતો.

ઈ. સ. 1960 સુધી મોટે ભાગે જર્મનીથી હાર્મોનિયમ માટે રીડ આયાત કરવામાં આવતી હતી, પરંતુ તેને બનાવનારા એકમો બંધ થવાથી એકાએક પાલિતાણા રીડનો વ્યવસાય વિકસ્યો.

પ્રસિદ્ધ ઇતિહાસકાર અને લેખક માણેક પ્રેમચંદ કહે છે : ''બીજા વિશ્વયુદ્ધ પછી જર્મન બનાવટની ઉપયોગી ચીજ-વસ્તુઓ પર મોટો ફટકો પડ્યો. વિશ્વના મોટા ભાગના દેશો જર્મન સંસ્કૃતિની છાપને ભૂંસી નાખવા ઇચ્છતા હતા. અને ભારતમાં તો જર્મન બનાવટની રીડની આયાત પર પ્રતિબંધ મૂકી દીધો હતો'' આજે પાલિતાણામાં રીડ બનાવવા માટેના લગભગ 10 એકમો છે, જેમાં આશરે 600 જેટલી વ્યક્તિઓને રોજગારી મળે છે.

નિષ્ણાતો કહે છે કે પાલિતાણા રોડ તેના ટકાઉપણાને કારણે શ્રેષ્ઠ ગણાય છે.

પ્રસિદ્ધ હાર્મોનિયમવાદક ઉસ્તાદ અખલક હુસેન કહે છેઃ ''હાર્મોનિયમની રીડ દિલ્હી, હરિયાણા અને પંજાબમાં કેટલેક સ્થળે બને છે, પણ તે પાલિતાણા રીડની તોલે નથી આવતી. પાલિતાણાની રીડ વધારે મધુર અને ચોકસાઈપૂર્ણ સૂર નીપજાવી શકે છે. જર્મનીમાં રીડ બનાવતા એકમો બંધ થવાથી મોટા ભાગના હાર્મોનિયમ વાદકો પાલિતાણા રીડ વધુ પસંદ કરે છે.''


વિખ્યાત પાર્શ્વગાયક અને ગઝલગાયક હરિહરન્ કહે છેઃ ''સૂરની ગુણવત્તા અને સૂર મેળવવા માટે જરૂરી સ્થિરતા (Tuning stability) માટે તેઓ પાલિતાણા રીડ ધરાવતા હાર્મોનિયમનો ઉપયોગ કરે છે. એ હાર્મોનિયમના સૂરોમાં ચોકસાઈ હોય છે.'' એમ કહીને હરિહરન્ આગળ કહે છે કે તેઓ ઈ. સ. 1961થી મનોહરભાઈના પરિચયમાં છે.

પાર્શ્વગાયક અને સંગીતનિર્દેશક રૂપકુમાર રાઠોડ કહે છેઃ ''અન્ય સ્થળે બનાવેલી રીડમાં સૂરોનું ટ્યુનિંગ વારંવાર કરાવવું પડે છે, જ્યારે પાલિતાણા રીડ 'સીઝન્ડ' (Seasond) બનીને અમારા સુધી પહોંચે છે.''

કલકત્તામાં હાર્મોનિયમ બનાવતા એકમના બોરુન (વરુણ) પૌલ સંગીતકારો સાથે સંમત થતાં કહે છેઃ ''આજે હાર્મોનિયમ બનાવતા મોટા ભાગના એકમો પાલિતાણા રીડ પસંદ કરે છે. જો કે હાર્મોનિયમ બનાવતા ઘણા એકમોએ અન્ય સ્થળે રીડ બનાવડાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેઓ પાલિતાણા રીડની ગુણવત્તા જાળવી શક્યા નથી.''

પાલિતાણાના કારીગરો કહે છે કે ચોક્કસ પ્રકારની સંપૂર્ણ ગુણવત્તાયુક્ત રીડ બનાવવાનો કસબ એમને જન્મજાત મળેલી ભેટ છે. તે કસબ શીખવી શકાય તેવો નથી.

ઈ. સ. 1931થી પાલિતાણામાં જેમનો પરિવાર રીડ બનાવવાના



પાલિતાણામાં હાલ 10 જેટલાં એકમો રીડ બનાવે છે અને લગભગ 600 જેટલા કારીગરોને રોજગારી મળે છે

વ્યવસાયમાં છે, તેવા પરિવારના મોભી મોહનલાલ મિસ્ત્રીના પ્રપૌત્ર પરાગ મહેતા કહે છેઃ ''મધુર સૂરો નિપજાવતી રીડનું રહસ્ય 'કાનના રિયાજ'માં રહેલું છે. આ કારીગરોમાં સંગીતના સૂરોને ધ્યાનથી સાંભળવાની જન્મજાત સૂઝને કારણે તેઓ આ પ્રકારની શ્રેષ્ઠ રીડ બનાવી શકે છે. આ કલા કસબ કોઈને શીખવ્યો શીખવાડી શકાય તેવો નથી.'

અહીં તેવી લોકવાયકા પણ છે કે ઈ. સ. 1901માં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલે એક બ્રિટિશરના હાર્મોનિયમને રિપેર કરવા જીવણલાલ મિસ્ત્રી અને મોહનલાલ નામના બે લુહારોને બોલાવ્યા હતા. એ બંનેએ ક્યારેય હોર્મોનિયમ જોયું નહોતું, પરંતુ એમની સંગીતસૂઝથી એ હાર્મોનિયમ સફળતાપૂર્વક એમણે રિપેર કરી આપ્યું હતું. અને ત્યારથી એ તેમનો પારિવારિક વ્યવસાય બની ગયો હતો.

ત્યાર બાદ એમણે હાર્મોનિયમ માટેની શ્રેષ્ઠ રીડ બનાવીને બજારમાં મૂકી હતી. તે સમયે તો રીડ હાથબનાવટથી જ બનતી. આજે તો રીડ બનાવવા માટે મશીનની મદદ લેવાય છે. પણ એમને શ્રેષ્ઠ બનાવવા માટે છેલ્લો સ્પર્શ તો નિષ્ણાત કસબીનો જ હોય છે તેથી પાલિતાણા રીડ સર્વોત્કૃષ્ટ બને છે.

114 વર્ષ જૂની 'રતિલાલ જીવણલાલ ઇન્ડસ્ટ્રી'ના જિતુભાઈ હાલમાં રીડ ઉત્પાદન માટેના ત્રણ એકમો ધરાવે છે. તેમના કહેવા પ્રમાણે ચોકસાઈપૂર્વકની રીડ બનાવવા માટે એક નવા કારીગરને સંપૂર્ણપણે તૈયાર કરવા માટે છ માસથી એક વર્ષ જેટલો તાલીમી સમય લાગે છે.

તો, આ છે આપણા ગુજરાતની પાલિતાણા રીડની ગૌરવ ગાથા!

લેખન અને ફોટોગ્રાફ સૌજન્યઃ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા

❑❑❑



ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ દિનેસ દાસા

સરકારી નોકરી માત્ર મેરિટ પર...

☐ ડંકેશ ઓઝા

સારા પગાર, મોભો અને સલામતીને કારણે સરકારી નોકરી ઘણાબધાંને આકર્ષે છે. આપણું ભણતર જ નોકરી માટે હોય એવું થઈ ગયું છે. સરકારી નોકરી બધાંને નસીબ હોતી નથી. પરંતુ તે માટે કેવી વ્યવસ્થાઓ છે, એનું શું મહત્ત્વ છે, એની પ્રક્રિયા કેવી છે વગેરે વિશે ઘણાને પર્યાપ્ત જાણકારી હોતી નથી.

આપણા રાજબંધારણમાં કલમ-315થી 323માં સંઘ લોકસેવા આયોગ (UPSC) અને રાજ્ય જાહેર સેવા આયોગ (GPSC)ની રચના અને કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં રાજ્યના સ્થાપનાકાળથી જ એટલે કે 1-5-1960થી ગુજરાત જાહેર સેવા આયોગની રચના થયેલી છે. તેનું મુખ્યકામ રાજ્યની સેવામાં નિમણૂક કરવા માટે પરીક્ષાઓ લેવાનું છે. આ ઉપરાંત આ આયોગ નિમણૂક, બઢતીઓ અને બદલીઓ માટે સિદ્ધાંતો નક્કી કરે છે. વળી સરકારી કર્મચારીઓને સ્પર્શતી તમામ શિસ્તવિષયક બાબતો માટે પણ આયોગ રાજ્ય સરકારને સલાહ આપે છે. ટૂંકમાં કહીએ તો જાહેર સેવા આયોગ એ બંધારણીય સંસ્થા છે જે જાહેર સેવકોની ભરતી પ્રક્રિયા ઉપરાંત તેની સેવાને લગતી

બધી જ બાબતોમાં ચૂંટાયેલી સરકારને સલાહ આપવાની અત્યંત મહત્ત્વની કામગીરી બજાવે છે.

સંઘ આયોગ IAS જેવી 23થી વધુ પ્રકારની સિવિલ સર્વિસીસની પરીક્ષાઓ ત્રણ તબક્કે પ્રતિવર્ષ નિયમિતપણે યોજે છે. આશ્ચર્યજનક વાત એ છે કે રાજ્ય સેવા આયોગ આ પરંપરાને અનુસરતું નથી. ક્યારે જાહેરાત આવશે, કેટલી જગ્યાઓ માટેની આવશે, પરીક્ષા ક્યારે લેવાશે, પરિણામો ક્યારે બહાર પડશે અંતે નિમણૂક ક્યારે પ્રાપ્ત થશે એ બધી જ બાબતો અંગે અનિશ્ચિતતાઓ પ્રવર્તતી હોય છે.

આ સંદર્ભમાં આયોગના હાલના અધ્યક્ષ શ્રી દિનેશ દાસા સાથે મેં વાતચીત કરી તો એમણે પણ એમનો ભૂતકાળનો આવો જ અનુભવ મને જણાવ્યો. તેઓ ત્યારે નવસારી ખાતે હતા. ત્રણ કિ.મી. ચાલીને વાચનાલયમાં જાય અને સરકારી નોકરીમાં ભરતી અંગેની જાહેરાતો શોધવા રોજના અખબારોનાં પાનેપાનાં ફેંદી વળે. થોડી નિરાશા મળે છતાં આશાથી સાંજના રાતના સમાચાર સાંભળવા બેસી જાય. આશા એવી કે કદાચ સરકારે આજે નિર્ણય કર્યો હશે, તે તરત જાણવા મળશે!

તેઓ જાહેરસેવા આયોગના 2015થી સભ્ય નિમાયા અને 2016થી તેના અધ્યક્ષ છે. એમને તો પરિસ્થિતિની બરાબર ખબર હતી તેથી તેઓ તેમાં સુધારો લાવવા તત્પર હતા. આ લેખ લખવાનું કારણ પણ એ જ છે કે છેલ્લાં થોડાં વર્ષોથી સ્થિતિમાં એવું સુંદર પરિવર્તન આવ્યું છે કે ગુજરાતના બેકાર યુવાનોને ભાગ્યે જ કોઈ ફરિયાદ રહે. વર્ષ 2016-17થી સમયબદ્ધ વાર્ષિક ભરતી કેલેન્ડર વર્ષની શરૂઆતમાં જ બહાર પાડવામાં આવે છે. જેમાં જાહેરાતની તારીખ, પ્રાથમિક કસોટીની તારીખ, તેનાં પરિણામોનો અને રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ તથા તે પછી આખરી પરિણામનો સમય ઉમેદવારોને શરૂઆતથી જ જણાવવામાં આવે છે. આનાથી વિધાયક માહોલ સર્જાયો છે. જે ઉમેદવારો અનિશ્ચિતતાને કારણે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિરુત્સાહી હતા. તે તેજસ્વી યુવાધન સનદી સેવા તરફ ખેંચાવા લાગ્યું છે. કેટલાકે તો વિદેશ જવાનું મોકૂફ રાખ્યું છે. આ ઉમેદવારોને પદ્ધતિસર તૈયારી કરવા માટે સમય અને પૂરતી તક મળી રહે છે.

દાસાસાહેબે તેમના કાર્યાલયમાંની મારી મુલાકાતમાં જણાવ્યું કે ભારતમાં ચૂંટણીઓ તો થતી હતી પણ

ચૂંટણીપંચને, એના મુખ્ય ચૂંટણી કમિશનરને કોઈ જાણતું સુધ્ધાં ન હતું. ટી.એન. શેષાન એ પદે નીમાયા પછી એમણે જે રીતે કામગીરીનો પ્રારંભ કર્યો તેનાથી એક તરફ ઉમેદવારો અને રાજકીય પક્ષોમાં અને પછી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરતા દેશભરનાં સરકારી તંત્રમાં હલચલ મચી ગઈ. આજે આપણે આચાર સંહિતા વિશે જે કંઈ જાણીએ છીએ એની તે પૂર્વે ભાગ્યે જ કોઈને ખબર હતી. આગળ કહ્યું તેમ કેટલીક વ્યક્તિઓ આ જ તંત્રમાં અને આ જ વાતાવરણમાં નાના ચમત્કારો સર્જી શકતી હોય છે. દાસાસાહેબને તેમાંથી જ પ્રેરણા પ્રાપ્ત થઈ. તેમણે જે માહોલ સર્જ્યો છે જે અગાઉ ક્યારેય ન હતો, એની કલ્પના પણ ભાગ્યે જ કોઈએ કરી હતી.

સૌથી મોટી વાત એ છે કે જાહેર સેવા આયોગની વિશ્વસનીયતા અગાઉ ક્યારેય ન હતી એવી ઊંચી કક્ષાએ આવી ગઈ છે. બધું 'સેટીંગ' થઈ શકે છે, પૈસા આપીને પાસ થઈ શકાય છે, એ વાતમાં હવે કોઈ ઉમેદવાર વિશ્વાસ કરતો નથી. કાયમી દલાલોની દુકાનો બંધ થઈ ગઈ છે. ચિઠ્ઠી ચપાટી, ફોનકોલ જેવી બાબતોને હવે કોઈ વજૂદ રહેતું નથી. આપણામાં મેરિટ હશે તો સફળ થઈ શકીશું એવો આત્મવિશ્વાસ ઉમેદવારમાં પેદા થઈ શકતો હોય તો એ ફેરફાર કંઈ નાનોસૂનો ન ગણાય.

આ ચમત્કાર તેમણે કર્યો કઈ રીતે? એનું એ જ તંત્ર, એના એ જ માણસો, છતાં તેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને આખી પ્રયોગ પ્રક્રિયાને તેમણે સફળતાનાં શિખરે પહોંચાડી જ દીધી. બે-ત્રણ બાબતોને કારણે આ થઈ શક્યું. શરૂઆતથી જ આખી પ્રક્રિયામાં તેમણે પારદર્શકતા દાખલ કરી. અનિવાર્ય એવી ગોપનીયતા સિવાયની બધી જ બાબતો જાહેર કરવા માંડી. તેમાં ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ કર્યો. આજે ઉમેદવારો ઓનલાઈન ફોર્મ ભરે છે, પોતાનાં અધિકૃત પ્રમાણપત્રો ઓનલાઈન અપલોડ કરે છે, પરીક્ષકો જવાબવહીઓનું મૂલ્યાંકન પણ ઓનલાઈન કરે છે. પરિણામે તટસ્થતા આવી છે, ઝડપ વધી છે, બીનજરૂરી ફરિયાદો, આક્ષેપોનો છેદ ઊડી ગયો છે. ઉમેદવારોને આયોગની કચેરીની યાત્રા કરવી પડતી નથી, ઝેરોક્સ નકલો કરાવવા દોડવું પડતું નથી. સારા અને સાચા ઉમેદવારોની વર્ષોની ઝંખના હવે નક્કર આકાર ધારણ કરી રહી છે. હવે એણે માત્ર પરીક્ષાની તૈયારીમાં જ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

અગાઉ જાહેરાત જ નિયમિતપણે ન આવવાને કારણે ઘણા બધા ઉમેદવારોને તો પોતાની યોગ્યતાની ચકાસણી કરવાની તક પ્રાપ્ત થાય તે પહેલાં તેમની ઉંમરની મર્યાદા પૂરી થઈ જતી હતી ફોર્મ ભરવાથી પરિણામ સુધીનો ગાળો એટલો લાંબો હતો કે ચોક્કસ ધારણા થઈ શકતી ન હતી. રાજ્યપત્રિત વર્ગ-1

અને વર્ગ-2ના અધિકારીઓ માટે રૂબરૂ મૌખિક કસોટી એ છેલ્લું સ્ટેજ હોય છે. ઉમેદવારને કયા બોર્ડ સમક્ષ હાજર થવાનું થશે એ છેલ્લી ઘડીએ ઉમેદવાર જે ટોકન પસંદ કરે તેનાથી નક્કી થાય છે, એ જ રીતે પરીક્ષા લેનાર તજ્જ્ઞ કયા બોર્ડમાં હશે તે પણ એ ટોકન ઉઠાવે ત્યારે તેનાથી નક્કી થવા લાગ્યું છે. આપણે ત્યાં સરકારી વહીવટમાં જે 'સેટીંગ'ની શક્યતાને અવકાશ છે. તેનો આયોગના અધ્યક્ષે ભાંગીને ભૂક્કો કરી નાખ્યો છે. હવે કોઈને એ અંગે ફરિયાદ કરવાનું કારણ રહેતું નથી.

તેમણે જણાવ્યું કે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો દ્વારા પ્રાથમિક કસોટી આપ્યા બાદ તેઓની OMR શીટ વહેલી તકે એટલે કે વધુમાં વધુ પરીક્ષા પૂર્ણ થયાના ચોવીસ કલાકમાં આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવે છે. જેથી ઉમેદવારો તે ડાઉનલોડ કરીને પોતાની વિગતોની ખરાઈ કરી શકે છે. આ શરૂઆત તા. 24-12-2016થી શરૂ કરવામાં આવી છે. તેમ છતાં કોઈ ઉમેદવારો માહિતી અધિકારનો ઉપયોગ કરીને પોતાના કિસ્સામાં કોઈ વિગતો જાણવા માગે તો તે મેળવી શકે છે.

ઘણા જાણે છે કે બધું બરાબર હોવા છતાં કેટલાક ઉમેદવારો ફરિયાદ લઈને વડી અદાલતમાં પહોંચી જતા હોય છે, એને કારણે પણ પ્રક્રિયામાં ટાળી શકાતો વિલંબ ઉમેરાય છે. આ બધું આપણે સમૂહ માધ્યમોમાંથી જાણતા હોઈએ છીએ. હવે પારદર્શિતા વધવાને કારણે, ટેક્નોલોજીથી થતી તટસ્થ પ્રક્રિયાને કારણે, અદાલતી કેસોમાં પણ ઘટાડો થયો છે. ઉમેદવારની ફરિયાદને આ માધ્યમો દ્વારા શક્ય તેટલો સંતોષ આપવાનો પ્રયાસ થાય છે જેથી તેને અદાલત સુધી જવાનું, વધારાના ખર્ચમાં ઉતરવાનું કારણ જ ન રહે. ક્યારેક અપવાદરૂપ કોઈ ઊભો થાય તો તેને કારણે સમગ્ર પરિણામમાં વિલંબ ન થાય તેનું ધ્યાન રખાય છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અદાલત પણ આવા કિસ્સામાં સીલકવર પ્રોસીજરની પ્રક્રિયાને માન્ય રાખે છે.

ભારતીય સનદી સેવા અને રાજ્ય સનદીસેવા વચ્ચેની જે વધુ કે ઓછી ગુણવત્તાની વાત હતી તેને હવે ઓછી કરવાનો પ્રયત્ન થયો છે. દેશભરના જાહેર સેવા આયોગની બેઠકમાં આ માટે એક પેટા સમિતિ ગુજરાત રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષપદે નીમાઈ હતી. તેણે બધો અભ્યાસ કરીને બે પરીક્ષાઓ વચ્ચે ગુણવત્તાનો મોટો તફાવત ન રહે તેવાં સૂચનો સાથેનો અહેવાલ રજૂ કર્યો જે સ્વીકારાયો છે. તે અન્વયે આપણે ત્યાં પણ વર્ગ-1, વર્ગ-2ની પરીક્ષામાં વૈકલ્પિક વિષયની નાબૂદી કરવામાં આવી છે. પ્રશ્નપત્રોની ગુણવત્તા ઊંચી લઈ જવામાં આવી છે. બંધારણે દેશના તમામ નાગરિકોને 'તકની સમાનતા' પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરી છે. હવે તો રાજ્યના

મુખ્ય મંત્રીએ પણ તે મુજબ જાહેરાત કરી છે કે પ્રતિવર્ષ નિયમિતપણે ઉચ્ચ અધિકારીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. ગુજરાતમાં આવેલાં પરિવર્તનનો લાભ નવી પેઢીને ઉપલબ્ધ થશે. દાસાસાહેબે એવા કિસ્સાઓની પણ વાત કરી જેમાં તેજસ્વી યુવાનો વિદેશ જવાની તૈયારી કરતા હોય અને સમયસર થતી પરીક્ષાને કારણે એમણે પોતાનો પ્લાન બદલી નાખ્યો હોય.

એક તરફ યુવાનોને સલામત કાયમી અને ઊંચા પગારવાળી સરકારી નોકરીઓ જોઈએ છે જેને માટે તે હકદાર પણ છે. બીજી તરફ જાહેર વહીવટી તંત્ર નાગરિકોની વધતી અપેક્ષાઓની તુલનામાં નીચે જઈ રહ્યું છે. વિકાસની યોજનાઓના લાભ અયોગ્યને ન પહોંચી જાય, તેમાં વિલંબ ન થાય, એવી બાબતોમાં પણ સરકારીતંત્ર બેદરકાર હોવાનું અનુભવાય છે. મોટાં કૌભાંડ નથી થતાં એવો દાવો રાજકીય પક્ષ ભલે કરે પણ નાનામાં નાના માણસને ભ્રષ્ટાચાર વિનાનો વહીવટ સાંપડ્યો છે એમ ખાતરીબંધ જવાબદારીપૂર્વક કોઈ કહી શકે તેમ નથી. તેથી મારો સવાલ અધ્યક્ષશ્રીને એ હતો કે સારી વાત છે કે ભરતી પ્રક્રિયામાં બધું બરાબર ગોઠવાઈ ગયું છે, તેનાં સુપરિણામ મળવાં પણ લાગ્યાં છે. પણ મને એ કહો કે આપણે સારા-પ્રામાણિક જાહેર સેવકો શોધી આપવામાં સફળ થયા છીએ ખરા? જવાબમાં એમણે ઘણી મુદ્દાની વાત કરી. પોતાની વાત ઉદાહરણથી સમજાવતાં કહ્યું કે નીતિશાસ્ત્ર (Ethics)-નો વિષય લઈને સૌથી વધુ ગુણ હાંસલ કરનાર ઉમેદવાર તે પછીની પરીક્ષામાં ચોરી કરતાં ઝડપાયો હતો! આવી સ્થિતિ જ્યાં હોય ત્યાં આપણે ખાતરીબંધ કશું કહેવા જઈએ તો ખોટા પડીએ. એ કામ તો સમાજનું, શિક્ષણનું, ધર્મનું, કુટુંબમાં અપાતી કેળવણીનું છે. નૈતિક મૂલ્યો એનામાં ઊતર્યાં હશે તો પછી તે સફળ થઈને અનૈતિક કાર્યમાં પ્રવૃત્ત નહીં બને.

વાત સાવ સાચી છે. સરકારી તંત્રનો અને સમાજનો કોયડો એવો છે કે જે અપ્રમાણિક છે તે કાર્યદક્ષ પણ છે અને જે પ્રામાણિક છે તે કામમાં નબળો પણ હોય છે. બધી વખતે આવું નથી હોતું, પણ ઘણી બધી વખત આ સાચું હોય છે. એનો ઉકેલ કોઈ વ્યક્તિ કે કોઈ એક સંસ્થા કેવી રીતે કરી શકે? અપેક્ષા રાખવાનો આપણને જરૂર અધિકાર છે પરંતુ વાસ્તવિકતાને નજર અંદાજ કરીને અપેક્ષા સેવવાનો મનસૂબો ન સેવવો જોઈએ.

આખી વાતચીતને અંતે અમે એમને શુભેચ્છા આપી કે હજુ તમારી ઉંમર પચાસથી નીચેની છે ત્યારે, તમે કાર્યદક્ષતાના પર્યાપ્ત પુરાવા આપ્યા છે ત્યારે તમને આગળ ઉપર પણ આવાં વધુ કામો કરવાની અને એવા હોદ્દાઓ મળવાની શક્યતા સાકાર થાય એવી શુભેચ્છાઓ. ❑❑❑

મોનિયાની દુનિયા

☐ નૌશિલ મહેતા



કલ્પો ઈ. 1869ના અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફૉર્મ નંબર એકથી મુંબાઈ જતી રેલગાડીના સેકન્ડ ક્લાસમાં તમે પ્રવેશો છો. કન્ડક્ટર ઉષ્માથી તમારું સ્વાગત કરે છે. 'પધારો મારા સેઠ, અહોભાગ કે તમારી સેવાનો મોકો મળ્યો...' કહી, તમારા હાથમાંથી ચામડાનું સૅચલ લઈ, ઉપરની અભરાઈએ ગોઠવે છે અને બારી બાજુની ચામડાની ગાદીવાળી બેઠક ચીંધે છે.

તમે ત્યાં ગોઠવાઓ છો. સામે બેઠેલા માંડ ત્રીસેક વર્ષના તમારા યુવાન મિત્રને સ્મિત આપો છો. યુવાનના ચહેરે આનંદી સ્મિત છે, હાથમાં પિત્તળનાં કપ-રકાબી. કપમાંથી વરાળ ઊડે છે. કપ-રકાબી સમેત એ પ્રણામ જેવું કરે છે. તમે ડોકું ધુણાવી, ખીંટીએ તમારી પાઘડી લટકાવો છો. તમારી વચ્ચે નાનકડી અભરાઈ પર પિત્તળની ટ્રેમાં ઊનની ટોપી ઢાંકેલી કીટલી છે.

'આ શું?' તમને આશ્ચર્ય થાય છે.

'ચ્હા, શેઠિયા, ચ્હા! ખબર નથી સાંભળ્યા? હિન્દોસ્તાનના હંધાય ટેશને મફ્ત ચ્હા વહેંચવાની યોજના છે. શ્રીગણેશ તમારા શહેરથી થાય છે...' તમારા વધતા આશ્ચર્યથી મિત્રનો આનંદ જાણે છલકાય છે.

'અંગરેજો કંઈ મફતમાં આપે એ વાતમાં માલ નહીં!'

'છે મફ્ત. પીવી હોય તો રેડી દઉં!' મિત્ર કીટલીની બાજુમાં ગોઠવેલાં બીજાં કપ-રકાબી ચીંધે છે.

'પણ ગાડી ઊપડશે તો?'

'ફિકર કરો મા, આવતા ટેશને લઈ જાશે.'

'તો તો થાવા દો કાપડિયા શેઠ!

તમારી સોબતે થયેલો આ પહેલો રોકડિયો નફો!'

'એમ વાત,' કહી ગોકુળદાસ કાપડિયા પોતાનો કપ બાજુએ મૂકી, દૂધદાનીમાંથી ચાર ટીપાં દૂધ તમારા કપમાં નાખી, ટોપી હટાવી, કીટલીમાંથી ગરમાગરમ ચ્હા રેડે છે. છેવટે કલઈવાળી પિત્તળની ચમચ વડે સાકરદાનીમાંથી બે ચોસલાં નાખી હલાવે છે.

તમે ચ્હાની ચૂસકી લો છો ત્યાં જોરશોરથી સીટીઓ વાગે છે, લીલી ઝંડીઓ ફરકે છે. તમે કપ-રકાબી ટ્રે પર પાછાં મૂકો છો. ગાડી ધ્રૂજીને એન્જિનના સુસવાટે ચાલવા લાગે છે.

તમારું નામ રણછોડલાલ છોટાલાલ છે, તમારી ઉંમર પિસ્તાલીસ-છેંતાલીસ જેટલી છે અને તમે અમદાવાદ શહેરના પહેલા મિલમાલિક છો. તમારી ગણના અમદાવાદના ગણ્યાગાંઠ્યા લખપતિઓમાં થવા લાગી છે, પણ હકીકતમાં લાખ રૂપિયાની મૂડી હજી તમારું સપનું જ છે. તમે સાઠોદરા નાગર ગૃહસ્થ છો અને હા, રખે કોઈ તમને 'નાગર બ્રાહ્મણ' કહી બેસે તો તમે તાડૂકો છો, 'જા જા હવે, બામણ બીજા, અમે સીધું લઈયેં નહીં, દઈયેં!'

કાપડિયો મોઢવણિક છે, જન્મજાતે ચતુર. છ મહિના અમદાવાદ ધામા નાખીને પડ્યો રહ્યો ત્યારે તમને પહેલાં એમ લાગેલું કે આને પોરબંદરમાં મિલ નાખવી છે અને માર્ગદર્શન માગવા આવ્યો છે. તમે આપેલું. પછી લાગેલું તમારી કમ્પની 'ધ અહમેદાબાદ સ્પિનિંગ ઍન્ડ વીવિંગ કું. પ્રા. લિ.'ના શૅરમાં એને રોકાણ કરવું છે. છેવટે ગયા અઠવાડિયે એણે ફોડ પાડેલો : એને આવતાં પાંચ વરસનું તમારી મિલનું અડધોઅડધ પ્રોડક્શન ખરીદી લેવું છે, આજના ભાવે. આફ્રિકા ખાતે નિકાસ માટે.

તમેય નાગરબચ્ચા છો. એકઘરાકીના ધંધામાં ફસાય એ બીજા. પહેલાં તો તમે ચોખ્ખી ના ફટકારી દીધેલી. પછી ચાર દિવસે એને મોકો આપેલો, તમને રીઝવવાનો. દરમિયાનમાં તમે માલમ કરેલું કે છ વરસ પહેલાં કાપડિયાએ માનચેસ્ટરની મિલ સાથે કરેલો આવો સોદો શા ભાવે થયેલો અને કયા સંજોગોમાં ફોક થયેલો. મુંબાઈ ચાર તાર કરવા પડેલા, પણ એ ખરચ પોસાય. છેવટે ગઈ કાલે તમે મિલના સમગ્ર પ્રોડક્શનનો ચોથો ભાગ, દસ વરસ માટે, દર વરસે અઢી ટકા વધતા ભાવે નક્કી કરી આપેલો. કાપડિયો રાજી નહોતો થયો, પણ બહાનાની રકમ હૂંડી મારફત તાબડતોબ પહોંચતી કરેલી. ગજવાં ગરમ થતાંવેંત તમે રાજી થયેલા અને રાજીપાના કેફમાં બીજી મિલ શરૂ કરવાનું નાનકડું સપનુંય જોઈ કાઢેલું.

હવે કાપડિયાની ઇચ્છા હતી કે એના મોભી પોરબંદર નરેશ મહારાણા વિક્રમાતજી ખિમોજીરાજ જેઠવાના

આશીર્વાદ તમે મેળવો, જેથી ખંભાતથી પોરબંદર અને પોરબંદરથી મોમ્બાસા-દાર-એ-સલામ માલની આવનજાવનમાં સરળતા રહે.

રાણાસાહેબ ગ્રીવ્ઝ કમ્પની દ્વારા આયોજિત ટેક્સટાઇલ મશીનોનું પ્રદર્શન જોવા ભરૂચ રોકાયા હોવાના સમાચાર મળતાંવેંત કાપડિયાએ આજની ટિકિટો કપાવેલી.

તમને રાણાસાહેબને મળવામાં ખાસ રસ નહોતો. પણ પ્રદર્શનમાં કાપડિયા જેવા બીજા ઘરાક જડે એ લાલચ જરૂર હતી. કરવા પૂરતી આનાકાની કરીને તમે પ્રવાસ માટે તૈયાર થયેલા.

આજે ટ્રેનના લયમાં ડોલતાં ડોલતાં તમે વિચારે ચડ્યા છો : મિલનાં મશીનો, વાયદાની બજાર, મફતની ગરમાગરમ ચ્હા કે બારીમાંથી સરકતાં વૃક્ષો... આમાંનું કંઈ શક્ય ન હોત જો અંગરેજોનું રામરાજ્ય ન હોત!

*

કલ્પો કે રાત છે. આકાશમાં અગણિત તારા ઝગારા મારે છે. તમે વહાણમાં પોરબંદર જઈ રહ્યા છો. વહાણ કચ્છી કારીગરોએ પોરબંદરની ગોદીમાં બાંધેલું અરબી શૈલીનું 'ઢાઉ' છે. પંદર ગજ લાંબું, પાંચ ગજ પહોળું, બાર ગજ ઊંચા ત્રિકોણ સઢવાળું વહાણ પવનવેગે સરી રહ્યું છે કેમ કે આજે માલસામાન ભર્યો નથી. વહાણમાં એથીય મૂલ્યવાન કાર્ગો છે. ખુદ પોરબંદર નરેશ એમના વીસ ખાસ માણસો અને ચાર અરબ અંગરક્ષકો સાથે પ્રવાસ કરી રહ્યા છે. આ હકીકતનું એલાન કરતી ધજાઓ - અંગરેજ ધજા સાથે પોરબંદર રાજ્યની જાંબલી-પીળી-ભગવી ત્રિકોણ ધજા અને રાણાસાહેબની પોતાની, મેરુ પર્વત લઈને ઊડતા હનુમાનની આકૃતિવાળી કાળીધોળી ચોરસ ધજા - સઢની ટોચે ફફડે છે. દૂર પોરબંદરની દીવાદાંડીનો પ્રકાશ અલપઝલપ દેખાય છે.

તમે તૂતક પર પગ ફેલાવી-જમાવીને, એક હાથે તમારા બાવડા જેટલું જાડું ઊભું દોરડું ઝાલીને ઊભા છો. તમારા શહેરને પહેલવહેલી વાર દરિયામાંથી જોવા તમે ઉત્સુક છો. તમારું નામ ગોકુળદાસ કાપડિયા છે અને લગભગ એક વરસના પ્રવાસને અંતે તમે ઘેર પાછા જઈ રહ્યા છો.

તમે ભલે હો મોઢવણિક, પણ પુષ્ટિમાર્ગ છોડ્યે તમારા કુટુંબને દાયકાથીય વધુ સમય થયો છે. સમજોને, એ જ સાલ છોડેલો, જ્યારે રાણાસાહેબે છોડેલો. કહે છે, તે સાલ રાણા તલવાર લઈને દર્શને ગયેલા ત્યારે પૂજારીએ એમને તલવાર બહાર મૂકીને દર્શન કરવા કહેલું, 'લાલો તો શિશુરૂપ છે, તલવાર જોઈને ગભરાઈ જાય!' રાણાએ ત્યાં જ તલવાર પછાડીને કહેલું, 'અમે ક્ષત્રિય છીએ, આવા બીકણને માથું ટેકવે એ બીજા!' પછી

એમણે કાશી જઈ શિવમંદિર બંધાવેલું અને પાછા ફરીને ચલણના સિક્કા બદલેલા. રાજઘરાનામાંથી પુષ્ટિમાર્ગનાં ચિહ્નોનું નામોનિશાન મિટાવી દીધેલું. પુષ્ટિમાર્ગ છોડવાનું તમારા કુટુંબનું કારણ સાદુંસીધું હતું : તમારા બાપુજીના હાથમાં પ્રણામી ધર્મનું એકાદ ચોપાનિયું આવેલું. એમને વાતમાં રસ પડેલો એટલે અન્ય પુસ્તકોનો અભ્યાસ કરેલો અને સહકુટુંબ આ ધર્મ અંગીકાર કરેલો. શીખોના ધર્મગુરુ નાનકની જેમ, પ્રણામી ધર્મના પહેલા ગુરુ દેવચંદ્રજી મહારાજે પણ સત્તરમી સદીમાં કાશી તેમ જ મક્કા-મદીનાની યાત્રા કર્યા પછી આ ધર્મની સ્થાપના કરેલી. મૂર્તિપૂજાને સ્થાને આ ધર્મમાં ગ્રંથ અને મોરપિચ્છ સમક્ષ પ્રાર્થના થાય અને નાત-જાત ધરમ-ભરમ ભૂલીને, માણસમાત્ર સાથે સમભાવ કેળવવાની શિખામણ અપાય. તમે મનોમન બાપુજીનો પાડ માનો છો કેમ કે પુષ્ટિમાર્ગી તરીકે તમે દરિયો ખેડત, તો નાતબહાર થવાની નોબત આવી હોત.

દૂર ક્ષિતિજે, દરિયાને છેડે, દીવાદાંડીની આસપાસ, એક ધોળો લીસોટો દેખાવા લાગ્યો. આ હશે પોરબંદર! ત્યાં એકાએક વહાણમાલિક, ચોવીસેક વરસનો અબુબકર, બાંડિયું અને લુંગી પહેરેલો, હાંફળોફાંફળો, ચમકતા સોનેરી દૂરબીન સાથે, નીચેની કેબિનમાંથી તૂતક પર આવે છે. તમારાથી રહેવાતું નથી, 'અબુભાઈ, દૂરબીનમાંથી જોવા દેશો?'

'હમણાં નહીં સેઠ, નાખુદા કહે છે કે રાણાસાહેબ માટે સંદેશ આવે છે. લખી લેવા દ્યો,' કહી એ વહાણને છેડે જઈ, દૂરબીનમાં જોઈને કંઈ ધીમુંધીમું બોલવા લાગે છે. ક્યાંકથી એનો મુન્શી પ્રગટે છે, એ અબુબકરે કહેલું નોંધતો જાય છે. બીજે ક્યાંકથી નાખુદા પ્રગટે છે, જેના હાથમાં ઢાંકણવાળું ફાનસ છે. અબુબકરના કહેવાથી એ ફાનસ ઉઘાડવાસ કરીને દીવાદાંડીને સંદેશ પહોંચાડતો જાય છે.

થોડી વાર તમે આ તમાશો જોયા કરો છો અને જોતાં જોતાં વિચારે ચડો છો : તમારો દાવ પોબાર પડ્યો. મુંબાઈ તાર કરીને બે માથાં ભરૂચનાં પ્રદર્શનમાં બોલાવી રાખેલાં, જેમણે રણછોડભાઈનું બારબાર ટકા પ્રોડક્શન, તમારા વતી, એમને જણાવ્યા વગર, તમારા જ ભાવે, આવતાં દસ વરસ માટે બૂક કરી લીધું. બાપુજીના ગયા પછી, તમારી પોતાની કુનેહે થયેલો આ પહેલો મોટો સોદો હતો. મનોમન તમે કબા ગાંધીનો પાડ માનો છો.

તમને યાદ આવે છે ગઈ સાલની નારેળી પૂર્ણિમાનું નાતજમણ. અનાયાસે કબા તમારી બાજુના પાટલે બેઠેલા અને મંડેલા ગુજરાતી વેપારીઓની ઠેકડી ઉડાવવા, 'ડફોળો માન્ચેસ્ટરથી માલ ઉપાડે, અંગરેજી વહાણ કરી,

આખું આફ્રિકા ફરી, મોમ્બાસા માલ ઉતારે! પાછા અંગરેજી છાપાં વાંચીને કહે કે સુએઝની નહેર આવશે પછી ફેરો અડધાથીય ઓછો થઈ જશે! પણ મૂરખાઈના જામસાહેબોને દેખાતું નથી કે કોઈ પણ માર્ગે મોમ્બાસાથી ઇંગ્લાન્ડ કરતાં પોરબંદર પાસે પડે. આપણા મુંબાઈમાં મિલો નથી ખૂલી? હવે તો અમદાવાદમાંય ખૂલી છે. એનો માલ દેશી વહાણમાં મોકલો તો કેટલાય દેશીઓની આંતરડી ઠરે, વળી વેપારી બચત કેટલી કરે? કેટલો એનો નફો વધે?'

તમને કળાયલું કે કબા બાજુના પાટલે અનાયાસે બેઠા નહોતા. તમે મટકું માર્યા વગર મુદ્દાની વાત છેડેલી, 'અહીંનો વેપારી અહીંના બંદરને નિકાસનું મથક બનાવે તો બંદરવેરામાં રાજ્ય કંઈ ઓછું કરી આપે?'

પતરાળીમાં દાળભાત ચોળતાં ચોળતાં, તમારી સામું જોયા વગર કબાએ કહેલું, 'તમે લેખિત અરજ આપો. અંગરેજોને પૂછવું ન પડે એવી બાબતોમાં પોરબંદર વહેવારુ છે.'

તમે મૂછમાં હસીને વિચારેલું, એવી બાબતોમાં પોરબંદર દીવાનનું સાંભળે છે.

વહાણનો ઘંટ વાગે છે. તમને ડંકા કળાય છે, સવારના ચાર વાગ્યા. થનાર નફાના ઉત્સાહમાં રાત આખી તમને નીંદર નથી આવી. આવી રીતે ભરૂચથી પંદર-સોળ કલાકે ઘરે પહોંચી શકાય? તમે આશ્ચર્યચકિત છો. ભૂમાર્ગે તો મહિને પહોંચ્યાનુંય સાંભળ્યું નથી.

ત્યારે મુન્શી આવી તમને દૂરબીન સાથે ચબરખી પકડાવે છે, 'મુબારક હો સેઠ, લક્ષ્મી પધાર્યાં!' ચબરખીમાં લખ્યું છે, ત્રણેક માસ પહેલાં, વૈશાખી અમાસના રવિવારે તમે દીકરીના પિતા બન્યા છો. બા-દીકરી સુખરૂપ છે. તમે ગજવામાંથી રૂપાની કોડી કાઢી મુન્શીને આપો છો. એ સલામ કરીને જાય છે.

તમારો આનંદ બેવડાય છે : ખરેખર, લક્ષ્મી પધાર્યાં. પધરામણી સાથે કુટુંબનું ભવિષ્ય મજબૂત બનાવ્યું. તમે દૂરબીન માંડો છો : ક્ષિતિજે દેખાતો ધોળા પથ્થરનો ગઢ ઈશ્વરે દરિયાકિનારે રેતીમાં વેરેલી મોતીની માળાની જેમ દીપી ઊઠે છે. દીકરીનો જન્મ! આ તો સોનામાં સુગંધ! તમે વિચારો છો, સુગંધનો અર્થ સારતું નામ કયું હોઈ શકે... કસ્તૂર! હા, કસ્તૂર... એની રાશી ગમે તે હોય, તમારે મન એ કસ્તૂર જ રહેવાની!

અચાનક વહાણના પેટાળમાંથી ત્રાડ આવે છે, ઠાર થયેલા સિંહની ગર્જના જેવી. તમારી આસપાસ થતી ખલાસીઓની ગુસપુસ તમને સમજાવા લાગે છે : *પાટવીકુંવર સિધાવ્યા, માધોસિંહજી ગયા.*

તમારા પેટમાં ફાળ પડે છે.

રાણાની ત્રાડથી વહાણ ગાજે છે, પણ દરિયો શાંત છે. ત્રાડ વહાણની બહાર પડઘાતી નથી, વહાણની અંદર

શમતી નથી.

*

કલ્પો કે પહેલા નોરતાની પરોઢે તમે કુતિયાણા ગામના પાદરેથી બળદગાડામાં બેઠેલા. રાજકોટ-પોરબંદર મારગે પહોંચેલા ત્યારે મારગની ડાબે એક પથરા પર ચોવીસનો અંગરેજી આંકડો કોતરેલો જોયેલો. પછી ઘટતા ક્રમમાં ઠેકઠેકાણે આવા પથરા દેખાયેલા. ભરબપોરે પોરબંદર દેખાતું થયું ત્યારે પથરા પર અંગરેજી એકડો કોતરેલો. આઠ દાયકામાં મારગને પડખે આવા પથરા અને આંકડા તમે પહેલવહેલી વાર જોયા. ગાડું હાંકતા બુધિયા મુજબ આ પથરા પાંચેક વરસ જૂના છે. તમને અજાણ્યા લાગે એ સ્વાભાવિક છે, કારણ કે પોરબંદરના કારભારીપદથી બે દાયકા પહેલાં નિવૃત્ત થયા બાદ તમે પહેલી વાર ગઢ પાછા જઈ રહ્યા છો. તમારું નામ ઉત્તમચંદ ગાંધી છે અને લોકો માનથી તમને ઓતાબાપા કહે છે.

તમને તાબડતોબ બોલાવતું રાણાનું કહેણ પહેલા શ્રાધિયાની બપોરે બે ઘોડાની સિગરામમાં આવેલું. ગામલોક ભેગું થઈ ગયેલું. વિદેશી ઘોડાગાડી બધાએ પહેલવહેલી નિહાળીને 'સગરામ આવી, સગરામ આવી'નો શોર કીધેલો. તમને એ સમજાયેલું કે કહેણ દીવાનને પૂછ્યા વગર મોકલાયેલું કેમ કે દીવાન તમારો દીકરો છે, કબા ગાંધી. તમે અરબ ગાડીવાનને ચિઠ્ઠી આપી મહામહેનતે વળાવેલો. એને કોણ સમજાવે કે મરજાદી વૈષ્ણવ શ્રાધિયાંમાં પ્રવાસ ન કરે!

રસ્તા પર પોરબંદરની ધજાવાળી સિગરામ તમારું સામૈયું કરવા આવતી દેખાય છે. મારગનાં બધાંય આવતાંજતાં ગાડાં થંભી ગયાં છે, જેથી સિગરામ પસાર થઈ શકે. તમારે ઇશારે બુધિયો ગાડું રોકે છે. હાંફતે ઘોડે સિગરામ તમારા ગાડા પાસે આવી થંભે છે. તમે ગાડામાંથી કૂદકો મારીને ઊતરો છો. કબા સિગરામના પગથિયે ઊતરી, પાઘડી ઉતારી, સીધા તમારા પગે પડે છે.

ભલે સુડતાલીસના થયા હોય, કબા તમને હજીય બહુ વહાલા છે. તમે હેતથી એમના માથે હાથ ફેરવો છો અને પછી એમને ખભે ઝાલી, ઊભા કરી, છાતીસરસા ચાંપો છો. જરાવારમાં તમને કળાય છે કે કબાના હૈયામાં ડૂસકું આકાર લઈ રહ્યું છે. તમે એમનાથી અળગા થઈ, એમના હાથમાંથી પાઘડી લઈ, બે હાથે એમને પહેરાવો છો. કબા સમજી જાય છે. એ ઊંડો શ્વાસ લઈ, મંદ સ્મિત આપીને કહે છે, 'બાપા હાલો, મહેલ ભણી!'

સિગરામમાં બેસતાંવેંત ગાડીવાન દરવાજા બંધ કરે છે અને તમને એકાંત મળે છે. અરબ ગાડીવાન ગુજરાતી ન સમજતો હોવા છતાંય તમે બન્ને ધીમા અવાજે વાતો કરો છો.

'મહેલ આવે ઇ પહેલાં હંધુંય ટૂંકમાં કહો.'

'ત્રણ મહિના પહેલાં માધોસિંહજી સિધાવ્યા. રાણા ભરૂચ હતા. મેમણપંચાયતને કહેવડાવી વહાણ દોડાવ્યું. બીજી સવારે રાણા પધાર્યા. અગ્નિદાહ થયો.'

'કોના હસ્તક?'

'ભાવસિંહજીને તેડાવેલા.'

'હારું કર્યું. ઇમને કેમ છે?'

'ઠીક છે, પણ પોરબંદરની ભેજવાળી હવા હજી માફક નથી આવતી...'

'નવ-દસ વર્ષની ઉમ્મરે આ જબરી કઠણાઈ... વૈદ બદલો! હવે પાટવીકુંવર ઇ થ્યા. ઇમને પોરબંદર આવ્યે જ છૂટકો!'

'જી.'

'પછી?'

'રાણાએ તપાસ માંડી, કે માધોસિંહજીને નશો કોણ કરાવતું હતું...' કબાની આંખોમાં પાણી આવુંઆવું કરે છે, 'કુંવરની હયાતીમાં મેં કેટલીય વાર રાણાને એમની નશાખોરી વિશે કહેલું, પણ દર ફેરે એ વાત સાંભળી-ન-સાંભળી કરી નાખતા!'

તમે કબાના વાંસે હાથ ફેરવી વહાલથી કહો છો, 'ઇ તમને નો હમજાય. તમારે જુવાન દીકરા નથ. પછી?'

કબા સ્વસ્થ થાય છે, 'પછી ખવાસ પકડાયો. રાણાએ પોતાના ખંજરે એનાં નાક-કાન કાપી નાખ્યાં. બીજે દહાડે ખવાસે ગઢની દીવાલેથી પડતું મેલ્યું. ઊકલી ગયો. ગયે મહિને રાજકોટથી પોલિટિકલ એજન્ટસાહેબ અંગરેજ જડજને લઈને આવ્યા. જડજસાહેબે રાણાને દેશવટાની સજા ફરમાવી, પોરબંદરની ફસ ક્લાસ રાજ્યની પદવી રદ કરી, થર્ડ ક્લાસની આપી. ભલામણ કરી કે રાજ્યનો વહીવટ અંગરેજ સિવિલ સર્વિસને સોંપવો. પછી...'

'ત્યારે તમે હું દલીલ કરી?'

'એ જ કે ખવાસની ઘટનાને પોરબંદરના વહીવટ સાથે લેવાદેવા નથી અને રાણાને પોરબંદર બહાર બીજે ક્યાંય પણ, જાનનું જોખમ છે. દલીલો બે દહાડા ચાલી. છેવટે અંગરેજ વહીવટ અને દેશવટો રદ થયાં.'

'હારું થયું. હવે કહો, બે દિવાળી પહેલાં તમે પોરબંદરમાં વેપાર વધારવાની વાત કરતા હતા, ઇ કેટલે પહોંચ્યું?'

'ચૂનાના પથ્થરની માગ વધી છે. નિકાસ બે વરસમાં દોઢી થઈ છે.'

'વહાણવટું?'

'ચારેક વેપારીઓ માન્યા. છેલ્લા ગોકળદાસ કાપડિયા. એ પહેલા ત્રણથીય સારો સોદો અમદાવાદની મિલ સાથે કરી આવ્યા. ચારેય વેપારીઓએ બંદરવેરામાં છૂટની અરજી કરી છે. પોરબંદર છૂટ આપશે, જો વહાણ અહીંની ગોદીમાં બંધાયું હશે, વહાણનો માલિક અહીંનો હશે અને વહાણ પરના મોટા ભાગના ખલાસીઓ

અહીંના હશે.'

'વાહ, દીકરા, વાહ! આજે ચાર માન્યા છે... કાલે એમનું જોઈજોઈને ચાલીસ માનવાના! મજૂરોને, ખારવાઓને, વેપારીઓને, રાણાને, હંધાયને લાભ થશે! દીવાનપદું મળતાં પહેલાં તમે અંગરેજોને પોરબંદરના દાવમાં લીધેલા, આ દાવ પણ એવડો જ પુરવાર થવાનો.'

બે દાયકા પહેલાં બંદરવેરાનો અડધોઅડધ હિસ્સો સાલિયાણા તરીકે કમ્પની સરકારને ચૂકવાતો. યુવાન કબાએ તમારી કચેરીમાં દસ વરસના બંદરવેરાના હિસાબો તપાસી જણાવેલું કે એ સાલ ભલે કમ્પનીને સાડાદસ હજાર ચૂકવવાના હોય, પોરબંદરે પંદર ચૂકવવા - એક શરતે - કે હવે પછી સાલિયાણું કાયમ પંદર હજાર રહેશે. બંદરની આવક, થાય એટલી, પોરબંદરની રહેશે. કબાએ તમને દેખાડેલું, કેવી રીતે બંદરની આવક પાંચ વરસમાં પચાસ હજાર સુધી લઈ જવાય.

આ શરતો સમજાવવા તમે કબાને રોજકોટ મોકલેલા. એ સહીસિક્કો લઈને આવ્યા, ત્યારે તમે દીવાનપદ માટે એમની ભલામણ કરેલી અને રાજની સેવામાંથી નિવૃત્ત થયેલા. આજે બંદરની આવક બે લાખની ઉપર હતી, સાલિયાણું હજી પંદર હજાર.

થોડી વાર સિગરામમાં ઘોડાના ડાબલા સિવાય કંઈ સંભળાતું નથી. તમે વિચારોમાં ખોવાયેલા છો, પણ કબાથી રહેવાતું નથી. એ એમને સતાવતી ચિંતા કહી દે છે, 'રાણાના ગુસ્સાનો પાર નથી...'

'એમ જ હોય, એમનો અહમ્ ઘવાયો છે. બાકી દીકરા, ફસ ક્લાસ અને થર્ડ ક્લાસમાં ફેર કેવડો? હાત વરસથી વધારેની હજા કે ફાંસી આપતાં પહેલાં તારે રાજકોટથી મંજૂરી લેવી પડશે, એટલું જ! રૈયતને ફેર પડતો નથી. રાણાને હમજાવું છું, વહાણવટાનો વધેલો વેપાર કેમનો પોરબંદરને ફરી ફસ ક્લાસ અપાવશે... ઘેર બધાં કેમ?'

'બાપા, તમારે એક પૌત્ર વધ્યો...'

'હોય નહીં, કોને ઘેર?'

કબા નીચું જોઈ જાય છે, 'મારે ઘેર. શ્રાદ્ધપક્ષની બારસે. બા-દીકરો સુખરૂપ છે...'

બે પળ તમે અચરજથી તમારા દીકરાને જોઈ રહો છો, પછી તમારા ચહેરે તમારી મૂછથીય પહોળું બોખું સ્મિત રેલાય છે. તમે પૂછો છો, 'નામ વિચાર્યું?'


'સિંહ રાશી છે... મોહનદાસ?'

'ગાડીવાનને કહો, ગાડી વાળે. પહેલાં મારા મોનિયાને મળીશ. રાણાનો વારો બીજો.'

* * *

ઐતિહાસિક પાત્રો અને વિગતો સાથે વણેલો આ કાલ્પનિક અહેવાલ છે. આને ઇતિહાસ ન ગણવો.

❑❑❑



☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાનલેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ પ્રખ્યાત ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા તેમજ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *"બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું."*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડો. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસતાક દિવસે નાગરિક સન્માન


પદ્મશ્રીથી નવાજમાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના ''Toy From Trash'' પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાન શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

''આપણા દેશમાં ભાસ્કરાચાર્યનાં આઠસો વર્ષ પછી ફક્ત એક પ્રથમ શ્રેણીનો ગણિતજ્ઞ જન્મ્યો. તેમનું નામ હતું રામાનુજન, અને તેઓ કોલેજનું પ્રથમ વર્ષ પણ ઉત્તીર્ણ કરી શક્યા ન હતા. ભારતે તેમને જન્મની સાથે સાથે ભૂખમરો, ક્ષય રોગ, અને અકાળ મૃત્યુ આપ્યું. બ્રિટિશ ગણિતજ્ઞ હાર્ડીને આ વાતનું પૂરું શ્રેય જાય છે કે જેને ભારતમાં અર્ધ પાગલ ગણવામાં આવ્યો તેની યોગ્યતાને એમણે પિછાણી, તેને ઇંગ્લેન્ડ લઈ આવ્યા, તેને તાલીમ આપી અને તેનામાં રહેલી અખૂટ ક્ષમતાને બહાર લાવ્યા.''

- દામોદર ધર્માનંદ કોસંબી



ભારતના આ પ્રતિભાવંત ગણિતજ્ઞનું જીવનવૃત્તાંત વ્યાવસાયિક ગણિતજ્ઞોમાં સૌથી સુપ્રસિદ્ધ છે, કારણ કે એક ગરીબ કુટુંબમાં ઉછેર અને પ્રાથમિક શિક્ષણનો અભાવ હોવા છતાં તેમણે વિશ્વમાં પ્રસિદ્ધિ હાંસલ કરી.

રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર ઈ. સ. ૧૮૮૭ના દિવસે મદ્રાસથી ૪૦૦ કિ.મી. દૂર આવેલા ઈરોડમાં થયો. તેમના પિતા શ્રીનિવાસન એક સાડીની દુકાનમાં ઓછા પગારની નોકરી કરતા.

કુટુંબ એટલું ગરીબ હતું કે રોજિંદા વપરાશની વસ્તુઓ પણ મેળવવી મુશ્કેલ હતી. તેમની માતા કોમલથાઅમ્મલ મજબૂત મનોબળવાળાં હતાં,


અને તેમનો દીકરો જીવનમાં

આગળ વધે તે માટે કૃતનિશ્ચય હતાં. પોતાની માતા પાસેથી રામાનુજને ઊંડી આધ્યાત્મિકતા આત્મસાત્ કરી જે સંપૂર્ણ જીવનમાં તેમના ચરિત્રનો એક ભાગ રહી. તેમનો ઉછેર તેમની માતાના વતન કુમ્ભકોણમ નામના શહેરમાં થયો જે ઈરોડથી નજીક હતું.

તેઓ દસ વર્ષના થયા ત્યારથી જ તેમની ગણિત વિષયક પ્રતિભા પ્રગટ થવા લાગી. તેઓ ગણિત ખૂબ જ સરળતાથી શીખી અને સમજી લેતા, અને તેની સાથે સાથે પોતાનાથી ઘણા આગળના ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓનાં ગણિત વિષયક પ્રશ્નો અને શંકાઓ પણ ઉકેલી આપતા. માધ્યમિક શાળામાં તેમણે જી. એસ. કારનું પુસ્તક 'A Synopsis of Elementary Results in Mathematics'નો અભ્યાસ કર્યો. ગણિતના વિશ્વમાં આ પુસ્તક ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું, કારણ કે આ પુસ્તકે જ રામાનુજનને પોતાની પદ્ધતિ સમજાવ્યા વગર સીધું જ પરિણામ લખી કાઢવાની તેમની આગવી શૈલીને વિકસાવવામાં મદદ કરી. માધ્યમિક શાળા પછી મદ્રાસ વિશ્વવિદ્યાલયની પ્રવેશ પરીક્ષા ઉત્તીર્ણ કરવાની તૈયારી માટે તેઓ કોલેજમાં દાખલ થયા. પણ તેઓ ગણિતમાં એટલા ગળાડૂબ રહેતા કે બીજા વિષયોના અભ્યાસમાં રસ નહોતા લેતા જેના લીધે તેઓ પરીક્ષા ઉત્તીર્ણ ન કરી શક્યા. તેઓ ક્યારેય પણ સ્નાતકની પદવી મેળવી ન શક્યા.

તે પછીનાં કેટલાંક વર્ષ રામાનુજન માટે અત્યંત કષ્ટોવાળાં સાબિત થયાં. તેમણે વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં અસફળ રહ્યા. ગણિત ભણાવતી વખતે તેઓ કેટલીક વચ્ચેની ગણતરીઓ ઓળંગી જઈ ગણિતની ઉચ્ચ સ્તરીય વ્યાખ્યાઓ સમજાવવામાં લાગી જતા. વિદ્યાર્થીઓ રામાનુજનની પ્રતિભાનો આદર કરતા પણ ભણાવેલું તેમને કંઈ પણ સમજમાં ન આવતું. આવી ઘટનાઓએ રામાનુજનને જીવનભર હેરાન કર્યા. તેમની મૌલિકતા મોટા ભાગના ગણિતજ્ઞોની સમજની પણ બહાર હતી. તે ગણિતજ્ઞોને હંમેશાં શંકા રહેતી કે રામાનુજન સાચ્ચે જ પ્રતિભાશાળી છે કે ફક્ત હોશિયાર હોવાનો ડોળ કરે છે !

જગપ્રસિદ્ધ **'નોટબુક્સ ઓફ રામાનુજન'** પણ આ જ સમયગાળામાં લખાઈ. રામાનુજનને આંકડાઓ પ્રત્યે એક વિશેષ આકર્ષણ રહેતું. દરેક તર્કસંગત સંખ્યા તેમની મિત્ર હતી. તેમને દરેક માટે આકરી સાબિતીઓ આપવાની જરૂર ન લાગતી, જે પાશ્ચાત્ય ગણિતજ્ઞોની વિશેષતા હતી. તેમની પ્રતિભા સાહજિક હતી. તેઓ એક અસાધારણ માનસિક ઉછાળ પછી પ્રશ્નનું અંતિમ પરિણામ લખી આપતા, પણ આ પરિણામ મેળવવા




માટેનાં ક્રમબદ્ધ પગલાંઓને લખી લેવાની તેમણે ક્યારેય ફિકર ન કરી. ગણિતજ્ઞો બે પેઢીઓથી તેમની નોટબુક્સમાં ખૂંપેલા રહી તેમણે આપેલાં પરિણામોને સાબિત કરવા મથી રહ્યા છે. પણ હજુ સુધી તેઓ આ કામમાં સંપૂર્ણપણે સફળ નથી રહ્યા.

રામાનુજન હવે વીસ વર્ષના થઈ ગયા હતા, અને વડીલોની દૃષ્ટિએ ''તે શિથિલ હોવા ઉપરાંત પોતાની જ દુનિયામાં મગ્ન રહેતા હતા.'' રામાનુજનની માએ તેને તેની જવાબદારીઓનું ભાન કરાવવા માટે ખૂબ જ જૂનો ભારતીય નુસખો કામે લગાડ્યો.

તેમણે રામાનુજનનાં લગ્ન કરાવી દીધાં! તે સમયમાં વડીલોની આજ્ઞા શિરોધાર્ય ગણાતી, તેથી રામાનુજને પોતાનાથી ૧૧ વર્ષ નાની જાનકી અમ્મલ સાથે ૧૪ જુલાઈ ઈ. સ. ૧૯૦૯માં પ્રભુતામાં પગલાં પાડ્યાં. લગ્ન પછી રામાનુજનને પરિવારનું ગુજરાન ચલાવવા માટે નોકરી શોધવાની ફરજ પડી. ઈ. સ. ૧૯૧૨માં તેમને મદ્રાસ પોર્ટ ટ્રસ્ટના એકાઉન્ટ વિભાગમાં એક ક્લર્કની નોકરી મળી ગઈ. ત્યાંના મુખ્ય હિસાબનીશ નારાયણરાવ પણ એક ગણિતજ્ઞ હતા. પોર્ટ ટ્રસ્ટના ચેરમેન સર ફ્રાન્સિસ સ્પ્રિંગ અને નારાયણરાવ બન્નેએ રામાનુજનની ગણિત વિષયક પ્રતિભામાં ઊંડો રસ લીધો.

રામાનુજને પત્રો દ્વારા પોતે કરેલાં ગણિત વિષયક કામોને ઇંગ્લેન્ડના ગણિતજ્ઞો પાસે ચકાસણી માટે મોકલાવ્યાં, પણ તેમણે પ્રાથમિક શિક્ષણ ન લીધું હોવાથી તેમના કામને ગંભીરતાથી લેવામાં ન આવ્યું અને તેમના પત્રોને મોટા ભાગે અવગણવામાં આવ્યા. તેમ છતાં ઈ. સ. ૧૯૧૩માં રામાનુજને જી. એચ. હાર્ડીને એક રસપ્રદ પત્ર લખ્યો. હાર્ડી કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય અંતર્ગત આવતી ટ્રિનિટી કોલેજમાં ગણિતના વિખ્યાત પ્રાધ્યાપક હતા. આ પત્રમાં તેમણે કોઈ પણ વિગતવાર સાબિતીઓ આપ્યા વગર ગણિતના ૧૨૦ પ્રમેયો સૂચિબદ્ધ કરી





The famous Landau Ramanujan constant,
K = 0.76422365358922066299069873...
The equation, as shown here, is very, very slow to approach K!

હાર્ડીને મોકલ્યા. હાર્ડીએ વળતા પત્રમાં જવાબ લખ્યો,

"મેં આવા પ્રમેયો પહેલાં ક્યારેય નથી જોયા. તેમને જોતાંવેંત જ ખબર પડી જાય એમ છે કે આ કોઈ ખૂબ જ ઊંચી કક્ષાના ગણિતજ્ઞ વડે લખવા સંભવ છે. તેમનું સત્ય સાબિત થવું ખૂબ જ જરૂરી હતું, કારણ કે જો તે સાચા સાબિત ન થયા તો તેને ફક્ત કલ્પનાના જોરે શોધી કાઢવા અસંભવ હતા." રામાનુજનના પત્રથી હાર્ડી ખાસ્સા પ્રભાવિત થયા અને તેમના પ્રયાસોને લીધે રામાનુજન કેમ્બ્રિજ પહોંચી શક્યા.

શરૂઆતમાં રામાનુજનના રૂઢિચુસ્ત પરિવારે તેમને સાત સમુદ્રો ઓળંગી વિદેશ જવા ઉપર વિરોધ પ્રગટ કર્યો. કેટલીક વાયકાઓ પ્રમાણે રામાનુજનની માતાને નામગિરિ દેવીનું સ્વપ્ન આવ્યું જેમાં દેવીએ તેમને આદેશ કર્યો કે તેઓ રામાનુજનના ધ્યેયના માર્ગમાં અડચણરૂપ ન બને. તે પછી પરિવારનું વલણ કૂણું પડ્યું અને ઈ. સ. ૧૯૧૪માં રામાનુજન કેમ્બ્રિજ પહોંચ્યા. અહીં તેમનું સંશોધન વધુ વિકસિત થયું અને તેમણે નંબર થિયરી, અનંત શ્રેણી (Infinite Series) અને અનિશ્ચિત અભિન્ન (Indefinite Integral) જેવા ઘણા વિષયો ઉપરનાં નવાં પરિણામો વિષયક શોધપત્રો પ્રગટ કર્યા. આવું જ એક અદ્‌ભુત પરિણામ હતું ઈ. સ. ૧૯૧૭માં શોધાયેલો **'હાર્ડી-રામાનુજન નિયમ'** જે પૂર્ણાંકના વિભક્તીકરણ વિષે હતો. રામાનુજનના કામની વિશેષતા એટલે તેમાં વપરાયેલાં કેટલાંક

રહસ્યમયી સૂત્રો તેમ જ ચિહ્નોનો સમન્વય. રામાનુજનનું માનવું હતું કે સપનામાં નામગિરિ દેવી તેમના કાર્યને દિશા નિર્દેશ કરતાં હતાં.

ઈ. સ. ૧૯૧૬માં કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયે રામાનુજનને વિજ્ઞાન શાખામાં સ્નાતકની પદવી એનાયત કરી. અને ઈ. સ. ૧૯૧૯માં રામાનુજનની લંડનની રૉયલ સોસાયટીમાં અધ્યેતા (Fellow of the Royal Society) તરીકે નિમણૂક કરવામાં આવી. તેઓ ચુસ્ત શાકાહારી હોવાથી પોતાની રસોઈ પોતે જ રાંધતા. પરંતુ કામના અતિભારણ તેમ જ યોગ્ય ભોજનના અભાવે તેમને ઇંગ્લેન્ડમાં ક્ષય (ટી.બી.)નો રોગ લાગુ પડ્યો અને તેમને એક નર્સિંગ હોમમાં દાખલ કરવા પડ્યા. હાર્ડી તેમને ત્યાં મળવા ગયા અને ટિપ્પણી કરી કે *''મારા વિચાર પ્રમાણે હું જે ટેક્સીમાં અહીં આવ્યો તે ટેક્સીનો ક્રમાંક ૧૭૨૯ ખૂબ જ નીરસ ક્રમાંક છે.''* રામાનુજને જવાબ આપ્યો, *''નહીં હાર્ડી, આ ખૂબ જ રસપ્રદ ક્રમાંક છે. આ એવી સૌથી નાની સંખ્યા છે જેને બે ઘન સંખ્યાઓના સરવાળા દ્વારા બે જુદા જુદા પ્રકારે લખી શકાય છે.''* આજકાલ આવા પ્રકારના પ્રશ્નોને ટેક્સી-કેબ પ્રશ્નો તરીકે ઓળખવામાં આવે છે અને તેમનો ઉકેલ સમીકરણ i3 + j3 = k3 + l3 તરીકે મેળવવામાં આવે છે. આ સંખ્યાઓને રામાનુજનની સંખ્યાઓ તરીકે ઓળખવામાં આવે છે. કેટલાય પ્રખ્યાત ગણિતજ્ઞોએ પોતાનું જીવન રામાનુજનની નોટ્સમાંથી તેમણે કરેલાં ગાણિતિક કાર્યોને સમજવામાં સમર્પિત કરી દીધું.



ઈ. સ. ૧૯૧૯માં રામાનુજન ભારત પરત ફર્યા અને તેના પછીના જ વર્ષમાં એટલે કે ઈ. સ. ૧૯૨૦માં કુમ્ભકોણમ ખાતે તેમણે પોતાના જીવનના અંતિમ શ્વાસ લીધા.

તેમની ગણિતના વિશ્વમાં મેળવેલી વિપુલ સફળતાઓની પ્રશંસા થઈ. ઈ. સ. ૧૯૩૨માં ભારત સરકારે તેમની ૭૫મી જન્મ જયંતી નિમિત્તે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી.

વિકાસશીલ દેશોના નવોદિત ગણિતજ્ઞોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે International Centre for Theoretical Physics (ICTP)એ રામાનુજનના નામ ઉપરથી પારિતોષિક જાહેર કર્યું. આ પારિતોષિક International Mathematical Union (IMU)ના સહયોગથી આપવામાં આવે છે. આ જ સંસ્થા પારિતોષિક દેવા માટેની સમિતિમાંના સભ્યોની નિમણૂક કરે છે.

❑❑❑



સ્કિલ ઇન્ડિયા

☐ પન્ના ત્રિવેદી

લાખ સમજાવટ પછીય બંટીની એ જ જીદ – 'ગયા વખતે પણ તેં એમ જ કહેલું. ચકડોળમાં બેસવાનું કહ્યું તો કે' પલડું ગમે ત્યારે તૂટી જાય, કાંકરિયામાં તૂટી પડ્યું'તું એમ. ડેરીમિલ્ક ચોકલેટ માગી તો કે' દાંત સડી જાય. મેળામાં રમકડાં માગ્યાં તો કે' એમાં શું લેવાનું? માટીનાં હોય તે પટ્ટ કરતાં તૂટી જાય. પિસ્તોલ પર રિંગ ફેંકીએ તો મફતમાં આપી દે, એકી ફેરે કૂંડાળામાંથી કેટલી લખોટીઓ આંચી કાઢું છું! તો તું કે' એ લોકોની બદમાશી જ એવી હોય કે રિંગ વસ્તુ પર પડે જ નઈ! ગેસવાળો ફુગ્ગો માગ્યો તો કે' ફૂટી જાય. તો તું જ કે, મારે કશું લેવાનું જ નંઈ?'

બંટીએ રડતાં રડતાં આળોટવા માંડ્યું. તેની આંખોમાંથી બોર જેવાં આંસુ ટપકી રહ્યાં. લતાએ એક નજર બંટી પર કરી. તેની ભીની આંખો બારી બહાર સુકાયેલા ઝાડને તાકી રહી. લતાનું ધ્યાન ખેંચાય તે રીતે બંટીએ વધારે મોટેથી ભેંકડો તાણ્યો: 'ગઈ દિવાળીએય તેં એવું જ કરેલું. ખબર છે તને? કશું જ નો'તું અપાવ્યું

તેં, ફટાકડીની ટીલ્લી સિવાય. મારા ભાઈબંધો તો હવે લક્ષ્મી ટોટા ફોડતા થઈ ગયા છે. કોઈ કોઈ તો વળી સૂતળી બોમ્બ. મેં તો ખાલી ફટાકડા જ માગેલા તે પણ લાલ-લીલાં લવિંગિયાં. તો પાછી કે' આંખ ફૂટી જાય. કાનના પડદા ફાટી જાય. એનાથી મોટ્ટા ટોટા ફોડનારાના કાન તો કાંઈ નથી ફાટતા. એ લોકોની મમ્મી તો સાપોલિયાં સળગાવવા દે. ધુમાડો ધુમાડો થાય તોય કશું ન બોલે. તડતડ અવાજવાળા હીરા સળગાવે, પેન્સિલ ને ચકરડી પણ. એક તું જ છે કે તારામંડળ પણ અપાવતી નથી. બસ, એક જ વાત - આપણે ગરીબ છીએ. ગરીબ તો મોહસીન પણ છે. ખબર છે? આ ઇદ માટે તેણે નવાં કપડાં સિવડાવ્યાં. ને કાલે નવી ટોપી પણ લાવ્યો, જરીવાળી. ચમકચમક થાય એવી. તું બેસ્ટ મમ્મી છે જ નંઈ! તને ખબર છે, મને તો હવે એ લોકોની વચ્ચે રમતાં શરમ આવે છે. એકલો એકલો જોયા કરું છું, દૂર દૂર રહીને.'

આળોટતા બંટીને બેઠો કરવા મથતી લતાએ હવે તેને ધીમે ધીમે ફોસલાવા માંડ્યું: 'રોજા ચાલે છેને એ લોકોના? એમના ધરમમાં તો ગરીબોની ઝોળી ભરી દે નેકીના નામે. મોહસીનની મા જ્યાં કામે જાય છે તે લોકો તો બહુ માલદાર છે. ઇદમાં ઢગલો વાળી દે. બસ, હવે તારી માના નસીબમાં આ જ બાકી રહ્યું છે, કહે તો હુંય નીકળી પડું ચાર ઘરનાં કામ બાંધવા! કરમફૂટી હઈશ તો એવુંય થશે. તું જ કે, તારી માથી કંઈ લોકોના કામે ઓછું જ જવાય? કોઈને ખબર પડે કે શેઠ હરજીલાલના છોકરાની વહુએ ચાર ઘરનાં કામ બાંધ્યાં છે તો તારા બાપને મરી જવાનો વારો આવે જીવતેજીવ.' શબ્દોની સાથે એક ઊંડો નિશ્વાસ વહી આવ્યો.

'પણ આ વખતે આપણી દિવાળી ને એ લોકની ઇદ આગળપાછળ જ છેને? મોહસીન એકદમ નવાં કપડાં પહેરશે, તો હું કેમ નંઈ? ફટાકડા ના લઈ આપે તો કંઈ નહીં. અત્યારે ને અત્યારે જ નવાં કપડાં લઈ આપ મને. હું પણ નવા વરસના દિવસે આખા મહોલ્લાના એક એક ઘેર જઈને પગે લાગી આવીશ. નવાં કપડાંના પૈસા તો તને મળી જ જશે. ને મોહસીન જ કે'તો'તો કે ગજવામાં પૈસા હોય ને તોય જાણીબૂજીને નાનાં છોકરાંને ના આપે તો અલ્લા પનિશ કરે. ને દિવાળીએ તમારા ભગવાન પણ.'

'રામ જાણે આ મોહસીનીઓ ક્યાં ક્યાંથી તને આવું શીખવાડે છે? નવાં કપડાં લાવવા જેટલા પૈસા હોત તો ટાઈમસર તારી ફી જ ના ભરી દીધી હોત મેં? પછી તારા સાહેબ તને ક્લાસ બહાર કાઢી રોજ રોજ કૂકડો બનવાનું કહેત જ નહીંને? ને ક્લાસના છોકરાઓ પણ તને 'કૂકડો' કહીને

ચીડવતા ના હોત...'

બંટીનું મોં ઊતરી ગયું. તે એકાએક ચૂપ થઈ ગયો.

એક લાંબી ચુપકીદી પછી લતાએ બંટીને માથે હાથ ફેરવતાં કહ્યું: 'હમણાં તારા પપ્પા આવે એટલી જ વાર. આ નવા વર્ષે તું પણ સરસ મજાનાં નવાં નવાં કપડાં પહેરીને ફરજે હોં!'

ખુશ થઈ ગયેલો બંટી પપ્પાના આવવાની રાહ જોતાં જોતાં જ સૂઈ ગયો. લતાની આંખો પોપડીઓ બાઝેલી ભીંત પર જડાઈ રહી. ભીંત પર ટીંગાતું કેલેન્ડર ફડફડ થતું હતું. લાલ રંગની તારીખો લતાની ભીતર લાલ લાલ અંગારા પાથરવા લાગી: એક સાંધે ત્યાં તેર તૂટે. રડવું કે હરખાવું તહેવારના નામે? બળી આ દિવાળી! દિવાળું ફૂંકવા જ આવતી હશે!

તેણે ઘડિયાળ સામે જોયું. પોણાનવ વાગવા આવ્યા હતા. રોજ કરતાં નવીન આજે મોડો હતો. મિલ તો ક્યારની છૂટી ગઈ હશે પણ આજે ઘેરથી નીકળતી વખતે તેણે કહેલું તેમ શેઠ પાસેથી હિસાબ લેવામાં અને કાલથી ઓવરટાઈમનું નક્કી કરવામાં મોડું થઈ ગયું હશે. કદાચ રસ્તામાં હશે.

દિવસભરના થાકથી લતાની આંખો ઘેરાવા લાગી. પણ તરત વળી નવીનનો વિચાર આવ્યો: એક તો ખીચડી-કઢી ખવડાવવી ને તેય ઠંડી. એ કેવું? આદમીના બાવડામાં જોર જ નહીં હોય તો ઘરની છત કેમની ટકશે માથે? આજે એન્ડ ટાઈમે ધનીરામે પણ કરિયાણું ઉધાર આપવાની ઘસીને ના પાડી દીધી. ગમે ત્યારે રૂપિયા તો આપી જ દેવાના હતાને? મફત થોડું જ જોઈતું હતું? દાળ-ભાત રાંધી નાખ્યાં હોત. ઉપરથી છેલ્લા બે મહિનાની ઉધારી વાળી દેવાની ચોખ્ખીચટ્ટ ધમકી આપી મૂઆએ. કંઈ નહીં, ઝોકું આવે તોય આજે ઊંઘી નથી જવું. એ આવે કે ગરમાગરમ કઢી-ખીચડી પીરસી દઈશ.

ટીવી જોવાનો વિચાર કરતી લતા સ્વિચ પાડવા ગઈ. ઊખડી ગયેલી લાદીનો ખૂણો પગના અંગૂઠે અડ્યો. ગડથોલું ખાતાં માંડ બચી. તે જગ્યાએ તરત કંતાન પાથરી દીધું. ટીવીની સ્વિચ પડી - કૌન બનેગા કરોડપતિ. અડે રહો. દટે રહો... ગોળ ગોળ લીસી લીસી ખુરશી પર બેઠેલા અમિતાભ બચ્ચનના ચહેરાને તેણે ધારીને જોયો. એક લાંબું બગાસું આવ્યું. ચેનલ પર જાહેરાતોનો એકધારો મારો ચાલતો હતો. ઘેરાતી આંખોને ટીવીમાં ઝીણ ઝીણ દેખાયાં. પુરુષ કહેતો હતો: 'ઇતને પૈસો મેં આદમી અકેલા ઘર કૈસે ચલાયે?' હવામાંથી શબ્દ ફંગોળાતો ફંગોળાતો સામે ઊભેલી સ્ત્રીના કાનને અથડાયો: 'અકેલા?' સ્ત્રી, પુરુષ સામે એક હાથે કપડાં નિચોવવા મથી રહી. પુરુષે કહ્યું: 'દોનો હાથોં સે આસાન

હોગા ના!' એ જ ક્ષણની પ્રતીક્ષા કરતી સ્ત્રીએ ફટ્ટ દઈને જવાબ વાળ્યો: 'વૈસે હી, દોનો કમાયેંગે તો ઘર ચલાના ભી આસાન હોગા ના? મૈં કામ શુરુ કરું? યુનિફોર્મ સિલાઈ કા?'

બારણું ખખડ્યું. ટીવીની સ્વિચ બંધ થવાની સાથે ફીણ ક્યાંય અલોપ થઈ ગયાં. ધૂંઆપૂંઆ થતો નવીન અંદર પ્રવેશ્યો. શર્ટનું ગજવું સિલાઈમાંથી લટકી પડેલું. ઉપરનાં બંને બટન તૂટી ગયેલાં. ગભરાયેલી લતા કંઈક પૂછે તે પહેલાં જ નવીને મોં લૂછતાં કહેવા માંડ્યું: 'આજે પણ હિસાબ ના કર્યો શેઠે. દિવાળી માથે છે. વર્કરોએ તો બોનસ માટે પણ હો-હલ્લો મચાવ્યો. એમાં જ વર્કરોની શેઠ સાથે થોડીક માથાકૂટ પણ થઈ ગઈ. મારા બાપાએ દેવું કરી બધું ફૂંકી ના માર્યું હોત તો આમ પઈ-પઈ માટે ઓશિયાળા રહેવાનો વારો આવ્યો હોત?'

ધનીરામવાળી વાત પહેલાં કહેવી કે બંટીવાળી એવી ગડમથલ થાળી પીરસતી વખતે લતાની ભીતર ક્યાંય ધરબાઈ ગઈ. ભેજવાળી ભીંત બાજુ મોં રાખી તે ક્યાંય લગી જાગતી રહી.

આંખો ભીંત પરની ચૂનાની પોપડીઓને એકધારી તાકી રહી. સતત એક પછી એક વિચારો આવ્યે ગયા: તે કરતાં મંજુલા કે સુશીલાનાં ઘરો પર છે તેવી જાહેરાત ચીતરાવી લીધી હોત તો? રોડ પર પડતી ભીંતો પર બધાએ ચીતરાવી જ છેને વળી? બે પૈસા એ બા'ને રળી લેવાયા હોત ને બહારની ભીંતે પાક્કો રંગ થઈ ગયો હોત તે જુદો. ખાલી એટલું જને કે તે કંપનીની જાહેરાત થાય. જતું-આવતું લોક ઘરની ભીંત પર બે ઘડી જાહેરાત વાંચી લે એમાં શું લૂંટાઈ જવાનું છે આપણા બાપનું. દીના, સુશી, મંજુ બધાંની ભીંતો પર છે જને! થોડા દિવસો પહેલાં નવીનને ટાઈફોઈડ થઈ ગયેલો ત્યારે ધણીથી સંતાડીને એવામાંથી જ મંજુએ થોડા રૂપિયા ઉધાર આપેલા, તે કેટલા દહાડા પછી પાછા વાળી શકી? ને જ્યારે વધારાની બે નોટ ઉમેરીને પાછા વાળ્યા ત્યારે કેવી ભડકી'તી? 'વ્યાજ ક્યારથી આલતી થઈ ગઈ'લી?' એટલી જ સફાઈથી પોતે જવાબ વાળેલો: 'હાથ ને હિસાબ ચોખ્ખો રાખવો બઈ... તો જ લક્ષ્મી રાજી રે. ને મારે ત્યાં તો એક જ નિયમ, હરામનું ખાવું નંઈ, ઇજ્જતની રોટીનો ટુકડો મળી જાય એટલે ઘણુંય. બેઈમાની નંઈ એટલે નંઈ...' પણ બંટીના સમ આપી ધરાર પાછા આપ્યા બાપડીએ. જાહેરાતવાળી વાત તો તેણેય બંટીના પપ્પાને સમજાવી જોયેલી. પણ તેમણે તો અમથી અમથી કાગારોળ મચાવેલી. જોકે એક રીતે વાત તો એમનીય સાચી. આ ઘર છે, ક્રિકેટનું મેદાન નથી. આજે બનિયનનું ચિતરામણ કર્યું, કાલે કોઈ આવીને શુંનું શુંય ચીતરી જશે. કોને

કોને ના પડાશે? એક વાર જાહેરમાં ભીંત જાહેરાત ઓકતી દેખાઈ ગઈ કે પત્યું! જાત જાતની કંપનીનાં ને ભાત ભાતની વસ્તુઓનાં લેબલ લગાવતી તાક્યા કરશે આવતાં-જતાં ભણી. ને નાનાં છોકરાં પર શું અસર થાય? બંટીના પપ્પાનું ઘર કંઈ બનિયનઘર થોડું જ છે કે...

લતા પડખું ફરી. માથા પાસે મચ્છરનો તીવ્ર ગણગણાટ સંભળાયો. ગણગણ કરતો એક મચ્છર બાવડે ચટકી ગયો. તોય રાતના અંધારામાં લતાની આંખ સામે સફેદ સફેદ ફીણ દેખાયાં કર્યાં. અચાનક ક્યાંકથી શબ્દો કાનને અથડાયા; 'મૈં કામ શુરુ કરું? યુનિફોર્મ સિલાઈ કા?'

બીજી જ સવારે બંટીના પપ્પા પાસે સિલાઈકામના ફાયદા ગણાવી, દુકાન ને પછી ધીમે ધીમે બુટીક ખોલવા લગીનાં સપનાં પાથરી પાથરી હા પડાવી નાખી. જલદીથી કામ આટોપી લતા તરત સુશીલાને ઘેર ઊપડી ગઈ. જોયું, તો હાથમાં પોપલિનનું કપડું લઈને હમીદા ત્યાં જ બેઠેલી. છાપાંનાં કટિંગ ખોલીને સુશીલા કશુંક સમજાવતી હતી. લતાએ જોડે આવવાની વાત કરી કે તરત સુશીલા તાળી આપતી ઉત્સાહમાં બોલી: 'લે, બેથી ભલા તઈણ...'

ફી અને બીજા ખર્ચની ચોખવટ કરવા લતાએ મોં ખોલ્યું પણ જીભ થોથવાવા લાગી. ટચલી આંગળીનો નખ દાંત વચ્ચે નાખી એ જ હાથે હમીદાએ લતાનો ખભો હલાવી તાનમાં આવી જઈને કહ્યું; 'બહુ મોડી જાગી'લી? ફીની હુ ફિકર કરવાની? આ તો એકદમ જ મફત છે મફત. સરકાર તરફથી. પેલું ઈસ્કિલ ઇન્ડિયાવાળું ?'

સરકારના નામની બલાઈઓ લેતી એ ખડખડાટ હસી. હસતી વખતે બંને આંખોને ખૂણે કરચલીઓ પડી ગઈ: 'શીખવે હો મફત ને ઉપરથી પરમાણપત્તર હો આલે. તેય મફત. પરધાન મંતરીના પરતાપે. કશે ને કશે કામ મળી જ રે'વાનું પછી તો. દસમી પાસ તો છેને તું?' ચાર આંખો લતાના જવાબની રાહ જોતી તેના ચહેરા પર મંડાઈ ગઈ. લતાએ માથું ધુણાવ્યું: 'બસ તો? પાક્કું હમજ. મેં તો મોહસીનની માનેય કહેલું. પારકાં ઠોબરાં હુ ગહવાનાં, પણ મૂઈ હાત જ ભણેલી છે એટલે, બાકી તો ભલું થજો હુકમનું. ઓરતોમાં હો કલાબાજી હોય છે પણ બળ્યું, અસ્ત્રીનું જીવતર! કલાબાજી બહાર આવે એવાં સનજોગ ના હોય, ને સનજોગ હોય તઈ રૂપિયો ના હોય. તે આ માઈબાપ હુકૂમે એવી ઓરતોંનું વિચાર્યું. ઓરતોં સસક્ત બને. એક વાર સીખી જઈએ તો પછી બધું ઘેરબેઠાં કરવાનું. આતમવિસવાસ હો વધે. કૌસલની ટરેનીંગ આલે. કોઈના ઓશિયાળા નંઈ, કોઈનું એસાન નઈ. પગભર તો ખરાં! આજે ને આજે

આવજે જોડે. ફોરમ ભરી લેજે. ફોરમ ભરવાવાળાની તો લાઈન લાગે છે લાઈન. તારું નામ આઈ જાય તો કિસ્મત વળી.'

ટ્રેનિંગ લીધા પહેલાં જ લતાના મોં પર આત્મવિશ્વાસ ઝળકવા લાગ્યો. તેના ચહેરા પર ગજબની રોનક પથરાઈ ગઈ.

તે જ બપોરે લતા પણ હમીદા અને સુશીલા સાથે પર્સ ભેરવી મોટી ભાગોળ ભણી નીકળી પડી. તેની ચાલમાં તેજી હતી. તેની વાતમાં સ્ફૂર્તિ હતી. તે સડસડાટ પગથિયાં ચડી ગઈ.

અંદર, ઓરડામાં સંચાલિકા બહેન એક પછી એક નામો બોલતાં હતાં: 'અંજનાબેન, આરતીકુમારી, સુનીતાકુમારી, નજમા ખાતુન, રુકસાના ખાતુન, કમલાબેન, મીનાબેન, લલિતાબેન, રિઝવાના ખાતુન, શાલુબેન, જ્યોતિબેન...' પાછળ ઊભેલી લતાનું નામ બોલાયું નહોતું તોય જાણે તેનું નામ તેણે સાંભળ્યું: 'લતાબહેન...' તે અભાનપણે બોલી: 'હમમમ?' સુશીલાએ સહેજ કોણી મારી. ભોંઠી પડેલી લતા નીચું જોઈ ગઈ.

હમીદા લતાનો હાથ પકડી આગળ દોરી ગઈ. ઠેક ટેબલ નજીક જઈને લતાનો પરિચય આપ્યો. બહેને ધીરજથી આખી પ્રક્રિયા સમજાવી. ફોર્મ ભરાવ્યું. બહેન આછું આછું મલક્યાં. ફોર્મ સ્વીકારાયા પછીની પ્રક્રિયા, ટોલ ફ્રી નંબર, મિસ કોલ, રજિસ્ટ્રેશન ટ્રેનિંગ સેન્ટરની માહિતી એક પછી એક ઝીણી ઝીણી વિગતો બહેન સમજાવતાં ગયાં.

'પછી કામ મળશે તો ખરુંને? દરજી જેવું આવડી જશે બધું?' લતાથી ઉત્સાહમાં પુછાઈ ગયું.

'લે, કેમ નહીં બેન, તમારામાં ધગશ ને આવડત હોય તો દીપિકા પાદુકોણનાં કપડાં હો સીવી શકો.' ટોળું ખડખડાટ હસ્યું. લતા થોડી શરમાઈ ગઈ. બેને ઉમેર્યું: 'પણ જુઓ, આ બધું રજિસ્ટ્રેશન થયા પછીનું હોં કે? ને પછી તો સરકારી યોજના મુજબ મફત સિલાઈ મશીન પણ લઈ શકો. જોજોને, સ્કિલ તમને એવા બદલી નાખશે કે તમે તમને જ નહીં ઓળખી શકો. સ્કિલ ભલભલાને બદલી નાખે. દિવસે ને દિવસે ડેવેલપ થવાની તક મળે. આ લીલીને જ જુઓને, હા-ના હા-ના કરતી'તી, પણ એવી ટ્રેઈન થઈ ગઈ કે સુહાની બ્યુટીપાર્લર પણ ખોલવાની હવે. પૂછો એને? સરકાર તો તમોને રોજગારલક્ષી તકો પૂરી પાડે. હવે તેને ઝડપી લેવી કે છોડી દેવી તમારી મરજી. બ્યુટીપાર્લરના રોજગારમાં ઇન્ટરેસ હોય તો એમાં પણ ભરી શકો.'

'ના ના, સીવણ કલાસમાં જ.' લતા ઉતાવળે બોલી ગઈ.

સંચાલિકા બહેને હમીદા સામે જોયું અને હમીદાએ લતા સામે: 'મોબાઈલ જોડે ને જોડે રાખવાનો. બધું ક્લિયર ના

થઈ જાય તંઈ લગી.'

'સાંજે કેટલા વાગ્યા લગી વાત કરવાનું ફાવે તમને?' સંચાલિકાએ વધુ પડતી નરમાશથી પૂછ્યું.

'બંટીના પપ્પા સાત, સાડાસાત લગી આવી જાય. દસેક લગી જાગતી જ હોવ છું આમ તો.'

લતા લાકડાનો દાદર ઊતરતી હતી તોય તેને એવું લાગ્યું જાણે નીચે પથરાયેલાં આકાશનાં પોચાં-પોચાં વાદળો વચ્ચે ઊડતી હતી.

તે જ સાંજે લતાનો મોબાઈલ રણકી ઊઠ્યો. સંચાલિકા બહેનનો મંદ સ્વર વહી આવ્યો: 'લતાબહેન, આજે તમે ફૉર્મ ભરવા આવેલાં પણ ત્યાં ખૂલીને વાત ન થઈ શકી. ફૉર્મ મંજૂર થશે પણ... બે-એક હજાર જેટલા લાગશે.'

લતાના પગ તળેના આકાશમાં અચાનક બાકોરું પડી ગયું. જીભ થોથવાવા લાગી: 'પણ તમે તો કહેતાં હતાં કે સાવ મફત છે? એટલે જ તો? આ તો સ્કિલ ઇન્ડિયાવાળી સરકારી યોજના છે! એમાં તો એકેય રૂપિયો ભરવાનો નથી!'

'હા તો નથી જ ભરવાનાને? મેં ક્યાં કહ્યું તમને? પણ સમજો તમે... સરકાર તો દેશના લોકો માટે જાતજાતની યોજનાઓ ખડકી દે. એમને તો એમ કે દેશ હવે વિકાસ કરવાનો. પણ વચેટિયાની સિસ્ટમ જ એવી. તળિયે શું ચાલે છે તે લાલ કિલ્લા પર ઊભેલાને ક્યાંથી દેખાય? એય શું કરે? માણસ જાત પાસે જ કામ લેવું પડે, એમનીય લાચારી છે. લોક ભરોસે નાવ તરતી મૂકવી પડે. તારવી કે ડુબાડવી, છેવટે બધું કામ કરનારા માણસોની પોતાની નૈતિકતા પર જાય છે. ગમે તેટલું કરો પણ ખાતાંઓમાં તો એવું જ. લોકો ખાતા જ હોય, જાણો છોને? હું મારું કમિશન ન લઉં તોય અધિકારીઓને આપવા પડે. કટકી કટકી કરીને ઉપર લગી પહોંચે બધે. બે હજાર નહીં પહોંચે તો ઉપરથી ફૉર્મ જ કેન્સલ થઈ જશે તમારું. પછી કે'તાં નહીં કે મેં અગાઉથી કોઈ ખુલાસો ના કર્યો. બીજાના તો ચાર-ચાર ને પાંચ-પાંચ લીધા છે પણ તમારા તો બે જ ગણ્યા છે ખાલી...'

'પણ આ તો નિયમ વિરુદ્ધનું બધું? કૌભાંડ, ભ્રષ્ટાચાર જ વળી! આમ હોય તો મારે ફરિયાદ કરવી પડશે. હજી ટ્રેનિંગ તો લીધી નથી, દોરાનો એક કટકોય કાપ્યો નથી. એડમિશનેય થયું નથી ને રૂપિયા શેના?'

'કરજો, જેને ફરિયાદ કરવી હોય તેને ફરિયાદ કરજો. ને કૌભાંડના નામે ભાંડવું હોય તેટલું ભાંડજો. મેં તો તમને સમજાવ્યું. ને એમાં ખોટું પણ શું છે? બીજે ગયા હોત તો ફી આપત કે નહીં? મફત થોડું જ શીખત? સમજોને, આ એક પ્રકારની ફી જ છે. રૂપિયા આપ્યા કે ટ્રેનિંગ થઈ જ

ગઈ એમ સમજો. પછી જ રજિસ્ટ્રેશન થશેને? મેં તો તમને સમજુ જાણીને બાજી ઉઘાડી મૂકી. સમજી લો. પૂછી લેજો સુશીલા ને હમીદાનેય. આ તમારી આગળ જેટલાં નામ બોલાતાં હતાં એ એકોએકને પૂછજો. કોઈને કોઈ પ્રોબ્લેમ નથી ને એક તમને જ શેનો પ્રોબ્લેમ છે? અધિકારીઓ દર અઠવાડિયે આવે છે તપાસના નામે. એમને મારેય ખવડાવવા પડે. એવું હોય તો કોઈ બીજી બે-ત્રણ બકરીઓ પકડી લાવી કટકી તમેય ખાજોને, ચપટીમાં વસૂલ થઈ જશે.'

'પણ ફી જ આપીને શીખવું હોત તો ક્યારનુંય બીજે ક્યાં નહોતું શીખાતું? સગવડ નથી ત્યારે જ તો?'

'જુઓ બેન, મારો સમય ન બગાડો. હા કે ના? ચોખ્ખી વાત. આપવા હોય તો આવજો. બાકી હવે તમે જાણો. ફોર્મ કેન્સલ થઈ જાય પછી કશું કહેતાં નહીં.'

કપાઈ ગયેલા ફોનમાંથી ક્યાંય સુધી સનનનન... ધાક મારતી સાઈરન વાગતી રહી: બે હજાર? ના... ના...

અચાનક લતાની નજર દોરી પર ટીંગાતા નવીનના સાંધેલા શર્ટ પર પડી. તેને થયું, બંટી આજે પણ વળી એ જ જીદ કરવાનો. વાત તો પણ ખરી. ગમે તેમ તોય છોકરું કહેવાય. તેનુંય મન છે, ખાતાં-પીતાં ઘરનાં છોકરાંઓને મજા કરતાં જોઈને તેનુંય મન કરતું હશે... કેટલી કેટલી વસ્તુ માટે ના પાડીશ, ક્યાં

સુધી? બકરી આપતાં હાથી મળતો હોય તો શું કામ ના લઈએ?

લતાના પગ તળે હવે બાકોરું નહોતું. જાણે કે તેના પગ સંચો ફેરવી રહ્યા છે. એક પછી એક કપડાં સિવાઈ સિવાઈને ઢગલો થઈ રહ્યાં છે. દુકાનના બંને ખૂણે બે-બે કારીગરો બેઠા છે. કોટન અને સુતરાઉ કપડાંની સાથે મલમલનાં, સિલ્કનાં કીમતી રેશમી કપડાં પણ છે. દીવાલો પર એશિયન પેઈન્ટનો પાક્કો રંગ લાગી રહ્યો છે. છત પર પીઓપીનું કામકાજ ચાલી રહ્યું છે. બંટીએ નવું જીન્સ પહેર્યું છે. અસલી લેધરના બેલ્ટ પાસે રમકડાંની પિસ્તોલ ટીંગાડી છે. નવા શૂઝ પહેરીને દોસ્તારોને દેખાડતો બંટી ખુશખુશાલ છે. રાતના અંધારામાં ઘરની છત પરના આકાશમાં સપ્તરંગી અનાર ફૂટી રહ્યાં છે. આખું આકાશ ઝળહળા થઈ ગયું છે. મોંઘી મોટી ચોકલેટો ખાતો બંટી 'વર્લ્ડ બેસ્ટ' મમ્મીની ડોકે બાઝી બાઝીને વહાલ ઠાલવે છે. મેળાના ચકડોળમાં બેઠેલો બંટી નીચે ઊભેલા દોસ્તોને અંગૂઠો બતાવે છે. ચકડોળ ઉપર-નીચે, નીચે-ઉપર ફરી રહ્યું છે. બંટીની ચિચિયારીઓ હવાના કણેકણમાં ગુંજી ઊઠે છે.

ખટાક -

ના, ચકડોળના પલડું તૂટ્યાનો અવાજ નહોતો. આ તો ઘરના બારણાના ટકોરાનો અવાજ! હાશ - લતા મેળામાંથી એકાએક ઘરની ઓરડીમાં ફંગોળાઈ. ઢાંકેલી વાડકી હાથમાં પકડીને સામે મંજુ ઊભી હતી. લતાએ મંજુના પ્રેમાળ ચહેરા તરફ જોયું. મંજુએ વાડકી લતા તરફ લંબાવી: 'તારા બંટી માટે...'

મંજુ જ બોલતી હતી. પણ લતાને એકાએક બકરીનો અવાજ સંભળાયો. તેણે વાડકી બાજુ પર મૂકતાં ધીમેથી કહ્યું: 'મંજુ, તારે... તારે... સીવણ ક્લાસમાં આવવું છે? ટ્રેનિંગ -પ્રમાણપત્ર - ને પછીથી ફીમાં સિલાઈ મશીન... '

અણધાર્યા સવાલથી ક્ષણિક મંજુ અવાક બની ગઈ: 'પણ... કેટલી ફી લાગશે એમાં?'

'છે તો એકદમ મફત.. પણ તોય આપવા તો પડે.. ત્ર... ત્ર... ત્રણ હજાર... તારે તો બધું થઈ પડશે...' મંજુ સામે જોયા વિના જ બોદા અવાજે લતા બોલી ગઈ. બોલતાં બોલતાં આખું શરીર ધ્રૂજી ઊઠ્યું પણ બીજી જ પળે એક ઊંડો શ્વાસ લઈ આત્મવિશ્વાસભર્યા અવાજે તે બોલી: 'જોજેને, એક વાર સ્કિલ આવી જાય પછી તું તને જ નહીં ઓળખી શકે. એવી તો ફાવટ આવી જાય કે તને જ થશે કે પેલી મંજુ તે તું જ કે?'!!

લતાએ ધીમેથી મંજુના ખભે હાથ મૂક્યો. પોતાની હથેળી પર વળેલો પરસેવો લુછાઈ રહ્યો હતો.

❑❑❑



હિમાલય- વિકાસ કે જતન-સંવર્ધન?

☐ હસમુખ જોષી

પ્રકૃતિમાં પરિવર્તન એ હંમેશની બાબત છે, પ્રાકૃતિક પરિબળોનો પ્રભાવ રોજ રોજ ધરતી પર પડતો રહે છે. મોટા ભાગે તેની ગતિ સૂક્ષ્મ હોય, ક્યારેક જ એ તરત નજરે ચડે. કુદરતના હાથે જે બદલાવ આવે છે તેમાં આપણે હસ્તક્ષેપ નથી કરી શકતા, સાથે કહેવું પડે કે એ રીતે બદલાતા પરિવેશ આંખોને ખટકતા પણ નથી. માનવજાત પણ વિકાસના પંથે સતત અગ્રેસર છે, જેમ જેમ નવી નવી શોધ થતી જાય છે તેમ તેના વિકાસની ગતિ પણ વધતી રહે છે. જરૂરિયાત મુજબ એ યોગ્ય હશે પણ માણસ જ્યારે કુદરતના ક્ષેત્રમાં ઘૂસીને પરાણે બદલાવ લાવે છે ત્યારે બધું બરાબર નથી જ લાગતું !

હિમાલયના ઉત્તરાખંડ તરફથી આવેલા બે સમાચાર આજકાલ ધ્યાન ખેંચી રહ્યા છે. બે-ત્રણ વરસ પહેલાં

સરકાર તરફથી જાહેરાત થઈ હતી કે ચાર ધામના (એટલે કે હિમાલયના પહાડોમાં આવેલા ચાર ધામ જેમાં યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદરીનાથ સામેલ છે) માર્ગોને 'ઓલ વેધર રોડ' બનાવાશે, એટલે કે દરેક ઋતુમાં તેનો ઉપયોગ થઈ શકે એવા રસ્તા બનાવાશે જેથી ત્યાં પરિવહન અટક્યા વગર થઈ શકે. એનો અર્થ એ પણ કરી શકાય કે પછી દરેક ઋતુમાં એ યાત્રાધામોનાં દર્શન ચાલુ રહી શકશે.

આ વરસે આવેલા બીજા સમાચાર પણ મહત્ત્વના છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ચાર ધામની પુરાણી પગદંડીઓને જીવંત કરવામાં આવશે અને તેનો વિકાસ કરવામાં આવશે! બન્ને સમાચાર હિમાલયના દુર્ગમ રસ્તાઓને લગતા છે અને એકબીજા કરતાં એકદમ વિપરીત ભાવ જગાડે એવા પણ છે એટલે હિમાલયપ્રેમીઓ કે હિમાલય હિતેચ્છુઓ વિચારમાં પડે એ સ્વાભાવિક છે. જે લોકો માત્ર શ્રદ્ધાભાવથી કે ધાર્મિક હેતુથી જતા હોય અને ઝટપટ યાત્રા પૂરી કરી લેવા માગતા હોય તેમના પર આ સમાચારની કોઈ અસર થવાની નથી. વિદેશોમાં જોવા મળે એવા સરસ રસ્તાઓથી તેમની અનુકૂળતા વધવાની છે. જે યાત્રા કરતાં આજે દસ-બાર દિવસ લાગે છે એ જ યાત્રા પછી એક અઠવાડિયામાં આરામ સહિત થઈ શકશે. ભૂસ્ખલન, હિમવર્ષા, પહાડ તૂટી પડવો કે રસ્તા ધોવાઈ જવાની સમસ્યા પછી લગભગ રહેશે નહીં.

ચાર ધામની યાત્રા પુરાણા સમયથી થતી આવી છે, તેનું ઐતિહાસિક મૂલ્ય ખૂબ જ છે એમાં શંકા નથી. સદીઓથી જ્યાં હજારો યાત્રિક ચાલતા હોય ત્યાં એ રસ્તાઓનું મહત્ત્વ પણ એટલું જ હોવાનું. પહેલાંની યાત્રા તો પગપાળા કે ઘોડા, ખચ્ચરના સહારે જ થતી, રસ્તાઓ પણ એને અનુકૂળ હતા. વાહન માર્ગો તો હજુ છેલ્લાં ચાલીસ-પચાસ વરસના સમયગાળામાં જ બન્યા છે. જૂનાં વર્ણનો વાંચતાં જોઈ શકાય છે કે પહેલાંની એ યાત્રાઓ કેટલી મુશ્કેલ હતી. (અને એટલે જ સાચા અર્થમાં પ્રાકૃતિક આનંદની 'યાત્રા' હતી!) સક્ષમ લોકો જ એ કરી શકતા એટલે યાત્રિકોની સંખ્યા પણ મર્યાદિત હતી. જેમ જેમ પગદંડીઓની જગ્યાએ સડકો બનતી ગઈ તેમ તેમ પગે ચાલવાનો મહિમા ઓછો થયો અને જૂની કેડીઓનું વિસ્મરણ પણ થઈ ગયું! અલબત્ત સરળતા થવાથી યાત્રિકોની સંખ્યામાં અભૂતપૂર્વ ઉછાળો જરૂર આવ્યો છે. સડક માર્ગ બધી જગ્યાએ પેલી પગદંડીઓ પર જ નથી બન્યા. કેટલાક નાના-મોટા ટુકડાઓ એ આક્રમણથી બચી ગયા હતા, જે આજે પણ કેટલાય જિજ્ઞાસુ પદયાત્રીઓને

અને ટ્રેકિંગના શોખીનોને આકર્ષે છે. એ આકર્ષણનું કારણ માત્ર ધાર્મિક નથી. પહાડી પગદંડી પર ચાલવાનો આનંદ, પુરાણા સમય સાથે તાદાત્મ્ય સાધવાની મહેચ્છા, હિમાલયના અલૌકિક અણબોટ્યા સ્વરૂપના દર્શનની ઉત્કંઠા, નિર્ભેળ પહાડી લોકજીવન નિહાળવાની જિજ્ઞાસા વગેરે અનેક કારણો તેની પાછળ હોય છે. અહીં વિકાસની જેટ ગતિ પહોંચી નથી એટલે સમય જાણે થંભી ગયો છે. આ પગદંડીઓનું મહત્ત્વ પણ એ કારણે જ છે.

પગદંડીઓને કેવી રીતે વિકસિત કરાશે તેની કોઈ સ્પષ્ટતા નથી થઈ પણ જ્યારે આવી પ્રાકૃતિક જગ્યાએ વિકાસનું નામ સંભળાય છે ત્યારે હૃદયમાં એક ફડક પેસી જાય છે! આપણે ત્યાં વિકાસનો મતલબ એટલે શું એ ખબર છે તેથી જ ડર લાગે છે. વિકાસની પાછળ સગવડિયું ગણિત કામ કરતું હોય છે. સારા રસ્તા બનાવવાની વાત પહેલી આવે, જૂની ચટ્ટીઓને પુનર્જીવિત કરાશે (એટલે કે ત્યાં હોટેલો, રિસોર્ટ, દુકાનો, રેસ્ટોરાં, દવાખાનાં વગેરે સ્થાપીને યાત્રાને સુવિધાભરી કરવામાં આવશે એવો અર્થ થઈ શકે.) વધુ ને વધુ લોકો ત્યાં ચાલવા માટે પ્રેરાય એ માટેના પ્રયત્ન કરવામાં આવશે. આવી વાતો આજે તો સંભળાય છે. આ બધું થયા પછી તે પગદંડીઓના ઐતિહાસિક મૂલ્યનું શું થશે એ વિચાર પણ કરવો રહ્યો.

જ્યાં ટોળાંઓ ચાલે ત્યાં વધુ ને વધુ સગવડોની માગ ઊભી જ હોય છે એ આપણો અનુભવ છે. અહીં સૌરાષ્ટ્રની ગિરનાર પરિક્રમા યાદ આવે છે. લીલી પરિક્રમા(પરિકમ્મા) જેવું રૂપાળું નામ ધરાવતી આ પરિક્રમા કરવા આજે લાખો લોકો ઊતરી પડે છે અને જે દશ્યો જોવા મળે છે તેનું વર્ણન કરવા જેવું નથી. આ હાલત પાછળ મફત મળતી 'સેવાઓ' જ કારણભૂત છે. સેવાભાવીઓએ ચા-પાણીથી માંડીને ભોજન ઉતારા સહિતની અતિ સગવડો આપી આપીને આ સુંદર પરંપરાના હાલહવાલ કરી મૂક્યા છે. સેવાઓ શુભ હેતુથી ચાલુ થાય છે પણ તેનું પરિણામ ક્યારેક આઘાતજન્ય હોય છે. અહીં સાચા શ્રદ્ધાળુઓ માંડ બે ટકા જેટલા હશે, બાકીના તો દેખાદેખીમાં નીકળી પડેલા જ હોય છે. ચાર દિવસનો આ પ્રસંગ આજે આઠ દિવસ જેટલો લંબાયો છે અને છતાં વધુ સુવિધાની માગ તો દર વરસે ઊભી જ હોય છે. આ માગ કરવામાં કહેવાતા સંસાર વિરક્ત સાધુસંતો પણ બાકાત નથી! પહેલાં જ્યાં આંગળીના વેઢે ગણાય એટલા લોકો, શ્રદ્ધાળુ ચાલતા અને જાતે અન્ન પકાવીને ચાર દિવસ સુધી પ્રકૃતિના ખોળે ભજન કરતા ત્યાં આજે બાર બાર લાખ લોકોનો મેળાવડો જામે છે! હિમાલયની નિતાંત રમણીય



પગદંડીઓની પણ એ હાલત થાય એ કલ્પના જ ધ્રુજાવે છે.

જેમ જેમ યુગ બદલાય, લોકોની જીવનશૈલી બદલાય તેમ તેમ કેટલાંક પરિવર્તન અનિવાર્ય હોય છે પણ વિકાસના નામે જ્યારે અણઘડ રીતે જે તે સ્થળના અસલી હાર્દ ઉપર ઘા થાય ત્યારે આઘાત લાગ્યા વગર ન રહે. સ્થળની પોતાની ખાસ વિશેષતા પણ હોય છે એ ભૂલવું ન જોઈએ. અને એ વિશેષતાઓને લઈને જ તે સ્થળનું મહત્ત્વ હોય છે. એ મૂળ ખાસિયત જ જો વિસારે પાડવામાં આવે તો શું થાય એ આપણાં તીર્થસ્થાનોમાં જોવા મળે જ છે. હિમાલયનાં દરેક યાત્રાધામ તેની અવર્ણનીય પ્રકૃતિને લીધે જ પ્રસિદ્ધ છે. જે વિકાસ થાય તે તેને લક્ષમાં રાખીને જ થાય તો ઉત્તમ. કાકાસાહેબે લગભગ એક સદી પહેલાં તેમના અમર પ્રવાસવર્ણન 'હિમાલયનો પ્રવાસ'માં અનેક જગ્યાએ આ દિશામાં ધ્યાન દોર્યું છે. નર્મદાયાત્રી અમૃતલાલ વેગડસાહેબે પણ નર્મદાની હાલત બાબતમાં ભારે ચિંતા દર્શાવી છે.

સડક માર્ગની વાત કરીએ તો હિમાલય સરહદી વિસ્તાર છે અને આજકાલની પરિસ્થિતિ પ્રમાણે એકદમ સંવેદનશીલ હોવાથી દેશની સલામતી માટે લશ્કરની અવરજવર વિના વિઘ્ને થતી રહે એ ખૂબ જ જરૂરી છે. એટલે

સારા રોડ બને એ દેશના હિતમાં જ છે. એમાં વાંધો લેવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. પણ જ્યાં એ પ્રશ્ન ઊઠતો જ નથી એવી પુરાણી અને ભુલાયેલી પગદંડીઓની વાત છે ત્યાં તેને જૈસે થે હાલતમાં રાખવા બાબતમાં જ વિચારવું સારું રહેશે! સારા રસ્તા એ કોઈપણ રાષ્ટ્રનું ગૌરવ ગણાય છે તો પુરાણાં અને ઐતિહાસિક સ્થાનો અને એવા રસ્તાઓ પણ રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ જ છે. આવાં સ્થાનો તેની દુર્ગમતાને લીધે જ ટકી રહ્યાં હોય છે. જે લોકોને આવી પરંપરાગત કેડીઓનું આકર્ષણ હશે તેઓ તો ગમે તેવી મુશ્કેલી વેઠીને પણ ત્યાં ચાલવાના જ છે અને ચાલે છે પણ ખરા. હું પોતે મારી પદયાત્રાઓમાં આવી પગદંડીઓ પર જ ચાલું છું. ખરેખરા હિમાલય સાથે અને પુરોગામીઓ સાથે હૃદયનું અનુસંધાન અહીં અનુભવ્યું છે. અહીં જે પ્રકૃતિ જળવાઈ છે તે જોતાં એમ જ લાગે છે કે આવાં સ્થાનોને તો ઐતિહાસિક વારસો જાહેર કરીને જેમનાં તેમ જાળવી રાખવાં જોઈએ. અનધિકારી લોકોનાં ટોળાઓ અહીં નહીં આવે તો મોટી ખોટ પડવાની નથી.

આવી કેડીઓ પર ચાલતાં એવી અનુભૂતિ થાય છે કે જૂનાં વર્ણનોમાં લખાયેલી ઘટનાઓ જાણે ગઈ કાલની જ છે. સૈકાઓ વીતી જવા છતાં અહીં તો કંઈ બદલાયું જ નથી! આ અનુભૂતિ ચારધામની ધમધમતી બજારોમાં ક્યારેય અનુભવાતી નથી. એટલે જ ડર લાગે છે કે ક્યાંક વિકાસના ધસમસતા વેગથી બચી ગયેલા કાવ્યના આ ટુકડાઓ પણ ધોવાઈ તો નહીં જાય? અહીં ટોળાંઓ ચાલશે તો આ વણસ્પર્શી કુદરત, ગાઢ અરણ્ય, નેસડા જેવી અસ્થાયી ચટ્ટીઓ અને પ્રાકૃતિક લોકજીવન પછી નહીં ટકી શકે. પછી જોવા મળશે માત્ર વેપાર અને કચરાના ઢગલા!

ઐતિહાસિક મહિમા ધરાવતી આવી પગદંડીઓ લગભગ દરેક પ્રદેશમાં હોય છે અને જે તે દેશ તેને માટે ગૌરવ લઈ શકે છે. પછી ભલે એ પ્રદેશ ગાઢ જંગલોથી છવાયેલો હોય કે ત્યાં ભલે વેરાન રણ પથરાયું હોય. જૂના લોકોએ અનેક મુશ્કેલીઓ વટાવીને પણ મારગો બનાવ્યા હતા અને જ્યારે દિશાશોધનના આધુનિક વિજ્ઞાનનું અસ્તિત્વ પણ ન હતું ત્યારે એક દેશમાંથી બીજા દેશમાં જવાના, અરે, એક ખંડ વીંધીને બીજા ખંડમાં પ્રવેશવાના માર્ગો શોધ્યા હતા! આવા માર્ગો પર વેપારી વણજારો ચાલતી, જિજ્ઞાસુ મુસાફરો ચાલતા, શ્રદ્ધાળુઓ ચાલતા. આજે જેને 'એડ્વેન્ચર' કહે છે એ તો એ વખતના લોકોનું રોજનું જીવન હતું! કેવા અવનવા અનુભવો થતા હશે ત્યારે? આવી પગદંડીઓ (Trails) જો મૂળ રૂપમાં જળવાઈ



હોય તો આજે પણ એ અનુભૂતિ થઈ શકે છે. એ કારણે જ દુનિયાના અનેક દેશો ખાસ કરીને યુરોપના કે અમેરિકાના લોકો સમજીવિચારીને જ આવી કેડીઓને હેરિટેજ ટ્રેઈલ કે પિલગ્રિમ ટ્રેઈલનો દરજ્જો આપીને જાળવી રાખે છે. યુનેસ્કો જેવી સંસ્થાએ પણ આવાં અનેક સ્થાનોને હેરિટેજ સંપત્તિ જાહેર કર્યાં છે. પગદંડીઓને પણ પોતાની અનોખી સંસ્કૃતિ હોય છે. સમજુ અને પરંપરાપ્રેમી લોકો ક્યારેય અહીં 'વિકાસ' થવો જોઈએ એવી માગણી નથી કરતા. આપણે દુનિયામાં સૌથી વધારે હેરિટેજ સ્થાનો અને પ્રાકૃતિક વિવિધતા ધરાવીએ છીએ પણ જાળવણીની બાબતમાં ચિત્ર નિરાશાજનક છે.

એક દલીલ થશે કે અહીં વસતા લોકોના હકનું શું? જીવનજરૂરી સવલતો મેળવવાનો હક દેશના દરેક નાગરિકને હોય એ બાબતમાં કંઈ કહેવાનું ન હોય, પણ કુદરતમાં જેટલો હક માણસનો છે એટલો જ પ્રકૃતિનો પણ હોવો જોઈએ એ પણ સ્વીકારવું પડશે. પ્રકૃતિથી અલિપ્ત એવી માનવજાત આપણે કલ્પી પણ ન શકીએ. હિમાલયની આ પગદંડીઓની વાત કરું તો હું આવી કેડીઓ ઉપર અનેક વાર ચાલ્યો છું. અડાબીડ જંગલો, દુર્ગમ સ્થાનો, પહાડો અને ખીણો વટાવતી

એ કેડીઓ જાય છે. જ્યાં કોઈ સ્થાયી વસતી ભાગ્યે જોવા મળે. મુખ્યત્વે ઉનાળાના દિવસોમાં પોતાનાં પશુઓ લઈને પહાડ શિખરે આવેલાં હરિયાળાં મેદાનોમાં એક-બે મહિના માટે મુકામ કરતા માલધારીઓ જ જોવા મળે છે. જો તેઓ પોતાના કાયમ બદલાતાં સ્થાનોએ પણ સગવડોની માગણી કરે તો એ કેમ શક્ય બને? છતાં લોકો એવી ફરિયાદ કરતા જોવા મળે છે. એક અનુભવ અહીં નોંધું છું-

એક વાર અમે ત્રણ મિત્રો એવી જ એક દુર્ગમ પગદંડીએ ચાલ્યા. રસ્તામાં કેવો આનંદ આવ્યો તેનું વર્ણન હું આજે નહીં કરું. કાકાસાહેબ અને સ્વામી આનંદનાં પુસ્તકોમાં બેલકની ચડાઈવાળું પ્રકરણ વાંચી લેવું. એટલું કહીશ કે એ જમાનાના વર્ણનમાં અને આજની સ્થિતિમાં જરા પણ ફરક પડ્યો નથી. એ જ પરિવેશ અને એ જ સમયાતીત સૌંદર્ય !

લગભગ દસ હજાર ફૂટની ઊંચાઈએ આવેલ બેલક ચટ્ટીએ અમે રાતવાસો કર્યો. ત્યાં સ્થાનિક માલધારીઓએ અમારી પાસે અનેક સમસ્યાઓ રજૂ કરી. જેમાં સારા માર્ગો બનાવવાની જરૂરત, વીજળી પહોંચાડવાની વાત, આરોગ્ય સુવિધા વગેરે તેમની માગણીઓ હતી. અમારી પાસે સત્તાવાળાઓને આપવા એક અરજી પણ લખાવી!


એ લોકોનો આગ્રહ વ્યાજબી લાગે પણ બીજી રીતે વિચારીએ તો સમજાય કે તેઓ ફક્ત ઉનાળાના ત્રણ-ચાર મહિના માટે જ અહીં આવે છે અને ઘાસચારાનો યોગ્ય પુરવઠો અહીં ન મળે તો અહીંને બદલે બીજે પણ જાય. તેમનાં મૂળ ગામો સુધી તો શક્ય એટલી સુવિધાઓ પહોંચી જ હોય છે. આવા સંજોગોમાં તેઓની માગણી કેટલી યોગ્ય ગણાય એ વિચારવાનું કામ વાચકો ઉપર છોડું છું. આવા માર્ગો એક અમૂલ્ય સંસ્કૃતિ સાચવીને બેઠા છે એ વાતમાં શંકા નથી. અહીં હિમાલયનું જે અલૌકિક સામીપ્ય મળે છે તે બીજે ભાગ્યે મળી શકે. એક વાર વિકાસનો સ્પર્શ થયા પછી તેનું અસ્તિત્વ પણ ન રહે.

જ્યારે સંગ્રહસ્થાનમાં રાખેલી કોઈ ચીજ જોઈએ છીએ ત્યારે જે તે યુગની કલાકારી કે જીવનની એક ઝલક આપણી સામે હોય છે. તે જોઈને આપણને અચરજ થાય, મનમાં પ્રશંસાનો ભાવ જાગે પણ જે તે યુગમાં જીવતા હોવાની અનુભૂતિ તો ન જ થાય. એ માટે તો એવું આબેહૂબ વાતાવરણ હોવું જોઈએ, એવો જ પરિવેશ જોઈએ. આધુનિકતાના સ્પર્શથી દૂર એવાં હિમાલયનાં કેટલાંક દુર્ગમ સ્થાનો પર એ અનુભૂતિ પ્રત્યક્ષ થઈ શકે છે. એટલે જ મન કહે છે કે આ સ્થાનો જેવાં છે તેવાં રક્ષિત રહે તેમાં જ સ્વાસ્થ્ય છે.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૮. કવિ કાન્તની ખુરશી

હાજર થયો એના બીજા જ દિવસે આલ્ફ્રેડ હાઈ સ્કૂલના આચાર્ય ધનુભાઈ ભટ્ટ મળવા આવ્યા. આલ્ફ્રેડ હાઈ સ્કૂલ અમારી ઓફિસની બિલકુલ સામે, બારીમાંથી દેખાય. તેથી એમને ભૌગોલિક સામીપ્યનો લાભ (કેટલીક બાબતોમાં ગેરલાભ) મળે. મારી પાસે આવવા માટે એમને કલાકોનો પ્રવાસ ખેડવો પડે નહીં, રિક્ષા કે સ્કૂટરની જરૂર નહીં. ખુરશીમાંથી ઊભા થાઓ, રસ્તો ઓળંગીને સામેના બિલ્ડિંગમાં પ્રવેશ કરો.

ધનુભાઈ જૂના અને અનુભવી આચાર્ય. અમારા ડિપાર્ટમેન્ટના કેટલાક સિનિયર અધિકારીઓ સાથે અંગત પરિચય હશે તેથી, વાતચીતની શરૂઆત એમણે રાજ્યકક્ષાએથી કરી. સાવિત્રીબહેન ભટ્ટ, રાજ્ય પરીક્ષા બોર્ડનાં અધ્યક્ષ : આપ એમને મળ્યા હશો, (નહોતો મળ્યો) તે વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, આપણા પ્રખ્યાત વિવેચક (જાણતો હતો), તેમનાં પુત્રી એ તો આપને ખબર હશે જ (ખબર નહોતી) અને રાજગોરસાહેબ, શિવપ્રસાદ રાજગોર, જોઈન્ટ ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન–

ઔપચારિક મુલાકાત હતી. વિશેષ સમય લેવો જોઈએ નહીં. બહાર અન્ય કેટલાક મુલાકાતીઓ પ્રતીક્ષામાં બેઠા હતા.

એમણે રજા માગી. ઊભા થવાનું કર્યું, ટટાર થયા—

અને સ્થિર થઈ ગયા. વિદાયની તૈયારી કરવી અને ખરેખર વિદાય લેવી એવાં બે બિંદુઓ વચ્ચે જે અપેક્ષિત અંતર હોય એને એમણે સ્થિતિસ્થાપકતા આપી અને વચ્ચે અવકાશનો ટાપુ ઊભો કર્યો.

ઝીણી આંખે મારી સામે જોઈ રહ્યા. શું મને એ તપાસી રહ્યા હતા? મારું મૂલ્યાંકન કરી રહ્યા હતા?

શિક્ષક અને આચાર્ય તરીકેની દીર્ઘ કારકિર્દી દરમિયાન ધનુભાઈએ, સ્કૂલની સામેની બાજુએ આવેલી બે માળની નાટકશાળામાં ભજવાતા બધા પ્રકારના ખેલ જોયા હશે. બાર મહિને-બે વર્ષે નવો કલાકાર ચહેરા પર સત્તાનો જાડો રગડો ચોપડીને આવે, સ્ટેજ પર ગોળગોળ ફરતાં કૂદકા મારે, તલવારના પટા ખેલે અને પ્રેક્ષકોને ગેરસમજ ન થાય, ઓળખવામાં કોઈ ભૂલ ન કરે તે હેતુથી ગર્જના કરીને પોતાનો પરિચય આપેઃ

હું કોણ?

કે હું સ્વર્ગનો રાજા ઇન્દ્ર!

મને રમૂજ થઈ, 'શું જુઓ છો?'

જમણો હાથ મારી સામે લાંબો થયો, 'સાહેબ, આ ખુરશી.'

મેં કહ્યું, 'હા, ખુરશી.'

'જેની ઉપર આપ બેઠા છો.'

આમતેમ જોઈને મેં ખાતરી કરી લીધી, 'હા, બેઠો છું.'

'કોની છે તે જાણો છો?'

પ્રશ્ન ગેબી હતો. નીકળ્યો હતો ધનુભાઈ ભટ્ટ નામના એક મનુષ્યના મુખેથી, પરંતુ એનું સ્વરૂપ આકાશવાણીનું હતું.

મને પડઘા સંભળાયાઃ

હે નાદાન બાળક!

સબૂર!

બેસવા જઈ રહ્યો છે, પણ તું એ જાણે છે કે આ સિંહાસન કોનું છે?

ભોટ બાળક ન જ જાણતો હોય, તેથી ઉત્તર પણ આકાશમાંથી જ આવે છેઃ

આ સિંહાસન તો પરદુખભંજક રાજા વીર વિક્રમનું છે!

પડઘા શમી ગયા.

આકાશવાણીનું ભાષાંતર કરતાં ધનુભાઈએ કહ્યું, 'આપ કવિ કાન્તની ખુરશીમાં બેઠા છો.'

તે ક્ષણે મારી ખુરશી સહેજ ઊંચી થઈ અને હવામાં તરવા લાગી.

જાણતા હતા?

ના, હું નહોતો જાણતો.

સમજ પડી?

થોડીથોડી.

ધનુભાઈએ શબ્દો છૂટા પાડી સમજાવ્યું! કવિ કાન્ત. મણિશંકર રત્નજી ભટ્ટ. આલ્ફ્રેડ હાઈ સ્કૂલના આચાર્ય. સાથેસાથે, હોદ્દાની રૂએ (ex officio) સમગ્ર ભાવનગર રાજ્યના કેળવણી ખાતાના વડા.

એટલે કે, કવિ કાન્ત મારા પૂર્વજ હતા.

મેં હળવેથી કહ્યું, 'આભાર, ધનુભાઈ. આપે મને નવી ઓળખ આપી.'

*

પ્રશ્ન છે!

સોનાનું સિંહાસન કે લાકડાની ખુરશીઃ એને જડ માનવી, નિર્જીવ માનવી, કે પછી એનામાં કોઈ પ્રકારના ચૈતન્યની શક્યતા ખરી?

ન્યાયાધીશ વિશે એમ કહેવાય છે કે વ્યક્તિ તરીકે ભલે એ સામાન્ય હોય, અન્ય મનુષ્યો જેવો, પરંતુ ન્યાયના આસને બેસે તે ક્ષણે એનામાં ન્યાયના,

સત્યના દેવતાનો પ્રવેશ થાય છે.

એનું રૂપાંતર થઈ જાય છે.

કહો કે થવું જોઈએ.

* * *

૯. ભાવનગર મારી તાલીમશાળા

કારકિર્દીના પ્રારંભમાં ભાવનગર જિલ્લામાં કામ કરવાની તક મળી તેને હું મારું સદ્‌ભાગ્ય માનું છું.

ભાવનગર એમાંનું એક હતું.

સ્ટીમરોલર ફરી વળ્યું અને બધા ચહેરાઓ (માણસોના પણ) પરની રેખાઓ ભૂંસાઈ ગઈ તે પહેલાંની આ વાત છે.

વળી, જે ક્ષેત્રમાં મારે કામ કરવાનું હતું એમાં તો ભાવનગર સમગ્ર રાજ્યમાં અદ્વિતીય હતું. વીસમી સદીની શરૂઆતથી ત્યાં શિક્ષણની આગવી પ્રણાલીઓ વિકસી હતી. ઘરશાળા, દક્ષિણામૂર્તિ, શિશુવિહાર અને લોકભારતી જેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી. મારા જેવા, શિક્ષણ વિશે લગભગ કંઈ ન જાણનારા માણસ માટે પણ ભાવનગર એટલે નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા, મૂળશંકરભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી, હરભાઈ ત્રિવેદી, જોકે, એ મહાનુભાવોને હું શિક્ષણકાર તરીકે નહીં, સાહિત્યકાર તરીકે ઓળખતો. ગિજુભાઈની બાળવાર્તાઓ, નાનાભાઈએ આલેખેલાં 'મહાભારતનાં પાત્રો', મૂળશંકરભાઈ દ્વારા અનૂદિત જુલે વર્ન જેવા લેખકોની સાહસકથાઓ, પેઢીઓથી ગુજરાતનાં બાળકો તથા કિશોરો માટે જ્ઞાન અને વિસ્મયનો ખજાનો.

દંતકથા જેવાં પાત્રોમાંથી તે સમયે હરભાઈ, મૂળશંકરભાઈ અને મનુભાઈ તો હયાત હતા.

મારું સ્થાન હું જાણતો હતો. મારે એ સંસ્થાઓ પર શાસન નહોતું કરવાનું, એમની પાસેથી મેળવવાનું હતું.

અન્ય મોટા જિલ્લાઓની સરખામણીમાં સ્કૂલોની સંખ્યા ઓછી, તેથી કામનું ભારણ ઓછું, પ્રશ્નો ઓછા. જોકે, આવી બાબતોમાં સંખ્યા એ જ એકમાત્ર ધોરણ હોઈ શકે નહીં. વધારે મહત્ત્વનું તત્ત્વ એ કે, શહેરની એકાદ-બે સંસ્થાઓને બાદ કરતાં હજુ ક્યાંય ધંધાદારી વૃત્તિ આવી નહોતી. પરિણામે, ગેરરીતિની ફરિયાદો ખાસ સાંભળવા મળતી નહીં. સંચાલન કરનાર મંડળોમાં સામાન્ય રીતે જે તે ગામ કે શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો જ હોય. સ્કૂલની રોજેરોજની કામગીરીમાં એમની દખલ નહીં.

એમની અપેક્ષા આટલી : નિશાળ સારી રીતે ચાલે અને ગામનાં છોકરાં ભણે.

આ મારી ભાષા નથી, ગામડાંમાં સરપંચ કે મુખી પાસેથી આ શબ્દો સાંભળવા મળતા. સાહેબ, અમને તમારા નિયમોમાં કાંઈ ખબર પડે નહીં.

અમારે તો, બસ, ગામનાં છોકરાં સારી રીતે ભણે એટલું જ જોઈએ.

શિહોરની એક જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થાનો મને થયેલો અનુભવ અહીં નોંધવા જેવો છે. શિક્ષકોની ભરતીના ઇન્ટરવ્યુ માટે જવાનું થયું (શિહોરની મારી પહેલી મુલાકાત) ત્યારે આખું સંચાલક મંડળ હાજર. મોટા ભાગના વેપારી, બે-ત્રણ વકીલો, એક ડોક્ટર. મીટિંગની તૈયારીઓ થઈ ગઈ, દરેકની સામે ઉમેદવારોની યાદી મૂકવામાં આવી, ત્યારે ડોક્ટર (મને યાદ છે ત્યાં સુધી મંડળના સેક્રેટરી) હસીને મને કહે, 'જુઓ, સાહેબ, પેટછૂટી વાત કરું. આ અમારો વિષય નથી. શિક્ષણમાં અમને કાંઈ ગતાગમ ન પડે. આવ્યા છીએ તે શોભા પૂરતા, ચૂપચાપ બેસી રહીશું. અમારે એક પ્રશ્ન પણ પૂછવો નથી. બસ, અમારે તો આટલું જ જોઈએ કે આપ સારો ઉમેદવાર પસંદ કરીને આપો. અમે એને અપોઈન્ટમેન્ટ ઓર્ડર આપી દઈએ. આપ છુટ્ટા અને અમે છુટ્ટા.'

ઇન્ટરવ્યુની પ્રક્રિયા અતિશય સંકુલ છે. દેખીતી રીતે એમાં ઉમેદવારની પરીક્ષા થાય છે, તે ઉપરાંત અન્ય કેટલાક સૂક્ષ્મ સ્તરો છે. પરીક્ષા લેનાર સરકારી બાબુની પણ પરીક્ષા થાય છે.

અને, બાબુ દ્વારા સંચાલક મંડળની પરીક્ષા થાય છે.

રહ્યો ઉમેદવાર. તે બધું જુએ છે, સમજે છે, નોંધ કરે છે.

ડોક્ટરની એકોક્તિને ફરી એક વાર ધ્યાનથી વાંચવાની જરૂર છે. ઉપર મેં સળંગ ગદ્યખંડ તરીકે રજૂ કરી તેને બદલે નાનાનાના ટુકડા પાડી, વાક્યખંડોની નવેસરથી ગોઠવણી કરવામાં આવે તો અછાંદસ કાવ્ય બની જાય. એમાં લય છે, માધુર્ય છે, અર્થોની ગૂંથણી છે. સાદા, રોજબરોજ વાતચીતમાં વપરાતા શબ્દો પાસેથી અદ્‌ભુત કામ લેવામાં આવ્યું છે.

પોતાની ગેરલાયકાત, અયોગ્યતા (અમને ખબર પડે નહીં, અમારો વિષય નહીં) અંગેનાં વિધાનોનું અર્થઘટન કરતી વખતે સાવધાની રાખવાની વિશેષ જરૂર છે.

'ઇસ સાદગી પે કૌન ના મર જાય!' એ વાળો મામલો છે.

*

મોટી સંસ્થાઓ અને શિક્ષણશાસ્ત્રીઓનાં નામ લીધાં, પરંતુ રોજેરોજનું કામ તો કચેરીના માણસો પાસેથી લેવાનું હતું. હું બિનઅનુભવી માણસ હતો તે સર્વવિદિત હતું, વધારામાં, અજ્ઞાન છુપાવવાનો પ્રયત્ન કરતો નહીં. ન સમજાય તે પૂછતો. જરૂર જણાય ત્યાં નિયમ માગતો, આધાર માગતો.

કચેરીમાં શિસ્તનું ધોરણ ઊંચું હતું તે દેશી રાજ્યના સમયથી સ્થાપિત થયેલી પ્રણાલીઓને આભારી હશે. અધિકારીથી પટાવાળા સુધીના કર્મચારીઓનું એક સામાન્ય લક્ષણ તે વિનમ્રતા, વાણીવર્તનનો વિવેક. બોલાવવામાં આવે ત્યારે આવીને સામે ઊભા રહે, બેસવાનું કહેવામાં ન

આવે ત્યાં સુધી બેસે નહીં. યસ, સર. હાજી, સાહેબ.

શરૂઆતમાં મને હેડક્લાર્ક અરવિંદભાઈ રાવલ, અને જેઠાભાઈ જેવા કર્મચારીઓ પાસેથી યોગ્ય માર્ગદર્શન મળતું. કેટલાંક નામ ભુલાઈ ગયાં છે પણ ચહેરા બધા યાદ છેઃ ભાઈ ગોહેલ, ભડિયાદરા, ચૌહાણ, વિજય શાહ (જે પાછળથી પ્રમોશન મેળવીને ગોધરાના ડી.ઈ.ઓ. બન્યા હતા), ઘોઘાના મલેક, હેડપ્યુન ભોળાભાઈ—

ભાવનગર છોડ્યાને પાંત્રીસ કરતાં વધારે વર્ષ થયાં પણ ભોળાભાઈને અમે — હું ને મારાં સંતાનો — ભૂલ્યાં નથી. રોજ રાત્રે ઓફિસ બંધ થાય પછી મોડેથી ઓફિસની ચાવી — ચાવીઓનો મોટો ઝૂમખો — મારે ઘેર મૂકવા આવે, સવારે લેવા આવે. અન્ય કોઈને મોકલે નહીં. ઓફિસમાં મારા બારણાની બહાર સ્ટૂલ તે એમનું આસન. બેલ મારો ત્યારે હાજર. મને યાદ નથી કે ભોળાભાઈ સામેથી, સ્વેચ્છાએ, વગર પૂછ્યે ક્યારેય કશું બોલ્યા હોય. પૂછવામાં આવે તો હાજી-નાજી એવો એકાક્ષરી ઉત્તર.

વહીવટ ઉપરાંત કચેરીની મહત્ત્વની કામગીરી તે શૈક્ષણિક. તે માટે વર્ગ-2ના ચાર અને વર્ગ-3ના બાર-પંદર ઇન્સ્પેક્ટરો હતા.

અહીં એમાંના એક, શંકરલાલ કનાડાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. તે મારા આસિસ્ટંટ હતા અને પ્રવાસમાં હંમેશાં સાથે રહેતા. અત્યંત પ્રામાણિક અને વિનમ્ર અધિકારી. સાત્ત્વિક પ્રકૃતિ, કોઈના વિશે ખરાબ વિચારવું, ઘસાતું બોલવું તે એમનું કામ નહીં. પરંતુ, છેવટે તો આ સરકારી તંત્ર હતું, ભારતભૂમિ હતી, ચારેબાજુ દેવતાઓ નહોતા વસતા. વાદળો પર વિહાર કરવાનું અમને પરવડે નહીં. તેથી, હું ક્યારેક ભારપૂર્વક પૂછું, તો જે તે વ્યક્તિ કે સંસ્થા વિશે તટસ્થ અભિપ્રાય આપે. આ થતું ફરજના ભાગ તરીકે. નકારાત્મક અભિપ્રાય પણ સંકોચ સાથે, અચકાતાં અચકાતાં, શક્ય તેટલા ઓછા શબ્દોમાં આપે.

ઇશારો કરીને ચૂપ.

અઠવાડિયે એકાદ-બે વાર અમારે પ્રવાસમાં જવાનું થાય — બોટાદ, પાલિતાણા, મહુવા, સાવરકુંડલા. એમની નાનકડી બેગમાં ઓઢવા માટે પાતળી ચાદર હોય, વાંચવા માટે એકાદ-બે પાતળી ચોપડીઓ. આ બધું સફાઈદાર રીતે ગોઠવેલું હોય.

અમારી વાતો ખૂટતી નહીં. કામ પૂરું થાય તે પછી સાંજે, કોઈ વાર જમ્યા પછી રાત્રે, દૂર સુધી ચાલવા જતા.

અત્યારે એ જોડીને યાદ કરું છું તો મને કંઈક વ્યુત્ક્રમ દેખાય છે! એમનો ઉપરી, તેથી હું મોટો અને એ નાના, બીજી બાજુ, માત્ર વય નહીં, અનુભવ, સમજ, ડહાપણ, અનેક માનવીય ગુણો - આ બધી દૃષ્ટિએ એ મોટા હતા.

આમ, મારી તાલીમ ચાલી રહી હતી.

[ક્રમશઃ]



ડસ્ટબિન

☐ રન્નાદે શાહ

સાંજ પડવા આવી છે. હવામાં ઠંડીનો ચમકારો છે. સૂરજદાદા પ્રતીચી તરફ થાક ને કંટાળાથી ગતિ કરી રહ્યા છે. એમના બગાસાંથી સર્જાયેલાં વાદળો આકાશમાં હળવે'કથી દોલાયમાન થઈ રહ્યાં છે. ઘરના આંગણામાં મુકાયેલા હીંચકા પર વૃંદાબહેન શૂન્યમનસ્ક અવસ્થામાં બેઠાં છે. આમ જુઓ તો સાંજે પાંચ વાગ્યાથી સાત વાગ્યા સુધી હીંચકે બેસવાનો વૃંદાબહેનનો નિત્યક્રમ હતો. શિરીષભાઈ હતા ત્યારે બન્ને સાથે આ સમય હીંચકા પર વિતાવતાં. ઠંડો પવન વૃંદાબહેનને ધ્રુજાવતો હોવા છતાં એમ જ હીંચકા પર બેઠાં-બેઠાં સામે ઊભેલા શ્રીપર્ણીનાં બાકી રહેલાં પાંદડાંને ખરતાં જોઈ રહ્યાં હતાં. વર્ષો પહેલાં વાવેલા છોડ આજે ઘેઘૂર વૃક્ષો થઈ ચૂક્યાં હતાં એથી ટુકડો જમીનમાં થતી લોન ઠેર-ઠેરથી અદશ્ય થયેલી દેખાતી હતી. આસોપાલવ, ચંપો, ગુલમહોર અને શ્રીપર્ણીનાં સૂકાં પાનની પથારી પથરાયેલી હતી. બીજો કોઈ દિવસ હોત તો વૃંદાબહેને સાવરણો હાથમાં લીધો જ હોત ને આ પાંદડાં

ભેગાં કરી કચરાના પીપમાં નાખ્યાં જ હોત... વૃંદાબહેનના ચહેરા પર ઘેરા વિષાદનો માળો બંધાયો હતો...

હજી ગઈ કાલની જ ઘટના વૃંદાબહેનના ચિત્ત પર અડિંગો લગાવીને બેઠી હતી. દૂરના કાકાજીના દીકરાની દીકરીનાં લગ્નપ્રસંગમાં વૃંદાબહેન ગયાં હતાં - એકલાં જ. દીકરો ને પુત્રવધૂ તો મિત્રની પાર્ટીમાં ગયાં હતાં. એક બાજુ લગ્ન થતાં હતાં ને બીજી બાજુ વૃંદાબહેન બહેનોના એક ગ્રુપમાં બેઠાં હતાં.

''પ્રિયાનાં લગ્ન બહુ ધામધૂમથી કર્યાં મહેશભાઈએ, નહીં?!''

''પણ, આવો ખર્ચો?'' વૃંદાબહેનથી બોલાઈ જ ગયું હતું.

''હવે તો આવા દેખાડા સહજ થઈ ગયા છે, ભાભી.'' વૃંદાબહેનની બોલકી નણંદે તરત જવાબ આપ્યો ને તરત જ ગ્રુપમાંની એક બહેન તરફ તીર જેવો સવાલ એમના ભાથામાંથી ફેંકાયો, ''મીનાભાભી, પછી શું વિચાર્યું છે તારકનું? કોઈ છોકરી પસંદ કરી કે નહીં? હવે તો એનો યુ.એસ. પાછા જવાનો સમય પણ આવી ગયો હશે!'' મીનાબહેનનું મોં પડી ગયું હતું તોય એમણે જવાબ તો આપ્યો જ, ''શોધીએ છીએ બેલાબહેન. આપણા ઘરમાં શોભે એવી છોકરી મળવી પણ જોઈએને!''

''તે તમારે દીપિકા જેવી વહુ લાવવાની છે કે વિપાશા જેવી વહુ લાવવાની છે? કે પછી કોઈ વિદેશી વહુ લાવવાની છે?''

''ના, ના, આમાંનું કોઈ નહીં. મારે તો ઘર ને વર સાચવે, પ્રેમથી બધાને એકબીજા સાથે જોડી રાખે એવી વહુ જોઈએ.''

''ત્યારે તો થઈ રહ્યાં તમારા તારકનાં લગ્ન. આજકાલ છોકરીઓ સ્વતંત્રતા માગવાની. પોતાના પગ પર ઊભી રહેનારી થોડી તમારી ઇચ્છાઓને પૂરી કરવાની? તમે જાણો છો ભાભી, આજકાલ છોકરીઓ છોકરા સાથે ફર્સ્ટ મીટિંગમાં બિનધાસ્ત પૂછે છે - 'તમારો પગાર કેટલો છે? ઘરમાં કેટલાં ડસ્ટબિન છે?''

''ડસ્ટબિન? આ તે કેવો સવાલ?''

''ભાભી, ડસ્ટબિન એટલે ફાલતુ, વૃદ્ધો-''

આ સાંભળતાં જ વૃંદાબહેન, અણગમાથી ઊભાં થઈ ગયાં ને ''હું જરા બાને મળી આવું'' કહી ત્યાંથી નીકળી જ ગયાં–

વૃંદાબહેનને નેશનલાઈઝ બેન્કમાંથી નિવૃત્ત થયે દસ વર્ષ વીતી ગયાં હતાં. લગ્ન પછી અધૂરો અભ્યાસ પૂરો કર્યો તે પણ એક્સ્ટર્નલ જ. સવારે ચાર વાગે ઊઠી ઘરનું કામકાજ પતાવી, શિરીષભાઈને પોતાના લંચબોક્સ ભરીને, વડસાસુને જમાડી નવની બસ પકડી લાલ દરવાજે આવેલી બેન્કમાં પહોંચી જતાં. સાંજે સાત વાગ્યે ઘેર

પહોંચી પાછાં ઘરની જવાબદારીઓમાં ગૂંથાઈ જતાં. પછી તો બાળકો ને બાળકોની જવાબદારીઓ... યુવાની ક્યાં પસાર થઈ ગઈ ખબર જ ના પડી. હા, એમની કાર્યકુશળતાના કારણે બેન્કમાં મેનેજરના પદ સુધી પહોંચ્યાં હતાં. જિંદગી સામે એમને કોઈ પ્રશ્નો હતા નહીં, નારાજગી પણ નહીં. દીકરીને ભણાવીગણાવી ને પરણાવી. એનાં સંતાનો આજે ભણી-ગણીને પોતાના પગ ઉપર ઊભાં હતાં. દીકરાનેય ભણાવ્યો ને સારી કંપનીમાં સારા હોદ્દા પર નોકરી કરતો હતો. એનેય પરણાવ્યો ને વિશ્વા ઘરમાં આવી. વિશ્વા લગ્ન પહેલાં સ્કૂલમાં નોકરી કરતી હતી એટલે વૃંદાબહેને એને હંમેશાં ઘરકામથી મુક્ત રાખી હતી, ને આમેય હવે ઘરમાં હતાં જ કેટલાં? વડસાસુ, સસરા, જેઠ એક પછી એક અવસાન પામ્યાં હતાં ને એક વર્ષ પહેલાં જ પતિના સાથને પણ ગુમાવ્યો હતો. ઘરમાં હવે સાસુ, પોતે, દીકરો પ્રિયાંક, વિશ્વા ને અઢી વર્ષનો નાનકડો મંદાર.

મંદારના જન્મ પછી વૃંદાબહેનની મથુરા ગોકુળમાં પરિવર્તિત થઈ ગઈ હતી. જવાબદારીઓ વધી હોવા છતાં એમનું જીવન ધબકવા માંડ્યું હતું. એમને લાગતું કે એમનો પ્રિયાંક ફરી એમના ખોળામાં એમના વાત્સલ્યના વારિધિમાં નાહવા આવી ગયો છે. ઢગલો જવાબદારીઓની વચ્ચે આરોહી અને પ્રિયાંકનાં બાળપણને વૃંદાબહેન માણી શક્યાં નહોતાં, એનો રંજ, એનો અપરાધભાવ વૃંદાબહેન મંદાર પર વહાલ વરસાવી ધોઈ રહ્યાં હતાં.

વૃંદાબહેને જોરથી માથું ધુણાવ્યું - જાણે, વિચારોનાં આ જાળાંને ફગાવી દેવાં ન હોય! પણ, હઠીલાં બાળકોની જેમ સ્મૃતિઓનાં ટોળેટોળાં એકબીજાં સાથે અથડાતાં - અથડાતાંય વૃંદાબહેનની આંખોમાં ઊભરાવાં માંડ્યાં હતાં.

''મમ્મી, તું ક્યાં સુધી આ ઢસરડા કર્યા કરીશ? વિશ્વાને પણ કામ સોંપતી જા.'' આરોહી અકળાયેલા સ્વરમાં કહેતી.

''બેટા, એ નોકરી કરે છે ને ઉપરથી ટ્યુશન્સ પણ કરે છે.''

''તે નોકરી તો તું પણ કરતી હતી.''

''હા, એકલા હાથે બધું કરતી હતી ત્યારે એવું થતું કે મદદ કરનાર કોઈ હોય તો કેવું સારું!''

''અત્યારે પણ તું એકલી જ આ ઢસરડો કરે છે. તું કામ કરતી હોય ને એ બહાર બધાની સાથે વાતો કરતી બેઠી હોય તે કેવું લાગે?! આ બધું તને જ એક દિવસ ભારે પડશે.''

વૃંદાબહેને પગની ઠેસથી હીંચકાને વેગ આપ્યો.

''જુઓ વૃંદાબહેન, શિરીષભાઈને

મોટા આંતરડામાં ગાંઠો દેખાય છે. ઓપરેશન કરવું જ પડશે પણ એમનું હિમોગ્લોબિન ઘણું ઓછું છે. તમે એમને હોસ્પિટલાઈઝ કરવાની તૈયારી કરો. ઓછામાં ઓછી બ્લડની બે બોટલ્સ ચઢાવવી પડશે. મને લાગે છે ત્રણ દિવસ પછી બધા રિપોર્ટ્સ સારા રહે તો શુક્રવારે ઓપરેશન થઈ શકશે.''

''પણ, ડોક્ટરસાહેબ-''

''તમે ચિંતા ન કરો વૃંદાબહેન, અમે શિરીષભાઈની ચિંતા કરવાવાળા બેઠા છીએને! હા, તમે આજે પ્રિયાંકને લઈને આવ્યાં હોત તો સારું થાત.''

વૃંદાબહેનના હૈયામાંથી એક ફળફળતો નિસાસો સરી પડ્યો. પછી તો આરોહી, પ્રિયાંક ને વૃંદાબહેનના અથાક પ્રયાસો શિરીષભાઈને બેઠા કરવાના. ફરીથી વૃંદાબહેને પગની ઠેસથી હીંચકાને વેગ આપ્યો. ઠંડા પવને વૃંદાબહેનને ધ્રુજાવી દીધાં.

''મમ્મી, વિશ્વાએ હવે ઘેર આવી જવું જોઈએને!''

''બેટા, મંદાર હજી ત્રણ મહિનાનો જ છે. એને વિદાય કરે પછી આપણે ત્યાં આવેને-''

''પણ, પપ્પા હોસ્પિટલમાં છે તો એણે આવી જવું જોઈએને! તું ને પ્રિયાંક બાને સાચવવા ઘર-દવાખાનું-ઘર કર્યાં કરો છો, તો એ ઘેર હોય તો તને શાંતિને!''

''બેટા, નાના છોકરા ને નોકરી સાથે, એ બાને કેવી રીતે સાચવે?''

''કેમ તું છોકરાં ને નોકરી સાથે મોટાં બા ને બાને સાચવતી'તીને જ. એ તો માથે પડે તો બધું આવડે. તું જ એને સાચવ સાચવ કરે છે.''

''સમય આવ્યે એ પણ કરશે, તું જોજેને.''

એ સમય આજ દિન સુધી આવ્યો નહીં. પોણાબે વરસની પીડા ભોગવી શિરીષભાઈએ અંતિમ શ્વાસ લીધા. પણ, વૃંદાબહેન વિશ્વાના અતડા વર્તનથી બેચેન જરૂર થયાં હતાં. વૃંદાબહેનના પગની ઠેસ વધવા માંડી ને હીંચકો જોર-જોરથી ઝૂલવા માંડ્યો.

''મમ્મી, મંદારને ખવડાવ્યું? શું ખવડાવ્યું? દવા આપી? તાવ માપ્યો હતો? કેટલો તાવ છે?'' આયાને પૂછવામાં આવતા પ્રશ્નો ને વૃંદાબહેનના ખોળામાંથી મંદારને ઊંચકીને વિશ્વાનું લઈ જવું.

અઢી વર્ષનો મંદાર, ઘરમાં દોડાદોડ કરતો મંદાર, વૃંદાબહેનના ખોળે ચઢીને કાલી કાલી ભાષામાં વાતો કરતો મંદાર... વાર્તાઓના ખજાનામાંથી નવી નવી વાર્તાઓ કહેતાં વૃંદાબહેન... કાજળઘેરી રાતમાં પ્રગટેલો જાણે દીવો!... આ દીવો વિશ્વાના સપાટામાં ઝંખવાઈ જતો.

''આ શું મંદાર, બિસ્કિટ ખાય છે?

તને ડોક્ટરઆન્ટીએ બિસ્કિટ ખાવાની ના પાડી છેને! ઘરની બહાર કાઢી મૂકું? બાથરૂમમાં પૂરી દઉં? હું તારો ફોટો પાડીને ડોક્ટરઆન્ટીને જ મોકલી દઉં છું. કોણે તને બિસ્કિટ આપ્યું? આપનારને ભાન નથી પડતું?'' ગાલ પર પડેલા તમાચા ને વાણીપ્રવાહથી આંખમાં આંસુ સાથે ઊભેલો મંદાર...

અચાનક વૃંદાબહેને હીંચકો થોભાવ્યો.

''થોડા દિવસ મુંબઈ ભાઈને ત્યાં જતી રહું- ના, ના, એ તો પલાયનવૃત્તિ - પણ, હવે સાચે જ થાક લાગે છે.''

વૃંદાબહેનના મને આજે બળવો પોકારવાની શરૂઆત કરી દીધી હતી.

''હા, થાકી છું. આખી જિંદગી એકલે હાથે ઢસરડા કરવાનો થાક-''

''ના, વૃંદા! આ તનનો થાક નથી, મનનો થાક છે. આખી જિંદગી કર્યું ને હવે થાકી જઈશ?''

''પણ, આ તે કેમ ચલાવી લેવાય? પોતાના જ ઘરમાં પેઈંગગેસ્ટની જેમ રહેવું? ને તેય બાદશાહીથી?''

''તેં જ બાદશાહી આપી છે વૃંદા - કશાથી ન ડરીને જીવનસંધ્યાએ ડરી જઈશ? ખાટલે પડી રહી તું શું સુખ મેળવવાની? આમ કામ કરતાં જ શ્વાસ અટકી જાય-''

ને વૃંદાબહેન હીંચકા પરથી ઊભાં થઈ ગયાં ને સાવરણો હાથમાં લઈ પથરાયેલી પાંદડાંની પથારી વાળી નાખી, સુક્કાં પાંદડાં કચરાના પીપડામાં ભરતાં મનોમન બોલ્યાં, ''ડસ્ટબિન છે તો સારું છે. મારું ઘર સ્વચ્છ તો રહે છે.''

❑❑❑

શિશુમુખેથી



ગણેશ ચતુર્થીને દિવસે અમારી નવ વર્ષની દીકરી મહેકે ગણપતિ અને કાનુડાની નાનકડી મૂર્તિઓને ટી.વી. પાસેના ટેબલ ઉપર મૂકી ત્યાં દીવો કર્યો. થોડી વાર પછી તેણે ટી.વી. ચાલુ કર્યું અને તરત બંને મૂર્તિઓને દૂરના સોફા પર મૂકી દીધી. પછી પોતે બાજુમાં બેસતાં બોલી ''નજીકથી ટી.વી. જુએ તો ભગવાનને ચશ્માં ન આવી જાય!''

અમદાવાદ **પરાગ એમ. ત્રિવેદી**



ઐક્યની ભાવના મજબૂત બનાવતી અમદાવાદની પોળનું સંસ્કૃતિ દર્શન

☐ નરેશ અંતાણી

ગુજરાતના પુરાતત્ત્વ અને કલા વારસાની સમૃદ્ધિમાં અમદાવાદનું પ્રદાન કદાચ સૌથી મોખરે કહી શકાય. ગુજરાતમાં સલ્તનતકાળની સ્થાપના થતાં તેનું પાટનગર અણહિલવાડથી અમદાવાદ રાખવામાં આવ્યું. આ અમદાવાદ શહેરની સ્થાપના માટે જુદા જુદા સમય સૂચવવામાં આવ્યા છે, પરંતુ

ઈ. સ. 1411 અને 1412નાં વર્ષ મોટા ભાગના ઇતિહાસકારો માન્ય કરે છે. આપણા પ્રાચીન પુરાતત્ત્વીય વારસાથી અમદાવાદ છલોછલ ભરેલું છે. આ નગરમાં ઠેરઠેર આપણી વિરાસતના દર્શન થાય છે.

466 ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવતા આ શહેરના જૂના કિલ્લેબંધ નગરને 2017માં 'વર્લ્ડ હેરિટેજ સિટી' તરીકે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. અમદાવાદ નગરની પોળ પણ હેરિટેજ સાઈટ જેવી જ છે. અહીંની પોળસંસ્કૃતિ અદ્‌ભુત છે. તેમાં રહેલી વિવિધ સ્થાપત્યકલાનો વૈભવ અહીં આવતા દરેક પ્રવાસીઓ, સંશોધકોનું આકર્ષણ છે. પોળોની આ દુનિયાની અલપઝલપ સફર અહીં કરાવવા પ્રયાસ કર્યો છે.

પોળના પરિચય વિના અમદાવાદની સાચી ઓળખ અધૂરી કહેવાય. પોળ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'પ્રતોલી' પરથી આવ્યો છે. તેનો અર્થ પ્રવેશદ્વાર એવો થાય છે. ક્યાંક પોળને પાડો અથવા તો પાડા પણ કહેવામાં આવે છે. અમદાવાદની પોળનાં નામ સાથે ઓળ, શેરી, ફળિયું, ડેહલી, ગલી, ખાંચો, ખડકી, લતો, મહોલ્લો, ચકલો, વાસ, વાડ કે વાડો જેવી સંજ્ઞા કે શબ્દ પણ જોડાયેલ છે.

સુલતાન મહેમદશાહે આ નગરની સ્થાપના કર્યા પછી માણેક ચોકમાં સૌપ્રથમ જે પોળ અસ્તિત્વમાં આવી તે મુહૂર્તની પોળ 'મહુરત પોળ' તરીકે જાણીતી છે. મોઘલકાળમાં પણ આ શહેરમાં પોળનું અસ્તિત્વ હોવાની નોંધ જો કે જોવા મળે છે. એ સમયે ઢીંકવા, ચોકી, હાજા પટેલની પોળ, નિશા પોળ, ભંડેરપુર પોળ વગેરેના ઉલ્લેખ જોવા મળે છે. મોઘલકાળ પછી મરાઠાકાળમાં પોળની રચનાને વેગ મળ્યો હતો. અમદાવાદ શહેરની મોટા ભાગની પોળની રચના 1760થી 1818માં થયેલી છે. આઝાદી પહેલાં 1941માં કરવામાં આવેલા એક સર્વે મુજબ શહેરના વિસ્તારવાર પોળની એ સમયની સંખ્યા જોઈએ તો ખાડિયામાં 179, કાળુપુરમાં 171, દરિયાપુરમાં 96, શાહપુરમાં 129, જમાલપુરમાં 149, રાયખડમાં 53 એમ મળીને નગરના જુદા જુદા વિસ્તારોમાં કુલ 777 પોળ અસ્તિત્વમાં હતી જેમાં સમયાંતરે થોડી વધઘટ થતી રહે છે. 6 ઘરની નાની પોળ (ખાંચો)થી લઈને ત્રણ હજાર ઘરની પોળ સુધીની આ નગરમાં પોળ અસ્તિત્વ ધરાવે છે. નગરનાં આસપાસનાં પરાં અને શહેરોમાં આવેલી પોળ જુદી.

અમદાવાદની એક પોળમાંથી બીજી પોળમાં લટાર મારવી એ એક લહાવો છે. પોળોમાં કેટલાય પરિવારો પેઢીઓથી રહે છે. તેઓ આધુનિક અમદાવાદ કરતાં પોળમાં રહેવાનું વધુ પસંદ કરે છે. કેટલાય પરિવારો એવા પણ છે કે જે પોળ છોડીને ગયા પછી પાછા

પોળમાં રહેવા આવી ગયા છે. પોળનાં મકાનો તેની વિશિષ્ટ બાંધણીને લીધે વિખ્યાત છે. તેને નિહાળવા દૂરદૂરથી સંશોધકો અને સ્થપતિઓ આવે છે. પોળની બાંધણી એ નાગરિક સ્થાપત્યનું એક સુંદર ઉદાહરણ છે. વાસ્તુશાસ્ત્રને ધ્યાનમાં રાખીને બાંધવામાં આવેલાં મકાનોની રચના એવી તો અદ્ભુત રીતે કરવામાં આવી છે કે, ઠંડી અને ગરમી એમ બન્ને ઋતુમાં રક્ષણ આપે છે. મકાનોમાં નકશીકામ ધરાવતાં લાકડાંનો વિશેષ ઉપયોગ જોવા મળે છે, કારણ કે લાકડું જલદી ગરમ થતું નથી અને લાકડાની ફ્રેમવર્ક સાથેનું બાંધકામ ભૂકંપનો આંચકો ખમી શકે છે આથી જ તો 2001ના ધરતીકંપમાં આધુનિક અમદાવાદની ઇમારતો નુકસાન પામી પણ પોળનાં મકાનો અડીખમ રહ્યાં હતાં. મરાઠાકાળના સમયમાં સૂબાઓના ત્રાસથી બચવા લોકો સમૂહમાં એકબીજાની હૂંફમાં રહેવા લાગ્યા આથી કેટલીય પોળ એકદમ સાંકળી તો એવી છે કે, એકબીજાના ઘરમાંથી હાથ મિલાવીને પણ વાત કરી શકાય. અને રાત્રે પોળનો દરવાજો બંધ થાય એટલે સૌ સલામત. નગરની પોળો એટલી તો ભુલભુલામણી વાળી છે કે એક પોળમાંથી બીજી પોળમાં જઈ શકાય અને અજાણી વ્યક્તિ અંદર જાય તો પરત ફરતાં પણ દમ નીકળી જાય.

પોળના રહીશોના આનંદ અને



સગવડભર્યા જીવન માટે દરેક પોળમાં કેટલાક ઘટકો સર્વ સામાન્ય અને અનિવાર્ય જોવા મળે છે. અગાઉના સમયમાં પાણીના નળ ઘરોઘર ન હતા ત્યારે દરેક પોળમાં એક કૂવો તો હોય જ. પોળ મોટી હોય તો એકથી વધુ કૂવા પણ હોય છે. આ કૂવા પર ગોળ પડથાર અને કૂવાને ફરતી દીવાલ બનાવવામાં આવતી. પાણી સીંચવા માટે ગરગડીની સુવિધા રહેતી. આજે તો હવે કૂવાઓ પૂરી દેવાયા છે અને તેના પર ગોળ ઓટલા જોવા મળે છે.

દરેક પોળમાં મિશ્ર પ્રજા રહેતી હોઈ વસતી પ્રમાણે દરેક પોળમાં શિવાલય, જિનાલય, વૈષ્ણવપંથીઓ માટે હવેલી

તથા મસ્જિદ જોવા મળે જ.

દરેક પોળને તેના વિસ્તાર પ્રમાણે નાનો-મોટો લાકડાનો દરવાજો હોય છે અને તેમાં નાની બારી હોય છે. રાત્રિના મોટો દરવાજો બંધ થયા પછી લોકો આવનજાવન માટે બારીનો ઉપયોગ કરી શકે. આ દરવાજા પોળની સુરક્ષાનું પણ કામ કરતા હોય છે. તોફાનો કે કર્ફ્યુ જેવા સમયે દરવાજો બંધ કરી દેવાય અને તેની અંદર રહીશો મુક્ત રીતે ફરી શકે. જો કે હવે ઘણી પોળ દરવાજા વિનાની થઈ ગઈ છે. તો કેટલીક પોળમાં નવાં કલાત્મક નાકાં પણ બનાવવાનું શરૂ કરાયું છે, શહેરની કામેશ્વર પોળમાં આવું જ નવું નાકું બનાવવામાં આવ્યું છે.

પોળના રહીશોની સલામતી માટે તથા પોળની દેખરેખ રાખવા માટે ચોકીદાર રાખવામાં આવતો જેને 'પોળિયો' કહેવાય છે. આ પોળિયો પોળના દરવાજા પર બનાવવામાં આવેલા મેડા પર રહેતો. કેટલીક પોળમાં આ મેડાનો ઉપયોગ પોળના પંચ કે મંડળની કચેરી તરીકે કરવામાં આવતો. આ જ રીતે દરેક પોળમાં એક ચબૂતરો તો જોવા મળે જ. આ ચબૂતરા પણ અમદાવાદની પોળની ઓળખ બની ગયા છે અને તે પણ એક ખાસ આકર્ષણ ઊભું કરે તેવા કલાત્મક સ્થાપત્ય ધરાવતા હોય છે. આ દરેક ચબૂતરા પર તેના નિર્માણ કરનારનું નામ દર્શાવતી તકતી જોવા મળે છે. અમદાવાદ નગરનો સૌપ્રથમ ચબૂતરો બાપાલાલ મોદીએ ઈ. સ. 1896માં ભદ્રના કારંજ વિસ્તારમાં બનાવ્યો હોવાની નોંધ મળે છે. આ ચબૂતરાનો જીર્ણોદ્ધાર 2005માં શાંતાબહેન મોતીલાલ ટ્રસ્ટે કરાવ્યો હોવાની જાણીતા સાહિત્યકાર માણેકલાલ પટેલ 'સેતુ'એ પોતાના પુસ્તકમાં નોંધ કરી છે.

દરેક પોળના વિસ્તાર પ્રમાણે તેમાં એક મોટું વિશાળ મેદાન જોવા મળે છે તેને 'ચોકઠું' કહેવામાં આવે છે. આ ચોકઠું એટલે આજના નવા અર્થમાં કોમન પ્લોટ. આ ચોકઠામાં વાર-તહેવાર કે પ્રસંગની સામૂહિક ઉજવણી કરવામાં આવતી.

પોળનાં મકાનોની પણ ખાસ વિશેષતા જોવા મળે છે. આજે આપણે પક્ષીઓ ન બેસે એ માટે લોખંડના ખીલા કે કાચના ટુકડા લગાવીએ છીએ પણ અમદાવાદની પોળના દરેક મકાનની બહારની દીવાલોમાં પક્ષીઓને આરામ કરવા માટે ખાસ ગોખલા બનાવવામાં આવતા.

ઈ. સ. 1890માં અમદાવાદની પોળોમાં ગટર યોજના અમલમાં મૂકવામાં આવી ત્યારે ખાસ હવાસિયા સ્તંભ મૂકવામાં આવ્યા હતા અને તે સ્તંભ ઉપર ગટરનું પાણી કઈ દિશામાં વહે છે તે દર્શાવવા ખાસ દિશાચિહ્ન મૂકવામાં આવેલાં છે અને આ પોળોની ગટર યોજના એટલી તો વ્યવસ્થિત છે કે ગમે તેટલો વરસાદ પડે તોય શહેરના







નવા વિસ્તારોની જેમ પોળમાં પાણી ભરાવવાના પ્રશ્નો સર્જાતા નથી.

અગાઉ પોળમાં એક જ જ્ઞાતિ કે સમાજના લોકો વસતા આથી શહેરની કેટલીક પોળ તે સમાજના નામ સાથે આજે પણ જાણીતી છે. જેમ કે સોનીની ખડકી, ધોબીની પોળ, કંદોઈ પોળ, સુથાર વાડો, કુંભાર વાડો, ઝવેરી વાડ, કાગદી વાડ, લુહાર શેરી વગેરે. દરેક પર્વો અને તહેવારો પણ પોળના રહીશો હળીમળીને મનાવતા હોય છે. નગરની દરેક પોળનાં નામ સાથે પણ જુદો ઇતિહાસ જોડાયેલો છે.

પોળની સુરક્ષા માટે તથા અનિષ્ટોથી રક્ષણ માટે દરેક પોળમાં ચૈત્રમાસમાં ખાસ 'ધારાવાડી' ઉત્સવ ઊજવવામાં આવે છે. આ ઉજવણીમાં પોળની ફરતે સૂતરનો દોરો વીંટાળવામાં આવે છે અને તેને ફરતે દૂધની ધારા કરવામાં આવે છે, પોળના નાકે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવે છે. નવગ્રહની પૂજા કરવામાં આવે છે અને એ પછી ભોજન સમારંભ યોજાતો હોય છે, આ પ્રસંગે પોળ છોડી બહાર વસેલા મૂળ પોળના રહીશોને પણ નિમંત્રણ આપવામાં આવતું હોય છે.

પોળના ઘરની બાંધણી પણ વિશિષ્ટ સ્થાપત્ય ધરાવતી હોય છે. અમદાવાદ પહેલા પાટણ ગુજરાતનું પાટનગર હતું આથી પોળનાં મકાનો પર પાટણનાં મકાનોની બાંધણીની અસર જોવા મળે છે. શાસકોના સમય બદલાયા મુજબ

મકાનોની બાંધણીમાં પણ પરિવર્તન જોવા મળે છે. મોઘલકાળ, મરાઠાકાળ, બ્રિટિશકાળ દરેકની અસર પોળનાં મકાનોની બાંધણીમાં જોવા મળે છે. દરેક ઘરની બાંધણી મોટે ભાગે એક સરખી છે. પોળનાં ઘરો 'ખડકીબંધ' પ્રકારનાં હોય છે એટલે ઘરનું મુખ્ય દ્વાર બંધ કરીએ એટલે આખું ઘર બંધ થઈ જાય. દરેક મકાન ઊંચા ઓટલા પર બાંધવામાં આવેલા હોય છે જેથી વરસાદનું પાણી ઘરમાં પ્રવેશી ન શકે. દરેક ઘરમાં મુખ્ય દરવાજા પછી ખડકી આવે એ પછી ચોક આવે આ ચોકમાં તુલસી ક્યારો અચૂક જોવા મળે. વરસાદી પાણીનો સંગ્રહ કરવા પાણીના ટાંકા બનાવવામાં આવ્યા છે. જો કે હવે બધા ટાંકા પુરાવી નાખવામાં આવ્યા છે. જોકે કેટલાંક ઘરોમાં આજે પણ આ ટાંકા મોજૂદ છે અને તેનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

ઓટલામાં પ્રવેશતાં જ પરસાળ આવે જેમાંથી ઘરના મુખ્ય ખંડમાં તથા રસોડામાં દાખલ થવાય. આ મુખ્ય ખંડને વચલો ઓરડો કહેવામાં આવે છે. મુખ્ય ખંડમાંથી જ છેલ્લા ઓરડામાં દાખલ થવાય. આ છેલ્લો ઓરડો એટલે શયન ખંડ. રસોડું, વચલો ઓરડો તથા છેલ્લા ઓરડામાં સાધન, વસ્તુઓ રાખવા માટે જરૂરિયાત મુજબના ખાસ લાકડાનાં કબાટ તથા તિજોરી બનાવવામાં આવ્યાં હોય છે. વચલા ઓરડામાંથી જ ઉપરના માળમાં જવા દાદરો હોય છે. આ ઉપરના માળના ખંડનો ઉપયોગ મહેમાનો માટે તથા અભ્યાસખંડ તરીકે કરવામાં આવતો. દરેક ઘરમાં મોટે ભાગે લાકડાનો જ ઉપયોગ કરવામાં આવેલો જોઈ શકાય છે. આ લાકડા પર પણ સુંદર ફૂલવેલ, પશુપક્ષીઓનું સુંદર નકશીકામ કરેલું જોવા મળે છે. પરિવારની આર્થિક સ્થિતિ મુજબ ખંડોની સંખ્યામાં વધારો પણ હોય છે તેમ ધનિકોનાં મકાનો મોટી હવેલી જેવાં હોય છે. આ હવેલીઓ પણ જોવા જેવી છે. આજે સુધરેલા સમય મુજબ પોળવાસીઓએ પરંપરાને અકબંધ રાખીને પરિર્વતનને સ્વીકારી ઘરની આંતરિક રચનામાં કેટલાક ફેરફાર કર્યા છે જેમ કે, રસોડામાં ચૂલાની જગ્યાએ ગેસ આવી ગયા છે અને ઊભાં રસોડાં પણ બની ગયાં છે. સગવડ મુજબ ઘરોમાં એરકન્ડિશન મશીનો પણ જોવા મળે છે.

આમ, અમદાવાદની પોળસંસ્કૃતિ આપણી એક ધરોહર સમાન છે આથી તેને જાળવવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આજે પણ અમદાવાદની કેટલીય પોળમાં મકાનો અસલ સ્થિતિમાં જ ઊભેલાં છે જે જોવાનો લહાવો લેવા જેવો છે.

સંદર્ભ સૌજન્યઃ 'અમદાવાદની પોળો અને પરાં' લે. માણેક પટેલ 'સેતુ'

❑❑❑



પ્રમુખનું પ્રવચન*

☐ સુરેન્દ્રલાલ ગિ. મહેતા

પ્રિય મિત્રો,

આપ સૌનું શુભેચ્છાઓ સાથે સ્વાગત કરું છું.

નવેમ્બરમાં ભવન પોતાના જીવનનાં 81 વર્ષ પૂરાં કરશે. પાછળ દૃષ્ટિ કરું છું તો મારું મસ્તક ભગવાન અને ભગવતી માતાનાં ચરણોમાં ઊંડાં આદર અને કૃતજ્ઞતાથી ઢળી પડે છે. એમનાં આશીર્વાદ અને કૃપાથી ભવન સમયનાં અનેક પડકારો, કસોટીઓ અને આપત્તિઓ સામે સફળતાથી ઝીંક ઝીલી શક્યું છે.

બદલાતા સમય સાથે આખી મનુષ્ય જાતનું જીવન પણ રૂપાંતરિત થતું જાય છે. નવી પરિસ્થિતિઓ સંજોગો સર્જીને નવાં પર્યાવરણ, પરિસ્થિતિ અને આબોહવા સાથે અનુકૂલન સાધી આપણને એની સાથે સુમેળ સાધવાની અનિવાર્યતા ઊભી કરે છે. ભવન આ સાતત્યપૂર્વક કરી શક્યું છે એ એક આશ્ચર્યકારક ઘટના છે. પરમના આશીર્વાદ વગર આપણે આ કરી શક્યા હોત?

ભારત ઉપર જ્યારે બ્રિટિશરોનું રાજ હતું ત્યારે ભવન અસ્તિત્વમાં આવ્યું.

---

* ભારતીય વિદ્યા ભવનની વાર્ષિક કાઉન્સિલ મીટિંગ, રવિવાર તા. 8 સપ્ટેમ્બર, 2019ના રોજ આપેલું વક્તવ્ય.

સ્વાતંત્ર્યને હજી નવ વર્ષની વાર હતી. અને આખરે જ્યારે આઝાદી આવી ત્યારે ભારતના ભાગલાની કપરી, શોકજનક દુર્ઘટના સાથે લેતી આવી.

તેમ છતાં સ્વતંત્ર ભારતે પોતાને એક ઉમદા કહી શકાય એવું સંવિધાન આપ્યું. એ સંવિધાનના ઘડતરમાં આપણા સ્થાપક મુનશીજીએ ખૂબ અગત્યનો ભાગ ભજવ્યો હતો. 1940ની શરૂઆતમાં ગાંધીજીએ મુનશીજીને વિશ્વ આખાના જુદા જુદા લોકશાહી દેશોના સંવિધાનનો અભ્યાસ કરવા નિમંત્રણ આપી કાર્ય સોંપ્યું. ડો. આંબેડકરની અધ્યક્ષતામાં મુનશીજી સંવિધાન ઘડતરના મુસદ્દા સમિતિના એક સભ્ય હતા. તેઓ અન્ય ઉપ-સમિતિઓના પણ સભ્ય હતા. અને તેમ છતાં તેઓ ભવનના ભવિષ્ય નિર્માણમાં માર્ગદર્શન કરતા રહ્યા.

સ્વતંત્ર ભારતે પોતાના યોગ્ય પથ ઉપર હજી પદાર્પણ કર્યું ત્યાં એક બીજી પ્રચંડ ગમખ્વાર શોકાંતિકા આવી પડી. સ્વતંત્ર ભારત હજી પ્રજાસત્તાક બને તે પહેલાં આ ઘટના બની. ધિક્કાર, હિંસા અને ધર્માંધતાનાં પરિબળોએ ગાંધીજીની હત્યા કરી.

પણ સમય ચાલતો રહે છે. કપરા આઘાતોમાંથી બેઠા થઈ ભારત એક જીવંત પ્રજાસત્તાક સંસ્થા તરીકે ઊભરી આવ્યું. એના સર્વાંગીણ વિકાસ માટે ઉમદા શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક સંસ્થાઓ સ્થપાઈ. વિકટ પરિસ્થિતિ સામે બાથ ભીડવાની અને બદલાતા સંજોગોમાં અનુકૂળ થવાની આપણી ક્ષમતાને વિશ્વ ચકિત આંખે જોઈ રહ્યું.

ગંભીર આર્થિક કટોકટી, ભ્રષ્ટાચાર, કેન્દ્રમાં અસ્થિરતા અને કટોકટી જેવાં વિઘ્નો ભારત ઉપર ઘૂમરાઈ રહ્યાં હતાં. તેમ છતાં દેશના આગે કદમ ઉપર ક્યારેય પૂર્ણવિરામ નહોતું આવી ગયું.

આ બધાં વિઘ્નો અને સદા પરિવર્તનશીલ સંજોગો વચ્ચે દેશની જેમ ભવનની આગેકૂચ પણ ક્યારેય અટકી નથી એ મુદ્દા ઉપર હું આપનું ધ્યાન દોરવા માગું છું. અનેક દુર્ધર્ષ વિઘ્નો અને કટોકટી આવ્યાં અને છતાં આવી કપરી સ્થિતિમાં ભવન વધુ સબળ અને વધુ કૃતનિશ્ચય બની બહાર આવ્યું. ભગવાન અને ભગવતી માની કૃપા સિવાય એમાંથી બહાર આવી શક્યા હોત?

ભવન આવી લવચિકતા અને ક્ષમતા કઈ રીતે બતાવી શક્યું એ પ્રશ્ન હું મારી જાતને અવારનવાર પૂછું છું. હું એક એવા તારણ ઉપર આવ્યો છું કે પરિવર્તન એ જીવનનું શાશ્વત સત્ય હોવા છતાં કેટલીક એવી બાબતો છે જે શાશ્વત છે. તમે એને બિનઅસરકારક બનાવી શકતા નથી કે નથી એનો નાશ કરી શકતા. એ સર્વકાલીન છે. એની આસપાસનું બધું બદલાય છે પણ એ ટકી રહે છે. એ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. નવી પરિસ્થિતિઓ અને સંજોગો, નવી કસોટીઓ અને

આપત્તિઓ, બદલાતો સમય અને ભાવી કલ્પનાઓ એને ખાસ સ્પર્શી શકતાં નથી. એ શું છે?

એ છે નીતિમત્તા, આચારસંહિતા અને આધ્યાત્મિક મૂલ્યો. એ શાશ્વત અને સમયહીન હોય છે. જેમ કે સત્ય. જેને શ્રી રામકૃષ્ણ પરમહંસ અને ગાંધીજી ઈશ્વર તરીકે જુએ છે કે પછી પ્રેમ. માતાનો પોતાના બાળક પ્રત્યેનો પ્રેમ હજી એવો જ પવિત્ર અને સુંદર છે જેટલો રામાયણકાળમાં હતો. દા.ત. કરુણા. એને લીધે વ્યક્તિ અભાવગ્રસ્ત અને દલિત પ્રત્યે કરુણાભાવથી હાથ લંબાવે છે. ટાગોરના શબ્દોમાં નિમ્નતમમાં નિમ્નતમ અને સાવ ભૂંસાઈ ગયેલા તરફ આપણી અમીનજર ઠરે. અન્ય મૂલ્યોમાં વિનમ્રતા, નીડરતા, શ્રદ્ધા અને ભક્તિનો સમાવેશ થાય છે.

ભારતીય વિદ્યા ભવન જીવનની ચડતી-પડતી અને પરિવર્તનશીલ સમયના પડકારો સામે સફળતાપૂર્વક આગેકદમ કરી રહ્યું છે એનું કારણ આવાં સર્વકાલીન મૂલ્યોની દૃઢ સ્થાપના છે. ગમે તે થાય પણ ભવન આ પથ ઉપરથી ડગશે નહીં. જો એમાંથી આપણે માર્ગ ભૂલી ગયા તો એની અસલ કીર્તિગાથા ધૂળમાં મળી જશે, એનું અસ્તિત્વ જ નામશેષ થઈ જશે.

વ્યાવહારિકતા અને ઉપયોગિતા જાળવવાં પ્રમાણમાં સરળ અને અનુકૂળ છે. ચીલાચાલુ સાઠ-ગાંઠનો સરળ રસ્તો અખત્યાર કરવો ખૂબ લોભામણું છે. પણ ખાતરી રાખજો કે મહા દુર્ઘટના રાહ જોઈને ઊભી છે. ભવનની આઠ દાયકાની સફર એક સાફલ્ય-કથા છે અને આજે પહેલાં કરતાંય વધુ સક્ષમ અને સ્વસ્થ છે. એનું મુખ્ય કારણ છે કે ઉપયોગિતાવાદ અને અવસરવાદને ખાળીને ભવન સિદ્ધાંતો અને આદર્શોને વળગી રહ્યું છે.

આપણે બધા જાણીએ છીએ કે નજીકના જ ભૂતકાળમાં ભવન અલ્પકાળ માટે એના પથ ઉપરથી ઊતરી ગયું હતું અને એમાંથી અરુચિકર સંજોગો ઊભા થયા હતા. આપણે હંમેશાં સતર્ક રહેવું જોઈએ.

અહીં મારે એક મહત્ત્વના મુદ્દાને ખાસ ધ્યાન ઉપર લાવવો છે. રાજકારણ જીવનનાં બધાં પાસાં ઉપર વ્યાપ્ત છે. પણ આપણે એનાથી સાવ અલિપ્ત રહેવાનું ચાલુ રાખવાનું છે. ભવન એક બિન-રાજકીય સંસ્થા છે. અને એ આપણો સૌથી અગત્યનો સિદ્ધાંત છે.

આપણે આજના રાજકારણ સાથે કોઈ નિસબત નથી. સરકારો આવશે અને જશે, વિચારધારાઓ ઊભી થશે અને નાશ પામશે, આપણે એની સાથે જરાય સંકળાવાનું નથી ભલે ગમે તે થાય. ઘણી વખત સત્તાના કેન્દ્ર તરફ આગળ વધવાનું ખૂબ લલચામણું બની રહે પણ આપણે એ લાલચને ખાળવાની છે. આપણે

સહકાર આપી શકીએ પણ સાથી ન બની શકીએ. આપણું પ્રાથમિક લક્ષ્ય શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સમાજ-સેવા સાથે મનુષ્ય-મૂલ્યોને જતનપૂર્વક વળગી રહેવાનું છે. અન્યોની ટીકા કે અન્યો સાથે સંઘર્ષમાં ઊતર્યા વગર આપણે આપણા પથ ઉપર આગળ વધવાનું છે. આપણું શાંત ઉદાત્ત કાર્ય એની મેળે બોલશે.

આપણા પાયાના સિદ્ધાંતો પર અડગ રહેવાને લીધે ભવન એક રાષ્ટ્રીય સંસ્થા બની શક્યું છે. એનો કોઈ એક માલિક નથી પણ એ આખા રાષ્ટ્રની સંપત્તિ છે. એના કાર્યને લીધે જ એને શ્રેષ્ઠ રાષ્ટ્રીય સંસ્થા, ગાંધી આંતરરાષ્ટ્રીય શાંતિ પારિતોષિક અને અન્ય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. એનાં મૂલ્યોને લીધે ગાંધીજીએ એને પોતાના આશીર્વાદ આપ્યા હતા. એને લીધે જ ભારતના રાષ્ટ્રપતિઓ : ડો. રાજેન્દ્રપ્રસાદથી શ્રી કોવિંદ સુધીના અને વડા પ્રધાનો : જવાહરલાલ નેહરુથી નરેન્દ્ર મોદી સુધીનાએ એના ઉપર અભિવાદનની વર્ષા કરી છે.

શ્રી અટલ બિહારી વાજપેયી અને શ્રી મનમોહન સિંહ બન્નેના ભવન વિશેના પ્રતિભાવોમાં નોંધનીય સામ્ય છે. એવું જ હેરોલ્ડ મેકમિલન અને જેમ્સ કેલેઘન, કાંચીના પરમાચાર્ય, દલાઈ લામા, મૌલાના વહિદુદ્દીન અને કાર્ડિનલ ગ્રેસિસ, જય પ્રકાશ નારાયણ અને ઇન્દિરા ગાંધી, લોર્ડ ફેનર બ્રોકવે અને માર્ગારેટ થેચર, બિલ ગેટ્સ અને નારાયણ મૂર્તિ, જ્યોતિ બસુ અને સોમનાથ ચેટરજી.

આમાંથી મોટા ભાગનાઓએ ભવન માટે 'અપ્રતિમ' વિશેષણ વાપર્યું છે. આપણે 'અપ્રતિમ' છીએ કારણ કે આપણે બિન-રાજકીય છીએ અને સમસ્ત રાષ્ટ્રના છીએ. આપણે આપણી 'અપ્રતિમતા'ને કોઈ પણ ભોગે જતનપૂર્વક જાળવી રાખવાની છે. આપણું મુખ્ય લક્ષ્ય ભવનના આદર્શને નૈતિક અને આચરણશીલતા દ્વારા વળગી રહી ભવનના કાર્યને આગળ ધપાવવાનું છે. આપણે રાજકારણ સાથે જરા સરખા પણ સંકળાયા તો આપણી આ 'અપ્રતિમતા'ને પારાવાર નુકસાન થશે. આપણે આવું ન બને તે માટે તત્પર રહેવાનું છે. આપણા અંગત ગમા અને અણગમા, રાજકીય વિચારધારા, ધારણા અને પૂર્વાભાસો ભલે ગમે તે હોય પણ એને ભવનની કાર્યપ્રણાલીમાં હસ્તક્ષેપ કરવા ન દેવાય.

હું ભવનનો નવયુગ જોઈ રહ્યો છું. સમય આવી ગયો છે કે જૂનાઓ નવા માટે માર્ગ મોકળો કરે. આ કદાચ મારું છેલ્લું વાર્ષિક પ્રવચન હોય. શ્રી દસ્તુરે પણ નિવૃત્તિ માટે અનેક વાર રજૂઆત કરી છે. આપણે બધા એમને પ્રવૃત્ત રહેવા વિનવીએ છીએ છતાં હું એમની નિવૃત્તિ માટેની તર્કસંગતતાનો આદર કરું છું. એમણે લગાતાર 56 વર્ષ

સુધી ભવનની એકનિષ્ઠ સમર્પિત ભાવે, સંપૂર્ણ પ્રામાણિકતાપૂર્વક, સર્જનાત્મક ભાવના સાથે અને સખત પરિશ્રમપૂર્વક સેવા કરી છે. એમણે ક્યારેય ભવનનાં આદર્શ અને નીતિઓ સાથે સમાધાન નથી કર્યું. ભવન માટેની એમની લડત અને એમાં કરેલાં બલિદાનનો હું સાક્ષી છું. મારા માટે એમની સાથે કામ કરવું હંમેશાં આનંદનો વિષય રહ્યું છે. છેલ્લાં 14 વર્ષમાં ભવને બધાં ક્ષેત્રે 20 ગણો વિકાસ કર્યો છે. હવે એમને વધુ લાંબો સમય લંબાવવાનું કહેવું એ એમને અન્યાયકારક થશે.


શ્રી દસ્તુરે મને પોતે માનદ્ નિયામક અને કાર્યકારી સમિતિના સભ્ય તરીકે ચાલુ રહેવાનું વચન આપ્યું છે. મેં એક પ્રમુખીય હુકમ પસાર કરીને શ્રી દસ્તુરને કેટલાક નિવૃત્તિગત લાભ મળે અને એમનું નિવૃત્ત જીવન સુખ અને શાંતિમય બને તેમ જ ભવનના માનદ નિયામક બની ભવનની સેવામાં પ્રવૃત્ત રહે એવી જોગવાઈ કરી છે. મારા મત મુજબ હવે સૌથી મોટું અને અગત્યનું કાર્ય શ્રી દસ્તુરના અનુગામીને શોધી અને નિયુક્ત કરવાનું છે. પણ મને એ ક્ષેત્રે હજી સુધી કોઈ પ્રગતિ દેખાઈ નથી. પણ હું આપ સૌને ચેતવું છું કે આપણે આ મુદ્દે એવી સ્થિતિ સર્જી બેસીશું કે આપણે માટે ભવિષ્યમાં ખરેખર કટોકટીની સ્થિતિ ઊભી થાય.

અંતમાં હું ભવનની કાર્યકારી સમિતિના સર્વ સભ્યો, ટ્રસ્ટી મંડળ, કાઉન્સિલ અને કેન્દ્ર સમિતિઓનાં સ્નેહ, શ્રદ્ધા અને સહકાર બદલ મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. હું માનું છું કે ભવનની સૌથી મોટી સંપત્તિ હોય તો એ ભારત અને વિદેશમાં કાર્યરત એનો સન્નિષ્ઠ કર્મચારી વર્ગ. એ સૌને મારાં અભિવાદન અને શુભેચ્છાઓ.

મારા વક્તવ્યનું સમાપન મુનશીજીના આ શબ્દો દ્વારા કરું છું જે મેં અનેક વાર પ્રયોજ્યા છે.


''ભવનનું ખરું સામર્થ્ય એનાં મકાનોની સંખ્યા કે ચાલતી સંસ્થાઓમાં નથી, ન એની અસ્કયામતો અને સરવૈયાના આંકડાઓમાં છે. ન એનાં પ્રકાશનો, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં છે. એનું ખરું સામર્થ્ય એના સમર્પિત સવેતન અને અવેતન કર્મચારીઓનાં ચારિત્ર્ય, વિનમ્રતા, નિઃસ્વાર્થતા અને સમર્પણભાવ સાથે થયેલાં કાર્યમાં છે. તેઓ જ પુનરુત્થાનની અસરોનું આદાન કરી શકે, મનુષ્ય પ્રકૃતિને પરિવર્તિત કરી શકે એવું અદશ્ય દબાણ ઊભું કરી શકે.''

આભાર.



સુરેન્દ્રલાલ ગિ. મહેતા
(પ્રમુખ)

મુંબઈ
સપ્ટેમ્બર 28, 2019



ક્વેન્ટિન ટેરેન્ટિનોની નવમી ફિલ્મ 'વન્સ અપોન અ ટાઈમ ઈન હોલિવૂડ'

☐ વિનોદ પટેલ

ક્વેન્ટિન ટેરેન્ટિનો એ હોલિવૂડનો પરંપરાભંજક નિર્દેશક છે. તેની ફિલ્મોમાં હોલિવૂડની પરંપરાગત સમજનાં ચીંથરાં ઉડાવવામાં આવે છે. મજાની વાત એ છે કે ટેરેન્ટિનો આ બધું પાછો પરંપરાને વફાદાર રહીને કરે છે. જેને કારણે તેની ફિલ્મો સમીક્ષકો માટે એક પડકાર બની રહે છે. વર્તમાન ફિલ્મ 'વન્સ અપોન અ ટાઈમ ઇન હોલિવૂડ'માં પણ ટેરેન્ટિનોએ હોલિવૂડમાં જેને ગોલ્ડન પિરિયડ ગણવામાં આવે છે તે સમયગાળાની નૈતિકતાને કાલ્પનિક કથામાં પરોવી હિપ્પીઓ વિશેના રોમેન્ટિક ખ્યાલો અને સમજ સામે પડકારો ફેંકી હાલ જેનાં વળતાં પાણી છે તે વર્તમાન ઉદારમતવાદી વલણ વિશેની સમજણને પડકારી એક કળાકાર તરીકે ઊંચાં નિશાન તાક્યાં છે.

સમજાય તે રીતે વિગતવાર વાત કરીએ. ટેરેન્ટિનોની નવમી ફિલ્મને પણ તેની અગાઉની ફિલ્મોની જેમ

સિનેમાના ઇતિહાસનાં ઇંગિતોની સમજણ વિના પામવાનું શક્ય નથી, પરંતુ આ ફિલ્મ અને અગાઉની ફિલ્મો વચ્ચે મોટો ફરક એ છે કે અગાઉની ફિલ્મો ઇતિહાસની પરવા કર્યા વિના સ્ટેન્ડ અલોન ફિલ્મ તરીકે જોઈ અને માણી શકાય છે. પણ આ માપદંડ પ્રમાણે 'વન્સ અપોન અ ટાઈમ ઇન હોલિવૂડ' જોઈએ તો ફિલ્મમાં કશું નોંધપાત્ર બનતું નથી. અને આ વ્યર્થતા જ દર્શકને ઊંડા ઊતરવાની ફરજ પાડે છે. મરજીવો જેમ દરિયામાં ઊંડો ઊતરે તેમ વધારે મોતી મળે એ સમજ આ ફિલ્મના સંદર્ભે સાચી પડે છે.

સપાટી પરથી જોઈએ તો ફિલ્મમાં વેસ્ટર્ન ફિલ્મોમાં એક્ટિંગ કરી હોલિવૂડમાં સ્ટાર બની ગયેલા રિક ડાલ્ટનની ભૂમિકા લિયોનાર્ડો દ કેપ્રિયોએ ભજવી છે. તેની સાથે સ્ટન્ટમેન અને તેનો ડબલ ક્લિફ બૂથ છે. જેની કારકિર્દી સફળ નથી પણ વધારે રસપ્રદ છે. ફિલ્મમાં માત્ર એટલું જ બને છે કે રિકના પડતીના દિવસો છે. તે લેન્સર નામની એક વેસ્ટર્ન ટીવી સિરીઝ કરી રહ્યો છે, જ્યારે બૂથ એ સમયે પ્રસરી રહેલા હિપ્પી કલ્ચરનો સાક્ષી બની રહ્યો છે. બરાબર એ જ સમયે તેનો પાડોશી વિખ્યાત ફિલ્મદિગ્દર્શક રોમન પોલાન્સ્કી અને તેની આઠ મહિનાની ગર્ભવતી પત્ની શેરોન ટેટ સફળતાને માણી રહ્યાં છે. બીજી તરફ રિક-બૂથની જોડીને અસ્તિત્વ ટકાવી રાખવા સ્પેઘેટી વેસ્ટર્ન ફિલ્મો કરવા માટે ઈટાલી જવાની ફરજ પડે છે. થોડા સમય બાદ રિક થોડા ડોલર્સ અને નવી નક્કોર ઇટાલિયન પત્ની અને બૂથ સાથે હોલિવૂડ પાછો ફરે છે. એક દિવસ હોલિવૂડના આ પોશ વિસ્તારમાં થોડા ભાન ભૂલેલા હિપ્પીઓ હિંસક બની ત્રાટકે છે ત્યારે અનાયાસે રિક-બૂથની જોડી સાથે તેમનો પનારો પડે છે અને અસલી હોલિવૂડ હીરોની



જેમ બંને જણા એ વંઠેલા હિપ્પીઓને તેમની જ સ્ટાઈલમાં વળતો જવાબ આપી હોલિવૂડના સોનેરી દિવસોને અજવાળે છે.

હવે ઊંડા ઊતરીએ. એક સમજ એવી છે કે 1969માં ચાર્લ્સ મેન્શનના અનુયાયીઓએ હોલિવૂડમાં ઘૂસી આઠ મહિનાની ગર્ભવતી અભિનેત્રી શેરોન ટેટ અને અન્ય ચાર જણાની કરપીણ હત્યા કરી તે સાથે હોલિવૂડના સુવર્ણ યુગનો અંત આવ્યો. હવે ટેરેન્ટિનોએ આ પ્રચલિત સમજને પડકારવા હોલિવૂડના સુવર્ણ યુગમાં તેનાં બે કાલ્પનિક પાત્રો રિક-બૂથને ઉમેરી ઐતિહાસિક મનાતી ઘટનાને હોલિવૂડ સ્ટાઈલમાં પ્રમાણમાં ઓછી હિંસક રીતે રજૂ કરી આપણી સમજને પડકારી છે. જોકે આમ કરી તેણે પ્રમાણમાં ઓછા જાણીતા સ્પેઘેટી વેસ્ટર્ન ફિલ્મ પ્રકારના સર્જકો સર્જીયો લ્યોન અને સર્જીયો કોર્બુચીને અંજલિ આપવાની તક ઝડપી છે. જે લોકો એમ સમજતા હોય કે એ સમયે હોલિવૂડમાં સુવર્ણ યુગ હતો તેમની સમજને એ રીતે પડકારી છે કે વેસ્ટર્ન ફિલ્મોના સુપરસ્ટારના એ માઠા દિવસો હતા અને તેને ઇટાલીમાં બનતી સ્પેઘેટી વેસ્ટર્ન ફિલ્મો કરવાની ફરજ પડી હતી.

ટૂંકમાં કહીએ તો આ ફિલ્મમાં ટેરેન્ટિનોએ સ્પેઘેટી વેસ્ટર્ન ફિલ્મોને અંજલિ આપી હોલિવૂડની વેસ્ટર્ન ફિલ્મો વિશેની આપણી સમજને પડકારી છે. આજે ઘણા રોમન પૉલાન્સ્કીને પ્રતિભાશાળી પણ અમેરિકામાં સગીર વયની કિશોરી પર બળાત્કાર કરનાર બળાત્કારી ફિલ્મ સર્જક તરીકે જ ઓળખે છે. ત્યારે ટેરેન્ટિનોએ તેને સૂચિત હિંસક ઘટનાનો ભોગ બનેલી વ્યક્તિ તરીકે રજૂ કરી પરંપરાગત ન્યાયપ્રણાલી અને તેની મૂલ્યાંકન ક્ષમતા સામે સવાલ કર્યા છે. અમેરિકામાં 50 વર્ષ પૂર્વે બનેલી ઘટનામાં તત્કાલીન સામાજિક પ્રવાહમાં તણાયેલા હિપ્પીઓએ તેની ગર્ભવતી પત્ની શેરોન ટેટની કરપીણ હત્યા કરી હતી તે ઘટના કે તેણે કિશોરી પર બળાત્કાર કર્યો તે ઘટનાને કેવી રીતે મૂલવવા બેસીશું? હકીકત તો એ પણ છે કે એ પછી 20 વર્ષે 1989માં ફ્રેન્ચ અભિનેત્રી ઇમાન્યુએલ સાથે પોલાન્સ્કીએ લગ્ન કર્યાં અને તેમના સુખી દામ્પત્યજીવનને પણ 30 વર્ષ વીતી ગયાં છે. સવાલ એ છે કે તેની ફિલ્મો જોતાં આ બધું યાદ કરીશું કે તેની ફિલ્મોમાં પડઘાયેલી વાસ્તવિકતાને સમજવાનો પ્રયાસ કરીશું?

મૂળમાં ટેરેન્ટિનોએ કહ્યું છે કે ફિલ્મોમાં રજૂ થતી કળા માણો, નૈતિકતાનાં નગારાં વગાડવામાં સાર નથી. કાળના પ્રવાહમાં નગારાંનો નાદ ખોવાઈ જાય છે, રહી જતી હોય તો તે છે આપણી ધૂંધળી પડતી સમજ.

❑❑❑



અપૂર્વ આશ્ચર્ય : મુંબઈનું એરપોર્ટ

☐ કનુ સૂચક

શાળાજીવનમાં આબુ-દેલવાડાના પ્રવાસ સમયે નખી તળાવના ઘાટ પર બેસાડી અમારા સહાયક શિક્ષકે એક વાત કહી; 'જે કવિતા અભ્યાસક્રમમાં તમે શીખો છો તે કવિતા **''સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે''** શ્રી ઉમાશંકર જોશીએ કદાચ આ જ સ્થળે બેસી લખી હશે.' અભિધામાં પણ આ પંક્તિનું ઉરસૌંદર્ય મનને મધુર આનંદથી તરબોળ કરી દે છે. અભિપ્રેત અર્થવ્યાપને અંશતઃ પામવાની ઘટના બની આબુ-દેલવાડાનાં અનુપમ શિલ્પો જોઈને. ત્યાંના એક મંદિરમાં ગુંબજને વારંવાર ઊંચી ડોક કરીને જોતાં પણ સંતોષ થતો ન હતો ત્યારે મિત્ર ગફૂર પરમારે કહ્યું 'સૂચક! ફર્શ પર ચત્તા સૂઈ જઈને જો!' આનંદની એ પળોએ સમજના દરવાજા પર જાણે દસ્તક પડી. કાવ્ય, શિલ્પ અને ચિત્રોમાં લાઘવનો મહિમા છે. ભાવક સ્વયંસમજના ભાવવિશ્વનો વિસ્તાર ન કરે ત્યાં સુધી તેને દર્શન તો પ્રસન્ન કરશે જ, પરંતુ ઉરઝરણમાં આનંદની સતત વહેવાની પ્રક્રિયાનું સાફલ્ય નહીં



મેળવે. આ પ્રાસ્તાવિક જે વાત કરવી છે તેના અનુસંધાન માટે છે. ઘરઆંગણે, કાવ્ય સમાન ચિત્રો અને શિલ્પોની વાત કરવી છે. આપણું શહેર મુંબઈ, ક્યારેય સૂતું નથી. પૂર્ણ ભારતનો એ ધબકાર છે. મુંબઈની મધ્યમાં જ 'છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ' આવેલું છે. તેમાંથી વર્ષે પચાસ લાખથી વધુ લોકો દિવસરાત પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા નિશ્ચિત કરેલા પ્રવેશદ્વાર તરફ દોટ મૂકે છે. અહીં આંખને વિરામ આપે તેવો કલાબ્ધિ શાંત સ્વરૂપે પ્રસરેલ છે, પરંતુ આંખ ઠેરવી આ અપૂર્વ આનંદની ઉપલબ્ધિ માણવાનો પ્રવાસીઓ પાસે સમય જ નથી. વિખ્યાત ચિત્રકારો, શિલ્પીઓ, હસ્તકારીગરી અને સાંસ્કૃતિક વિરાસતની સાત હજારથી વધુ કૃતિઓને આપણી સાથે સંવાદ કરવો છે. તેની મૌન વાચાને ઉકેલવા એ આમંત્રણ આપે છે. આ કલાસંગ્રહસ્થાનની પરિકલ્પના કરનાર વિશ્વકર્માની દૃષ્ટિમાં આપણી ઉતાવળ અને પળોજણ ધ્યાનબહાર નથી. અને એટલે જ આ કૃતિઓને આપણે જે કંઈ વિધિઓ કરવાના હોઈએ ત્યાં સઘળે અને સાથે રહે તેવું કુશળ આયોજન કર્યું છે. લગભગ સાડાત્રણ કિલોમીટર ચોકડી આકારના વિસ્તારમાં, એંસી હજાર ચોરસ ફૂટમાં ગોઠવેલી કલાકૃતિઓનો આ કલાપ્રવાસ 'જય હે' યોજનાને મૂર્ત સ્વરૂપ આપનાર રાજીવ શેઠી એક ઉત્તમ કલાકાર, કલાઆયોજક અને વિશ્વખ્યાત કલાસંગ્રહ પ્રદર્શનના પ્રાયોજન નિષ્ણાત પણ છે. ભારત સરકારે તેમને પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત કર્યા છે.

શ્રી રાજીવ શેઠી માને છે કે ભારત સ્વયં કલાનું મહાન સંગ્રહસ્થાન છે. આપણે કલાની કાલ અને આજમાં સતત રહીએ છીએ. આપણે T2 વિમાન સ્થળના કલાપ્રવાસ પહેલાં આ માન્યતા


પાછળના આધારને જાણીએ.

આદિ માનવયુગમાં ગુફાઓમાં વસતા લોકોએ પથ્થરોને કેન્વાસ બનાવી પથ્થરોને જ તીક્ષ્ણ ધારની પીંછીઓ બનાવી કરેલાં રેખાંકનો મધ્ય પ્રદેશમાં ભીમબેટકા ગુફાઓમાં મળ્યાં છે. આ અને અન્ય સ્થાપત્ય ઇતિહાસની રસમય દીર્ઘ ગાથા અહીં પ્રસ્તુત નથી. ઉલ્લેખનું કારણ એટલું જ કે ભારતના જનજીવન સાથે કલા સતત અને રોજબરોજમાં ઓતપ્રોત રહી છે. ઘરના આંગણા-ઉંબરથી માંડી શયનખંડ સુધી પરિપેક્ષ્યને અનુરૂપ ચિત્રો અને શિલ્પોની સજાવટ સાથેનો ઘરોબો ભારતની સંસ્કૃતિની ઓળખ છે. એરપોર્ટનું કલા સંગ્રહસ્થાન આદિથી આધુનિક કલાનું પ્રતિનિધિત્વ કરે છે. કલાકૃતિ એ માત્ર સર્જકની જ પરખ નથી, પરંતુ જે તેને પસંદ કરે છે તેની પણ છે. સંગ્રહસ્થાન વિશાળ જનસમૂહના વૈવિધ્યને દર્શાવે છે અને તેથી તેની ગોઠવણી કરનાર કલાવિદ્, ઇતિહાસ જાણકાર અને કુશળ યોજક ઉપરાંત કૃતિને યથોચિત સ્થાને મૂકવા કુશળ નિયોજક પણ હોવાનું જરૂરી છે. શ્રી રાજીવ શેઠીના મન પ્રસન્ન કરી દેતા એ સામર્થ્યનું દર્શન મુંબઈના એરપોર્ટ પર થાય છે. સમાજ અને સંસ્કૃતિના અનુબંધ અને સ્થિત્યાંતરોની નોંધવહી સમાન આ સંગ્રહ છે. ઉતાવળ અને અધીરાઈથી પસાર થતા કલારસિકો તો પળભર જરૂર રોકાશે, પરંતુ કલાકૃતિનો આ અપાર વૈભવ કોઈ પણ આબાલવૃદ્ધની આંખને પણ આનંદનો અનુભવ કરાવશે.





એકસોથી વધુ કલાકારો અને એક હજારથી વધુ કસબીઓએ રચેલી લગભગ સાત હજાર કૃતિઓનું આ અભૂતપૂર્વ સંગ્રહસ્થાન આપણી વિવિધરંગી સમૃદ્ધસંસ્કૃતિનું પ્રદર્શન કઈ રીતે કરે છે તે આ આયોજનને નાની રૂપરેખાથી તપાસીએ. આપણે ભારતીયો પ્રસંગાનુસાર કોઈ ને કોઈ વિધિ કરતા હોઈએ છીએ. પ્રવાસે જતાં ઉંબરા પર શુભેચ્છાઓ અને આવકારની વિધિ સામાન્ય છે. એરપોર્ટ પર તો આ બન્ને રોજબરોજની ઘટના છે. એટલે પ્રવેશમાં ''ભારતના ઉંબરે'' વિભાગ 'જય હે' આપણા સ્વાગતમાં ધાર્મિક વિધિવિધાનની કલાકૃતિઓથી દીપમંડિત છે. જે અર્ધવર્તુળના વક્ર ગૂંચળામાં ગોઠવાયેલી કૃતિઓ દ્વારા કલાકારો અને કસબી કારીગરોની પારંપરિક અને આધુનિક માન્યતાઓની અભિવ્યક્તિ છે. વિચારપૂર્વક માળામાં મણકાઓની જેમ તેની ગોઠવણી કરી છે જેથી પ્રવાસીઓ એ વર્તુળમાંથી પસાર થાય ને સાંસ્કૃતિક વિરાસતના ગૌરવગાનનો આનંદ લઈ શકે. પ્રાયોજક અપેક્ષા રાખે છે કે ઘરનો ઉંબર ઓળંગી દૂર જતા પ્રવાસી તેમની મનમંજૂષામાં આપણી ઉત્તમ વિરાસતને સ્મૃતિમાં રાખે અને વર્તનથી પ્રસાર કરે અને ગૌરવપૂર્વક પ્રચાર કરે. વિદેશની મુસાફરી કરી વતનમાં પ્રવેશ કરવા ઉંબરેથી અંદર આવે ત્યારે પણ તેના સ્વાગતમાં ઊણપ તો ન જ રખાયને! એટલે દ્વિતીય વિભાગની રચનામાં એ ધ્યાન રખાયું છે. આગમનના રસ્તા પર ખાસ આ સંગ્રહસ્થાન માટેની કલાકૃતિઓ મૂકવામાં આવી છે. મુંબઈના નકશા મુજબ શ્રેણીબંધ પૃષ્ઠ પછી પૃષ્ઠ ખૂલતાં હોય તે રીતે ગોઠવવામાં આવી છે. હવે પ્રવાસી પોતાનો સામાન



યાંત્રિક પટ્ટા પર સરકતો આવે ત્યાં જવા આતુરતાપૂર્વક જાય તે રસ્તા પર ભારતના કાપડકલાનાં વિવિધ રૂપો, હસ્તકલાનો કસબ અને ખરીદીને ઘેર લઈ જઈ શકે તેવી વસ્તુઓ અંગે માર્ગદર્શક નોંધ છે.

અહીં પ્રદર્શિત કલાકૃતિઓમાં અનેક ખ્યાતિપ્રાપ્ત કલાકારોની કૃતિઓ છે. દરેક કલાકૃતિઓની વિગતો દરેક ઇચ્છુકોને મળી શકે તેમ છે એટલે તે અહીં અપ્રસ્તુત છે. આમાં થોડાં નામોમાં ગુલામમોહમ્મદ શેખ, મીઠુ સેન, ડેસમોન્ડ લઝેરો, અમીતવ દાસ, રિયાસ કોમુ, પારવથી નાયરનાં નામ લઈ શકાય. શ્રી શેઠીએ આ સંગ્રહસ્થાનની પરિકલ્પના કરી તેને GVK વાઈસ ચેરમેન શ્રી સંજય રેડીનો સક્રિય સાથ મળ્યો. ભારતની હજારો વર્ષ પુરાણી લોકસંસ્કૃતિનું વૈવિધ્ય, કલાવૈભવ, હસ્તઉદ્યોગ અને જનવસ્તી- સમાજને સાંકળતી આ વિદ્યાનું એક સ્થળે પ્રદર્શન અનુપમ છે. જે કલાકૃતિઓની પસંદગી થઈ છે તેની ગોઠવણીમાં શ્રી શેઠીની કલાપરખ અને દીર્ઘદષ્ટિનો પરિચય છે.

ઘણા સમીક્ષકો અને પ્રસારમાધ્યમો આ સ્થળ પસંદગીની મર્યાદા દર્શાવતાં કહે છે કે આંતરરાષ્ટ્રીય ટિકિટ ખરીદ્યા પછી જ લોકો તે જોઈ શકે છે. આવા પ્રદર્શનનો હેતુ બહુપ્રમાણીય કલા બહોળા જનસમુદાય સુધી પહોંચાડવાનો અને જનસમાજના મનમાં સચવાય રહે તે હોય છે. આપણી વિશ્વોત્તમ વેદવાણી શ્રુતિથી જળવાઈ અને પોથી સુધી પહોંચી છે. આ એરપોર્ટની વિશેષતા એ છે કે લાખો લોકોનું અહીં આવાગમન થાય છે. આ સ્થળની જાળવણી જે રીતે થાય છે તે આવાં અમૂલ્ય કલાધનની જાળવણી માટે પણ યોગ્ય છે. આ તદ્દન નવો પ્રયોગ



નથી. એમસ્ટરડેમ એરપોર્ટ, ફ્રાન્સના Toulouse ટુલુઝ એરપોર્ટ, Paris પેરિસ એરપોર્ટ પર, સાઉથ કોરિયાના એરપોર્ટ પર પ્રખ્યાત કલાકારોની કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. તેમ જ ન્યુ દિલ્હી એરપોર્ટ પર પણ એમ. એફ. હુસેન, પરેશ મૈટી, સીમા કોહલી અને સતીશ ગુપ્તા જેવા વિખ્યાત કલાકારોની કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આમ છતાં મુંબઈના એરપોર્ટ પરનું સંગ્રહસ્થાન અતિ વિશાળ પરિમાણ, અદ્‌ભુત આયોજન અને પ્રયોજનની દૃષ્ટિથી અનુપમ છે. પરિશ્રમ અને પરિકલ્પનાનું સંતર્પક પરિણામ છે. આ પ્રદર્શનમાં મુકાયેલી એકેએક કૃતિ, તેના સર્જક- ચિત્રકાર, શિલ્પીઓની માહિતી આપતા વિડિયો અને નોંધો ઉપલબ્ધ છે, પરંતુ પ્રચાર અને પ્રસાર પૂરાં નથી. ઉદ્‌ઘાટન સમયે અખબારોએ લેખ લખ્યા હશે, પરંતુ ઘટના બની અને સ્મૃતિશેષ થયા જેવું જ.

પ્રાયોજક શ્રી શેઠીએ એક પ્રત્યક્ષીકરણ સમયે જણાવ્યું કે 'આ પ્રકલ્પ આયોજનથી અમલીકરણ સુધી સંપૂર્ણતઃ ભારતીય છે.' પૌરાણિકથી આધુનિક ભારતીય સંસ્કૃતિના દરેક પાસાઓનું એ કલાત્મક પ્રતિનિધિત્વ કરે છે. દશ્ય કલાકૃતિ કવિતા નથી, પરંતુ તેમાં સંગોપિત અવ્યક્તનો અપ્રતિમ મહિમા સમાન જ છે. આ કૃતિઓ પાસે ઇતિહાસ છે. કથા છે. સંવાદ અને સંવેદના છે. આ મૌન અભિવ્યક્તિ આપણે ઉકેલવાની છે. ભારતનું પોત સ્વયં એક વિશાળ ચિત્ર છે, જેમાં ભાષા, ધર્મ, જાત- પાતના ભાતીગળ રંગો છે. અમૂર્ત -અવ્યક્ત ભારતીયતાનું ગૌરવ આ સંચિત કલાની જાળવણીમાં અને તેના સંવર્ધનમાં છે. આપણે કરીશું જ એ શ્રદ્ધા.

❑❑❑

કેમ સખી ચીંધવો પવનને-33

☐ અનિલ રમાનાથ જોશી

દશ્ય બદલાય છે. બપોરનો સમય છે. મારી ઓફિસમાં લંચનો ડબ્બો ખાઈને હું ફરી કામે વળગી ગયો છું. એટલામાં નીતિન મહેતા ઓચિંતા આવે છે. સામેની ખુરશી ઉપર બેસીને સહેજ રડમસ અવાજે કહે છે : ''મારી નોકરી ગઈ.'' હું હબકી ગયો. એ વખતે નીતિન મહેતા પરિચય ટ્રસ્ટમાં નોકરી કરતા હતા. 'ગ્રંથ' સામયિક સાથે જોડાયેલા હતા. એ વખતે ગ્રંથ સામયિકની ઓફિસ નરીમાન પોઈંટ પર હતી. મારી ઓફિસ ચર્ચગેટ 'ટોક ઓફ ધ ટાઉન'ની બરાબર સામે જ હતી. નીતિનને મેં કીધું : ''ચાલ, નીતિન જરા નીચે વોલ્ગામાં બેસીને નિરાંતે વાત કરીએ.'' નીતિન સાથે હું નીચે આવ્યો પછી 'વોલ્ગા'માં કોફીના કપ સાથે વાતો શરૂ થઈ. નીતિનની નોકરી જવાથી હું વ્યથિત હતો. પણ નોકરી જવાનું કારણ હું જાણતો નહોતો. નીતિને માંડીને વાત શરૂ કરી (અહીં ફ્લેશબેક દશ્ય શરૂ થાય છે) એ દિવસોમાં સુરેશ જોશીએ એક કાલ્પનિક -fictitious રિવ્યુ 'ઊહાપોહ' સામયિકમાં લખ્યો હતો. પુસ્તકનું નામ હતું 'નિધુવન' અને લેખિકા હતાં : જ્યોતિ કાપડિયા. સુરેશ જોષીએ આ પુસ્તક અને લેખિકાને બિરદાવતો સુંદર રિવ્યુ લખ્યો હતો. હકીકતમાં 'નિધુવન' નામે કોઈ પુસ્તક ગુજરાતી ભાષામાં હતું જ નહિ અને જ્યોતિ કાપડિયા નામે કોઈ લેખિકા હતી જ નહિ. હવે થયું એવું કે સુરેશ જોશીનો આ રિવ્યુ વાંચ્યા પછી ગુજરાતના એક પ્રખર વક્તા અને જાણીતા અધ્યાપક -વિવેચકે 'નિધુવન' નવલકથા ઉપર લાંબો રિવ્યુ લખીને 'ગ્રંથ'માં પ્રકાશિત કરવા મોકલી આપ્યો. આ લેખ નીતિનના હાથમાં આવ્યો. નીતિનને બહુ નવાઈ લાગી કે જે નવલકથાનું પુસ્તક અસ્તિત્વમાં જ નથી એની પ્રશસ્તિ કરતો રિવ્યુ કેવી રીતે લખી શકાય? નીતિને આ રહસ્ય બધા મિત્રોને કહી દીધું. વા વાયો ને નળિયું ખસ્યું. 'નિધુવન' ટોક ઓફ ધ ટાઉન બની ગઈ. આખરે બધી વાત ગ્રંથના તંત્રી સુધી પહોંચી. તંત્રીનો મુદ્દો એટલો જ હતો 'ગ્રંથ' માટે જે મેટર આવે છે એની વાત બહાર કેમ પહોંચી ગઈ? 'નિધુવન'નો રિવ્યુ વિખ્યાત અધ્યાપકે 'ગ્રંથ' માટે મોકલ્યો છે એ સિક્રેટ તમે સાચવી શક્યા નથી એટલે આવતી કાલથી તમે 'ગ્રંથ'ની ઓફિસમાં આવશો નહિ, તમારી નોકરી પૂરી થાય છે. (ફ્લેશબેક પૂરો) દશ્ય બદલાય છે

નીતિન સાથે વોલ્ગામાં બેસીને આખી સ્ટોરી વિષે અમે ચર્ચા કરીને જીવ બાળ્યો. આખા પ્રકરણ પરથી મને એટલું સમજાયું

કે એક પ્રખર અધ્યાપક પુસ્તક વાંચ્યા કે જોયા વિના એનો રિવ્યુ લખીને પ્રકાશન માટે મોકલી આપે એમાં બૌદ્ધિક પ્રામાણિકતા કેટલી કહેવાય? એ વિષે મારે કોઈ કમેન્ટ કરવી નથી. નીતિન મહેતા સાચા અર્થમાં વિદ્યાવ્યાસંગી હતો. નીતિન ખૂબ વાંચતો હતો. અમે અવારનવાર મળતા અને સાહિત્યની નિરામય ચર્ચાઓ કરતા. નીતિન મહેતાની સાહિત્યનિષ્ઠા વિરલ હતી. નીતિનની નોકરી ગઈ એટલે મળવાનું ઓછું થઈ ગયું. હું થોડો વિકલાંગ થઈ ગયો. હું સિક્કાનગર પાસે પેઈંગગેસ્ટ તરીકે રહેતો હતો. નોકરીના દિવસો પસાર થયા કરતા હતા. હું પગે ચાલીને જઈ શકું એટલા અંતરે રસિક શાહ ઇન્ડિયા હાઉસમાં રહેતા એટલે વારંવાર એમના ઘેર જતો. એમાંય કલાભાભીની સરભરા અને રસોઈની સોડમ હજીયે મારાં ફેફસાંમાં સચવાયેલી છે. રસિક શાહનું ઘર પોતીકું લાગતું. એક રવિવારે સવારમાં હું રસિક શાહને ઘેર પહોંચી ગયો. મેં ડોરબેલ મારી. કલાભાભીએ હળવેકથી બારણું ખોલ્યું. મેં અંદર જઈને જોયું તો રસિકભાઈ અનેક મિત્રો સાથે વીંટળાઈને બેઠા હતા. એમાં કદાચ સુનીલ કોઠારી પણ હતા. રસિકભાઈએ મને પાસે બોલાવીને કાનમાં કહ્યું : "અમે બધા હમણાં LSD લઈને બેઠા છીએ. નશામાં છીએ. તારી કવિતાઓ સંભળાવ." મેં ચારપાંચ કવિતાઓ વાંચી. સહુ મિત્રોએ LSD સાથે મારી કવિતા પણ એન્જોય કરી. કલાભાભી કોઈને ભૂખ્યા ઘેર જવા ના દે એટલે મને જમાડીને વિદાય કર્યો. મુંબઈમાં મારી કેમિસ્ટ્રી રસિક શાહ, સિતાંશુ, નીતિન મહેતા અને જયંત પારેખ સાથે બહુ જામી ગઈ હતી. અમે વારંવાર મળતા હતા. એક સાંજે સિતાંશુ અને હું વી. પી. રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. એટલામાં કવિ રાજેન્દ્ર શાહ મળી ગયા. અમે એક બત્તીના થાંભલા પાસે કોઈને નડીએ નહીં એ રીતે ઊભા રહ્યા. ટ્રાફિક જોરદાર હતો. એ વખતે રાજેન્દ્રભાઈએ મને અને સિતાંશુને ૐ શબ્દમાં કેટલી શક્તિ છે એ વિષે ક્લાસ લઈ નાખ્યો. સિતાંશુ અપાર વિસ્મયથી આંખો પહોળી કરીને સાંભળતા રહ્યા. લગભગ એક કલાક સુધી વી. પી. રોડના ટ્રાફિકમાં ૐનો પીરિયડ અમે ભર્યો. રાજેન્દ્ર શાહથી છુટ્ટા પડ્યા ત્યારે અમને એવું લાગ્યું કે રિસેસ પડી. અમે કોઈ નજીકની રેસ્ટોરાંમાં જઈને થોડોક નાસ્તો કર્યો. સતત ઊભા રહી અમારા પગ થાકી ગયા હતા. એ પછી હરિ ૐ ઉપર હું વિચારવા લાગ્યો. અમે થોડી વાર રખડીને છુટ્ટા પડ્યા. રાજેન્દ્ર શાહ આજે રહ્યા નથી પણ એમનો ધ્વનિ આજે પણ કાનમાં સચવાયો છે. આ પ્રસંગનો સંદર્ભ મારી એક કાવ્ય પંક્તિમાં ઊતરી આવ્યો છે.

પથ્થરમાંથી છુટ્ટાં કરીએ ભાર અને હળવાશ

ૐકાર ને ઓડકારમાં ઊતરશે સરખાશ

વિલ્સન સ્ટ્રીટમાં હું પેઈંગગેસ્ટ તરીકે એક રૂમમાં રહેતો હતો. વી. પી. રોડ અને સી. પી. ટેન્કનો એરિયા બિલકુલ ગુજરાતી હતો. એ દિવસોમાં મારી પાસે લેન્ડલાઈન ટેલિફોન પણ નહોતો. પણ કોઈને વાત કરવી હોય કે મેસેજ આપવો હોય તો પડોશીના ફોનનો નંબર મેં મિત્રોને આપી રાખેલો. પાડોશી બહુ સજ્જન હતા. અડધી રાતે મારો કોઈ ફોન આવે તો બારણું ખખડાવીને મને ઉઠાડતા હતા. મારું રોજિંદું રુટિન એવું હતું કે સવારે દસ વાગ્યે નોકરી પર જતો રહું અને મોડી રાતે સી.સી.આઈ. ક્લબ કે રિટ્ઝ હોટેલમાં દારૂના નશામાં ડિનર લઈને રૂમ પર આવતો. વહેલી સવારે ઊઠતો ત્યારે હેંગ ઓવર અહં લાગતો હતો. એવામાં એક દિવસ એવું થયું પાડોશીને ત્યાં મોડી રાત્રે તારક મહેતાનો ફોન આવ્યો, "જ્યોતીન્દ્ર દવે ગયા. વહેલી સવારે કાઢી જવાના છે. તમે પહોંચી જજો." હું હેબતાઈ ગયો. ભાટિયા હોસ્પિટલની બરાબર સામે ફોરજેટ હિલ વિસ્તારના એક જ બિલ્ડિંગમાં તારક મહેતા, હરીન્દ્ર દવે અને જ્યોતીન્દ્ર દવે રહેતા હતા. વિલ્સન સ્ટ્રીટથી વોકિંગ ડિસ્ટંસ હતું. વહેલી સવારે હું પગે ચાલીને ફોરજેટ હિલ પહોંચી ગયો. અહીં દૃશ્ય બદલાય છે. વહેલી સવારનો સમય છે. અમે બધા ગમગીન ચહેરે ઊભા છીએ. ક્યાંકથી એક રેંકડો લાવવામાં આવે છે.



હરીન્દ્ર દવે

એ રેંકડામાં જ્યોતીન્દ્ર દવેનો મૃતદેહ ગોઠવાય છે. હરીન્દ્ર, તારક મહેતા અને થોડાક બિલ્ડિંગના પાડોશીઓ સાથે રેંકડો ખેંચતાં ખેચતાં ગોવાલિયા ટેન્કનો વિશાળ ચોક અમે પસાર કર્યો. ગુજરાતી ભાષાના સર્વોચ્ચ હાસ્યકાર અને વિદ્વાન જ્યોતીન્દ્ર દવેની આ અંતિમયાત્રા હતી. મન થોડું ઉદાસ થઈ ગયું. આ દૃશ્ય હું ક્યારેય ભૂલી શક્યો નથી. તારક મહેતા મુંબઈ છોડીને અમદાવાદ સેટલ થયા ત્યાં સુધી મારે તારકભાઈ સાથે આ ઘટના વિષે અચૂક વાત થતી.

હરીન્દ્ર દવે પોતાની હયાતીમાં મારા હૃદયની સહુથી વધારે નજીક હતા. આજે હરીન્દ્ર હયાત નથી ત્યારથી મારા હૃદયનો એક ખૂણો સાવ ખાલી પડ્યો છે. હું ગોશાનશીન (એટલે ખૂણે

એકાંતમાં બેઠેલો માનવી) છું. ઊંચો પડછંદ બાંધો, ભરાવદાર ચહેરો, ઊંઘમાં હોય એવી સ્વપ્નીલ આંખો, ઘેઘૂર છતાં સોફ્ટ અવાજનો માલિક, વાતચીતમાં વિવેક અને નમ્રતાનો અતિરેક એટલો બધો કે ખમીસનું બટન તૂટી જાય તો ખમીસને સોરી કહે, કાયમ ઇન્શર્ટ કરે, અહંકારનો છાંટો નહિ, પોતે કોઈ ઉપર ઉપકાર કર્યો હોય તો પોતે ક્રેડિટ લેવાથી આઘા રહે. ઉત્તમ કવિતાઓ લખે પણ સુરેશ દલાલથી એમની પ્રકૃતિ બિલકુલ વિપરીત. હરીન્દ્ર કહે: "કોઈ મારી પ્રશંસા કરે છે ત્યારે હું શરમાઈ જાઉં છું, કારણ કે તે મેં ઊંડે ઊંડેથી ઝાંખી હોય છે." હરીન્દ્ર દવેની આખી હયાતી એવી હતી કે જાણે ઢાકાની મલમલ માદરપાટના તંબુમાં રહેતી હોય .

આ એ દિવસોની વાત છે. મુંબઈમાં હું વાયા વિરમગામ હતો. મારી પાસે કવિતા સિવાય બીજી કોઈ આવડત નહોતી. નિરંજન ભગતની એક કાવ્યપંક્તિ સતત ગણગણ્યા કરતો હતો : ''હું તો બસ ફરવા આવ્યો છું, હું ક્યાં મારું કે તમારું એક્કેય કામ કરવા આવ્યો છું?" તેમ છતાં કવિતાની લાગવગથી 'કોમર્સ' વીકલીમાં મને નોકરી મળી ગઈ. એ દિવસોમાં હું ગદ્ય લખતો નહોતો. પણ એક દિવસ કવિ હરીન્દ્ર દવેએ મને ઘેર જમવા બોલાવ્યો. અમે જમવા બેઠા. એવામાં હરીન્દ્રએ મને જમતાં જમતાં પૂછ્યું : 'દોસ્ત, તું મને એક લેખ આપને?' આ સાંભળીને હું સાવ ચૂપ થઈ ગયો. મેં નમ્ર સ્વરમાં કહ્યું: ''હરીન્દ્રભાઈ, મને ગદ્ય લખતાં ફાવતું નથી. કવિતા સિવાય કાંઈ લખ્યું નથી.'' પણ હરીન્દ્ર મને છોડે એમ નહોતા. કહે: ''કાલે સાંજ સુધીમાં 'જનશક્તિ' માટે એક લેખ લખી આપ. ટ્રાય તો કર!'' હરીન્દ્ર એટલા બધા સોફ્ટ અવાજે બોલતા કે હું એમને ઘણી વાર મજાકમાં કહેતો હતો: ''યાર, તમે શેતરંજી શબ્દ બોલો તો એવું લાગે કે શેતરંજી ઢાકાની મલમલ થઈ ગઈ.'' મારી જિંદગીમાં મેં આટલો કોમળ અને સંવેદનશીલ તંત્રી બીજે ક્યાંય જોયો નથી. હું તો 'જનશક્તિ'માં લેખ લખવાની વાત ભૂલી ગયો. મને થયું કે છાપાના તંત્રીઓ વિવેક ખાતર કહેતા હોય એને સાચું માની લેવાય નહિ, પણ બીજે દિવસે હરીન્દ્રનો ફોન આવ્યો : ''અનિલ, તારા લેખનું શીર્ષક આપ. બ્લોક બનાવવાનો છે. લેખ કાલે મોકલ.'' આ સાંભળીને મારા પગ નીચેથી ધરતી ખસી ગઈ. મેં એ જ વખતે મનમાં જે સૂઝ્યું એ શીર્ષક હરીન્દ્રને લખાવી દીધું : 'વસંત એટલે ભૂલ કરવાની ઋતુ.' એ પછી મેં આખી રાત જાગીને લેખ લખ્યો અને હરીન્દ્રને એ લેખ પહોંચાડ્યો. રવિવારના અંકમાં એ લેખ પ્રસિદ્ધ થયો. મારા કોલમ-લેખનની આ શરૂઆત હતી. અખબારના એક તંત્રી તરીકે કોની પાસેથી શું લખાવવું એની જબરદસ્ત સૂઝ હરીન્દ્રમાં હતી.

[ક્રમશઃ]



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

બે વાર્તા

ગુજરાતી વાચકને હિમાંશી શેલતની ઓળખાણ આપવાની જરૂર મને નથી લાગતી. પણ એમના દસમા વાર્તાસંગ્રહની બે વાર્તાઓની એક સાથે અહીં વાત કરવી મને જરૂરી લાગે છે. એક તો 'ધારો કે આ વાર્તા નથી-' ને બીજી છે 'ગોમતીસ્તોત્ર.'

મારી અને તમારી ચોપાસ જે કંઈ બની રહ્યું છે એ ક્ષુબ્ધ કરી દે એવું. સંવેદનાઓને બધિર બનાવી દે એવું, ડર અને હતાશા તરફ ધકેલી દે એવું ભયાવહ છે. પણ સમાજના એક મોટા હિસ્સાને એની સાથે કંઈ લાગતુંવળગતું નથી. એ તો એની રોજિંદી જિંદગી, મોજમજા અને ગપગોળામાં મસ્ત છે. પ્રશ્ન તો જે સંવેદનશીલ છે, જે વિચારે છે તેને જ થાય છે. તામિલનાડુના લેખક પેરુમલ મુરુગનને એનાં લખાણો માટે એટલી હદે ધમકીઓ અપાઈ કે એણે લખવાનું જ બંધ કરી દીધું. 'પેરુમલ લેખક મરી ગયો છે' એવી જાહેરાત સાથે એણે જાતને પોતાના શિક્ષક હોવા પૂરતી સમેટી લીધી. 'ધારો કે આ વાર્તા નથી' વાર્તામાં ફેક્ટ અને ફિક્શનની

રેખાઓને આબાદ સેળભેળ કરતા વાર્તાકથકને આક્રોશ આ વાતનો છેઃ જીવતેજીવ જે લેખક તરીકે મરી ગયો એ પેરુમલ વિશે કોઈને જાણવાની પડી છે ખરી? એ લખતા બંધ થાય એનાથી પ્રજાને કશો ફરક પડે છે ખરો? લખતા બંધ થવાથી પેરુમલને કેવું લાગતું હશે તેનો કોઈએ વિચાર કર્યો છે ખરો? જે પરિબળોએ પેરુમલને લખતા બંધ કર્યા એ પરિબળો વિશે કોઈને ચિંતા છે ખરી? અને પેરુમલ કોણ? એવું પૂછનારા માટે કથક કહે છેઃ 'એ અમિતાભ બચ્ચન તો છે નહીં કે નથી ન. મો. એટલે ઓળખાણ શી આપવી?' (3.) કેટલી કડવી સચ્ચાઈ છે? લખાતા શબ્દથી પ્રજાનો મોટો સમૂહ દૂર સરી ગયો છે એ હકીકત છે. તામિલનાડુથી ઘરે પાછા ફર્યા ને અઠવાડિયામાં વાત ભુલાઈ ગઈ કહેતાં વાર્તાકથક આપણને બીજો સટાકો મારે છે. આપણી ચોપાસ, રોજેરોજ કેટકેટલું બની રહ્યું છે! પણ આપણે સૌ બે દિવસ વિરોધ કરીને વળી પોતાની જિંદગીમાં મશગૂલ થઈ જઈએ છીએ. પેરુમલના વિચારો બંધ થયા ત્યાં ધારવાડના પ્રકાંડ વિદ્વાન લેખક કલબુર્ગીના ખૂનના સમાચાર આવે છે અને સમાચારોની ભીડમાં તરત ખોવાઈ પણ જાય છે. વર્ષોનું વૈચારિક આંદોલન, અર્જિત કરેલ જ્ઞાન બધું એક ગોળી સાથે પૂરું. પણ તરત જ ઘરના લોકો, મિત્રો પ્રશ્ન કરે છેઃ કોણ કલબુર્ગી? છેક ત્યાં કોઈને મારી નાખ્યા એમાં અહીં શા માટે લોહીઉકાળા કરવાના? એક જ ગોળીથી વર્ષોથી ચાલતા વૈચારિક આંદોલનને ચૂપ કરી દેવાનો જે ખતરનાક ખેલ ચાલી રહ્યો છે એની કોઈને પડી નથી એ વધારે ભયાનક લાગે છે. પેરુમલની નવલકથા વાંચતાં કથકને પાનાંમાં કલબુર્ગી ફસડાઈ પડેલા દેખાય છે. એની જોડે ઊંધા મોંએ પડેલી લોહીલુહાણ વ્યક્તિ કોણ હશે એની કલ્પના કરવાની... એને ચત્તા કરીને ચહેરો જુઓ તો એ ગૌરી લંકેશનો પણ હોઈ શકે, દાભોલકર, પાનસરે કે ખુદ કથકનો પણ હોઈ શકે. મલયાલમના અધ્યાપક, રામાયણના બહુ મોટા અભ્યાસી બશીરને રામાયણ વિશે લખતા અટકાવી દેવામાં આવ્યા. સહિયારી સંસ્કૃતિ પર આટલા મોટા ઘા થાય ને તોય કોઈ કશું બોલે કેમ નહીં? કોઈ સાહિત્યિક સંસ્થાઓએ આ સર્જકોને પૂછ્યું ખરું કે લખવાનું બંધ કરવાથી તમને કેવું લાગ્યું? મોજથી જીવ્યે જતો પ્રજાસમૂહ તો આમેય 'વાંચ્યે કોનું ભલું થવાનું?' એવું માનનારો... ત્યાં આવી ચિંતા કરનારા તો લઘુમતીમાં જ રહેવાનાને? આટલી હૈયાબળતરા પછી વાર્તાકથક કહે છેઃ મેંય એક વાર્તા લખી છે. ઊર્મિલાની અને સીતાની. આ વાર્તામાં સીતા સ્પષ્ટ શબ્દોમાં રાવણને નખશિખ સજ્જન કહે છે અને 'દરેક જન્મે તમે જ પતિ મળજો એવું કોણે કહ્યું? આ શબ્દો મારા નથી' એવું અકળાઈને કહે

છે. હવે વાર્તાકથક આપણને પ્રશ્ન કરે છેઃ ધારો કે આ વાર્તા છપાવું તો મનેય ધમકી મળે? કે પછી કોઈ નોંધ ન લે એવું બને... તો છપાવવી? ધડ... ધડ... ધડ... થવા દેવું છે એવું પંદર, સોળ કે તે પછી?... (8) વાર્તા અટકે એ ક્ષણે સાંપ્રતથી દાઝનારા સૌ સ્તબ્ધ રહી જાય છે. આ ખૂની ખેલ પાડનારાઓને તો કદાચ કોઈનો ડર જ નથી, જે કોઈ પ્રતિકૂળ સૂર કાઢે એ તમામને ખતમ કરવાની આ નીતિ આપણને ક્યાં લઈ જશે? સર્જક આપણને હલબલાવીને પૂછે છે ચૂપ રહેશો કે બોલશો? આ વાર્તા નથી જ... આ આપણો ડરામણો સાંપ્રત છે... કહેવાયું છે બિલકુલ વાર્તાની શરતે... પણ 'ધારો કે આ વાર્તા નથી' કહીને સાંપ્રતના બિહામણા વાસ્તવને આપણી સામે મૂકી આપ્યો છે.

વિશેષ પ્રકારના વાચકની અપેક્ષા રાખતી, સ્ત્રીના માતૃરૂપનું ગૌરવ કરતી 'ગોમતીસ્તોત્ર' કદાચ આ સંગ્રહની સૌથી સરસ વાર્તા છે. આ વાર્તાનું કેન્દ્રવર્તી પાત્ર કોણ? ગોમતી કે આનંદી? એનો જવાબ ભાવકે પોતાની સમજ અનુસાર નક્કી કરવાનો છે. આનંદીને હુસેનની આત્મકથામાં આવતી જમનાનું અલૌકિક રૂપ હુસેનસાહેબ જેટલું જ ગમે. પણ લાલખાં દરજીએ કરેલી જમનાની બદહાલી, એનું કંતાઈ ગયેલું શરીર અને છોકરાંઓની લંગાર જોઈને સળગી ઊઠતા હુસેન ક્રોધથી પાગલ થઈ જાય છે. લાલખાંનું કશું બગાડી નહીં શકતા હુસેન એની દુકાનની પાછલી દીવાલ પર ધગધગતો પેશાબ કરી એ દીવાલ પર લાલખાંનો ડરામણો ચહેરો ચીતરીને, એને માથે શીંગડાં ઉગાડીને લાલખાંનું રાક્ષસીરૂપ ઉઘાડું કરે છે અને લાલખાંની નિંદા કરતી એક જલદ કવિતા લખી નાખે છે. કલાકાર પાસે આમેય આક્રોશ કે હતાશા વ્યક્ત કરવા માટે આનાથી વધારે અસરકારક બીજું કોઈ હથિયાર હોતું પણ નથી.

નાનકડી આનંદીને પણ હુસેનની જમના જેવી જ રૂપાળી પરી જેવી ગોમતી ગમતી. પણ દરેક જમાનામાં નામે રૂપે નોખા લાલખાં તો હોવાના જ. ગોમતીના ગરીબ બાપને મૂલ ચૂકવી ગોમતીને લઈ જનારો ત્રિલોક ગાળથી જ વાત કરવા ટેવાયેલો. બહાર ભણવા ગયેલી આનંદી પાછી આવે ત્યારે ગોમતીની હાલત બિલકુલ હુસેનની જમના જેવી જ. આનંદીને ન તો રાક્ષસ ચીતરતાં આવડતો હતો કે ન કવિતા લખવાની આવડત હતી. ત્રિલોકની ગાળો રૂંવે રૂંવે આગ લગાડે એવી. આખીયે માનવજાતના ઉદ્‌ભવસ્થાનને સંડોવતી ગાળો બાબતે આનંદી વિચારે છે કે આટલા ગંધાતા શબ્દો સામે બળવો કેમ નથી ફાટી નીકળતો? સ્ત્રીઓ કઈ રીતે આટલી હદની અવમાનના વેઠતી થઈ હશે? શું દેવોની ભાષા સંસ્કૃતમાં આ પ્રકારની ગાળો હશે ખરી? આનંદીની નાની બહેન તો એને

સીધું પૂછી જ લે છેઃ 'જનમ આપનારી મૂળ જગા પવિત્ર ગણાય. ગામની નદી જે પહાડમાંથી નીકળે ત્યાં મેળો ભરાય, ભજનકીર્તન થાય, લોકો માનતા માને અને માથાં ટેકવે. નદીના મૂળનો આવો મહિમા તો માણસજાત કેમ અમુક શબ્દો ગાળમાં ખાસ વાપરે જ વાપરે?' (25.) આનંદી શો જવાબ આપે આ પ્રશ્નનો? એને તો એ જ નથી સમજાતું કે શી રીતે ટકી જાય છે આ સ્ત્રીઓ?

વળી થોડાંક વર્ષો પછી આનંદી શહેરમાં આવે છે. ગોમતીને શોધવા નીકળી છે. ગોમતીને તો કોઈ નથી ઓળખતું, પરંતુ 'ગંદી ગંદી ગાલિયાં દેતા ફિરતા હૈ વો લફંગા ત્રિલોક?'ને ઓળખનારા નીકળી આવે છે. 'ઠાકુરદ્વાર પર મળી જશે' એવું સાંભળી નીકળી પડેલી આનંદી રસ્તાની ગંદકી, છાણના પોદળાઓ, છલકાતી નીકોની દુર્ગંધથી મનોમન પૂછી બેસે છેઃ 'આ બેહાલી ઠાકુરદ્વાર તરફ પહોંચાડી શકે ખરી?' (26.) આટલી ગંદી જગ્યાએ, આવા દોજખમાં કેમની ફસાઈ ગોમતી? ભીતરનો આ ધૂંધવાટ આનંદીને દઝાડતો હતો. અચાનક ગલીના છેડે એની નજરે પડે છે એક દૃશ્યઃ ચોમેર ફાલેલા તુલસીવન વચ્ચે બેઠેલી એક આધેડ મા. એની અડખેપડખે બેઠેલ - જેમનો શારીરિક-માનસિક વિકાસ અટકી ગયેલ હોય એવાં - બે બાળકોને અપાર ધીરજ અને વણખૂટ વહાલથી, આ ઘડીએ પ્રલય થવાનો હોય તો પણ એ ઊભી નહીં થાય એટલી તન્મયતાથી એ ખવડાવતી હતી. એ ગોમતી હતી. ઓરડીની પાછલી બાજુથી એક પુરુષની ગાળોનો ગંદવાડ ઠલવાઈ રહ્યો હતો. પણ આ બાળકોની મા માટે જાણે કે આ પુરુષની હયાતીનો કોઈ અર્થ જ નો'તો. ગોમતીની આંખોમાં જોતી આનંદીને એના આજ સુધીના સવાલો-કોયડાઓનું સમાધાન મળી ગયું. બાળકને જન્મ આપતી, અપંગ કે મંદબુદ્ધિ બાળકને પણ પ્રેમથી ઉછેરતી માતાના વહાલમાં આવા કેટલાય લાલખાંઓ કે ત્રિલોકોની હયાતીનો સમૂળગો છેદ જ ઊડી જાય છે. મા-બાળકના સંબંધનું માહાત્મ્ય કરતી 'ગોમતીસ્તોત્ર' જમના-લાલખાં કે ગોમતી-ત્રિલોક મિષે દરેક સ્ત્રીપુરુષ સંબંધની વાત કરે છે. માતૃત્વમંડનનો આ સનાતનસૂર વાર્તાનાં બે અડધિયાંને વગર રેણે જોડી આપે છે.

જ્યાં લખવા-બોલવા પર જાતભાતના અદૃશ્ય પ્રતિબંધો લદાયેલા હોય એવા ગૂંગળાવતા, બરછટ અને નીંભર સાંપ્રતમાં, વહેંચાયેલી, ખુશામતખોર, ડરપોક, નિર્માલ્ય પ્રજા વચ્ચે આ પ્રકારની વાર્તાઓ લખવી એ પણ ઓછી હિંમતનું કામ નથી. સરળ, ગળચટ્ટા શીરા જેવા સાહિત્ય અને એવા જ સાહિત્યકારો-વાચકોની વચ્ચે હજી આવી વાર્તાઓ લખાય છે એનો આનંદ વ્યક્ત કરવો જ રહ્યો. ❑❑❑



તૃણવન

☐ અશોક મશરૂ

'જ્યાં સુધી પહોંચે નજર ત્યાં સુધી બસ ઘાસનો
વિસ્તાર છે,
ને પછી આકાશ કેરી નીલરંગી ક્ષિતિજ કેરી
ધાર છે,
પૃથ્વીના આનંદ સમાં તરણાં હલે છે વારંવાર,
ના ખબર કે શા સંબંધે સર્વસંગે, એ હમારો
પ્યાર છે!'

કવિશ્રી પ્રહ્લાદ પારેખની આ સુંદર પંક્તિ અદ્દલોઅદલ લાગુ પડે એવો છે મારો પ્યારો એક અન્ય વીડ ઘાસિયો પ્રદેશ. બસ છે થોડો દૂર. ચાલો ત્યાં જઈએ. નજર દોડે ત્યાં સુધી લહેરાતું ઘાસનું મેદાન. ઋતુ પ્રમાણે વિવિધ રંગોની જાજમ પથરાય. વર્ષામાં જાણે હરિત મોલાત, શરદ થાય એટલે પાકટ થયેલ ઘાસ લાલાશ પીળાશ, પકડતું જાય. શિશિર આવે ત્યાં સુધીના સમયમાં હરિત, પીળા, રાતા, કેસરી મિશ્રિત રંગો નીખરતા જાય. જાણે કુદરતનું એક કલાચિત્ર શય્યા પર ન મલકતું હોય! છેવટે પછી સર્વત્ર સોનેરી ઘાસનો વિસ્તાર ઝગમગે. એકીટશે જોતા જ રહી જઈએ. એક શિયાળે અહીં કૃષ્ણપક્ષની રાત્રિમાં લટાર મારવાનો લહાવો લીધો. પાકટ તૃણોની શું સોડમ પ્રસરી રહી હતી. સર્વત્ર! શ્વસી હું તરબતર. જામતી જતી રાત્રિને અવિસ્મરણીય



રસ્તો ક્રોસ કરતા કાળિયારોનું વૃંદ

બનાવી તારા મઢેલ આકાશે, હરણોની તગતગતી આંખોએ, ઘુવડના ખિખિયાટા અને જરખના ડરામણા ડાકલાએ. આ છે અતિ સુંદર તૃણવન વેળાવદર પાસેનું કાળિયાર રાષ્ટ્રીય અભિયારણ્ય.

પ્રભાતની કેસરિયાળ ક્ષિતિજે સૂરજે ઘાસમાંથી ડોકિયું કરી સુરખી ફેલાવી. સોનેરી આભાથી ઝળકી ઊઠ્યો આપણો તૃણિયો મલક. થોડે દૂર ઘાસમાં હલબલતાં મરોડદાર શિંગોએ ધ્યાન ખેંચ્યું. શ્યામસુંદર નર કાળિયાર હરણોનું ઝુંડ મસ્તક ઊંધું ઘાલી ચરવામાં મસ્ત હતું. કાળિયાર એટલે કુદરતનું સુંદરતાના પર્યાય સમું સર્જન. શ્યામ-શ્વેત ચળકતા રંગોથી દીપતું દેહસૌષ્ઠવ. માથે વળિયાં શિંગો. ફરતે શ્વેત વલયોવાળી ચુંબક સમી મોહક આંખો. મલપતી છટાદાર ચાલ. અનિમેષ જોતા જ રહી જાવ. આવાં અનેક નર, નમણી હરણીઓનાં ઊછળતાં કૂદતાં ઝુંડ વિહરે છે આ સોનેરી ઘાસ પ્રદેશે. ઊર્જાના ભંડાર સમા કાળિયાર જ્યારે ફાળ ભરી હવામાં ચારેય પગ અધ્ધર કરી કૂદતાં કૂદતાં પાસેથી પસાર થાય ત્યારે ચકિત થઈ મોં ખુલ્લું રહી જાય. ટોળી ઘાસમાં ચરતી હોય ત્યાં ઘાસ હલબલે કંઈક ઉદ્ભવી બહાર ડોકિયું કરે છે. ક્ષણભર દર્શન અને પાછું વિલીન. માથાડૂબ ઘાસમાં મસ્તીખોર બચોળિયાના ઠેકડા અપાર આશ્ચર્યાનંદ કરાવે છે. નજદીકમાં જ નીલગાયનો મર્દાના નર તેમ જ માદા બે બચ્ચાં સમેત કાળિયા કોશીને સથવારે ફરી રહ્યું છે. નહીં વીસરાય આ પ્રદેશનાં સુંદર દૃશ્યો ૧: તૃણવન મહીં ગૌરવથી ગતિમાન નર કાળિયારના શિંગડે મહાલતો કાળિયો કોશી ને જોડીમાં સંપૂર્ણ શ્વેત માદા. ૨: સંધ્યાએ ઘાસ વચાળે શાંત ઊભેલા કાળિયાર ઉપરના બાવળિયે આથમતો વિશાળ નારંગી સૂરજ. ૩: પ્રભાકરનાં



કાળિયારનો કૂદકો



નીલગાય માદા અને બે બચ્ચાં



ખડમોર કૂદકો



સફેદ ઢોંક

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)



નર નીલગાય

પ્રથમ કિરણોના સુંદર પ્રકાશે સાવચેતીથી એક બાજુ ઘાસમાંથી નીકળી ઝડપથી રસ્તો ક્રોસ કરી ફરી સામેના ઘાસમાં અલોપ થતાં કાળિયારોનું વૃંદ.

વહેલી સવારે પાર્કમાં ચક્કર મારતાં સામે જ એક ઝરખ ચાલતું આવ્યું અને પાસે ઘાસમાં જઈ પાછું વળી અમને જોયા કર્યું. પછી તો બેસી પગથી શરીર ખંજવાળી નિરાંતે દર્શન આપી મોજ કરાવી. દૂરબીન ફેરવતાં એકાએક નજર પડી દૂર બાવળિયે પગ લંબાવી દમામથી બેઠેલ વરુ પર. આનંદિત થઈ ઊછળી ઊઠ્યો. મોટા કદનું યાયાવરી પક્ષી સફેદ ઢોંકના પણ દર્શન થયા. સુંદર લાલ ચાંચ અને લાલ પગથી સોનેરી ઘાસ વચ્ચે ડગ ભરતો મોહક લાગતો હતો.

આ અભિયારણ્ય વિખ્યાત છે શિયાળે પધારતાં યાયાવરી પટ્ટાઈ શિકારી પક્ષીઓના વિશાળ સમૂહશયન માટે. ઘાસ પ્રદેશમાં અનેક તીતીઘોડા, જીવાતો વિકસે છે જે જમવા પાન પટ્ટાઈ, ઊજળી પટ્ટાઈ અને પટ્ટી પટ્ટાઈઓ મોટી સંખ્યામાં અહીં ઊમટી પડે છે. સમીસાંજનો અંધકાર વળી જાય. ચારે દિશામાંથી પાર્કમાં પ્રવેશી પટ્ટાઈઓ ટોળામાં હજારોની સંખ્યામાં નિશ્ચિત સ્થળે ચક્રાકાર ઘૂમરી લેવા માંડે. નીચે બેસે ફરી વંટોળ સમાન ઊડે. આવું વારંવાર પુનરાવર્તન થાય. ઓછા પ્રકાશે નરી આંખે તો માંડ દીસે, દૂરબીન તાકવું પડે. કવાયત બાદ જમીન પર આસન લઈ રાત્રિ વિરામે બેસી જાય. આ નજારો અદ્‌ભુત છે.

જામેલા ચોમાસે મુલાકાત લે છે વિરલ વિશિષ્ટ પક્ષી ખડમોર. આવે છે અહીં



ઝરખ

અને આસપાસ ખેતરની જુવારમાં બચ્ચાં ઉછેરવા. આકર્ષક શ્યામ-શ્વેત નરને મસ્તકે સુંદર મોર જેવી કલગી ફરકે છે, તેથી નામ રાખ્યું ખડમોર. દેખાવડો નર મોટા ઘાસમાં અદશ્ય રહે છે તો દૂર એકલી અટૂલી રહેલી માદાને પોતાનું સરનામું કેમ કરી આપે? આ હેતુસર ખાસ કરામત કરે છે. નર જાદુની જેમ એકાએક ખડમાંથી ઉપર આવી હવામાં ઠેકડો મારી ૧૫-૨૦ સેકંડમાં પાછો નીચે ઘાસમાં વિલીન થઈ જાય. લીલાછમ ઘાસમાં કાળા ખડમોરના વારંવાર થતા કૂદકા અચંબિત કરે છે. કૂદકાની સાથોસાથ ડોક પીઠ તરફ નમાવી ટર્રર.... દેડકા જેવો મોટેથી અવાજ ઉચ્ચારે, જે દૂરથી પણ સંભળાય. કહે છે કે અવાજ તે તેના પાંખનાં પીંછાં ભટકાડી કરે છે. જાણે ગામનો ઢોલી ઢોલ પીટી જાહેરાત ન કરતો હોય! નસીબ હોય તો તમને એકસાથે અલગ અલગ દિશામાં પ્રેમઘેલા એકાધિક ખડમોરના કૂદકા જોવા મળે. ખડમોરના જાદુઈ ઠેકડા નિહાળવા એક લહાવો છે. ઘટતી સંખ્યા ધ્યાને લઈ IUCN દ્વારા આ પક્ષીને ચિંતાજનક ભયયુક્ત (Endangered) શ્રેણીમાં મૂક્યું છે. ખડમોરના સંરક્ષણ હેતુ સર્જન જાગૃતિ માટે રચાયેલ સુંદર માહિતીસભર વિડિયો ગીત'ખરમોર આયા. ખુશાલી લાયા' જરૂર ગમશે.

આ કાળિયાર રાષ્ટ્રીય અભિયારણ્યમાં ઘાસ પ્રદેશ સિવાય ગાંડો બાવળ અને પીલુડીની ઝાડી વચ્ચે વચ્ચે ફાલેલ છે જેમાં વરુ, ઝરખ, શિયાળ, લોંકડીનો વસવાટ છે. શિયાળે અનેક ગરુડ, બાજ તેમ જ વિવિધ પક્ષીઓનો આશરો છે. જ્યારે તલાવડીમાં કુંજ, બતક, બગલા, પેણ, કાદવિયા વસે છે. આવું છે બેનમૂન બેજોડ તૃણવન અભિયારણ્ય.

આવી સુંદર વીડો ઉપર આપણું માનવીનું જ અતિક્રમણ સંકટ છવાયું છે. જોકે સૌરાષ્ટ્રની ભૂમિમાં હજુ આવા અનેક અદ્‌ભુત સાચવવા જેવા વીડો છે. ઉનાળે સાવ અવાવરું દેખાય પણ વર્ષાઋતુએ મેઘરાજાના અમીછાંટણાથી આળસ મરડી જીવંત થઈ ઊઠે. વન્યજીવનથી ધબકવા મંડે ને આકર્ષે છે મારા જેવા તેના હરહમેંશના આશિકોને.

❑❑❑

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૭

[૩૨૨]



तपोवनं वा दुर्गं वा नदीमम्भोनिधिं तथा ।
वयं ते यदि न त्याज्याः सर्वान्नो नय ईश्वर ।।१४।।

(સૌ પ્રજાજનોએ રામચંદ્રને કહ્યું:-) હે સ્વામી! જો તમે અમને તજવા લાયક ન સમજતા હો તો, તમે તપોવન, ગાઢ જંગલ, નદી કે સમુદ્રમાં જ્યાં પણ જાઓ, ત્યાં અમને સૌને (તમારી સાથે) લઈ જાઓ.

एषा नः परमा प्रीतिरेष नः परमो वरः ।
हृद्गता नः सदा प्रीतिस्त्वानुगमने नृप ।।१५।।

હે રાજા! તમારી પાછળ ને પાછળ ચાલવું -- અનુગમન કરવું એ જ

અમારી પરમ પ્રીતિ છે અને પરમ વરદાન છે. અમારા હૃદયમાં સદાય આવી જ પ્રીતિ રહેલી છે.

पौराणां दृढभक्तिं च बाढ मित्येव सोऽब्रवीत् ।
स्वकृतान्तं चान्ववेक्ष्य तस्मिन्नहनि राघवः ।।१६।।

कोशलेषु कुशं वीरमुत्तरेषु तथा लवम् ।
अभिषिच्य महात्मानावुभौ रामः कुशीलवौ ।।१७।।

નાગરિકોની (પોતાનામાં રહેલી) દઢભક્તિને અને પોતાના (આવનારા) કાળને જાણીને રામચંદ્રે સૌને 'ભલે' એમ કહ્યું અને તેમણે મહાસત્ત્વશાળી એવા બંને રાજકુમાર કુશ અને લવનો અનુક્રમે દક્ષિણ કોશલ રાજ્ય અને ઉત્તર કોશલ રાજ્યના રાજા તરીકે રાજ્યાભિષેક કર્યો.

अभिषिक्तौ सुतावङ्के प्रतिष्ठाप्य पुरे ततः ।
रथानां तु सहस्राणि नागानामयुतानि च ।
दश चाश्वसहस्राणि एकैकस्य धनं ददौ ।।१८।।

બંને પુત્રોનો રાજ્યાભિષેક કરીને રામચંદ્રે તેમને ખોળામાં બેસાડીને તેમના પ્રત્યે વહાલ પ્રકટ કર્યું. ત્યારબાદ તેમણે બંનેને એક હજાર રથ, દશ હજાર હાથી, દશ હજાર ઘોડા અને (વિપુલ) ધન આપ્યું.

बहुरत्नौ बहुधनौ हृष्टपुष्टजनाश्रयौ ।
स्वे पुरे प्रेषयामास भ्रातरौ तो कुशीलवौ ।।१९।।

હૃષ્ટ-પુષ્ટ લોકો (સેવકો) જેના આશ્રમમાં હતા એવા અને બહુ રત્નો અને ધન-સંપત્તિવાળા બંને ભાઈઓ --- લવ અને કુશને રામચંદ્રે તેમની પોતપોતાની રાજધાનીમાં જવા માટે વિદાય આપી.

अभिषिच्य ततो वीरौ प्रस्थाप्य स्वपुरे तदा ।
दूतान् सम्प्रेषयामास शत्रुघ्नाय महात्मने ।।२०।।

બંને પુત્રોનો રાજ્યાભિષેક કરીને તેમને પોતપોતાની રાજધાનીમાં મોકલ્યા

પછી, રામચંદ્રે મહાસત્ત્વશાળી શત્રુઘ્નને બોલાવવા માટે દૂતોને મોકલ્યા.

(સર્ગ ૧૦૮)

ते दूता रामवाक्येन चोदिता लघुविक्रमाः ।
प्रजग्मुर्मधुरां शीघ्रं चक्रुर्वासं न चाध्वनि ।।१।।

રામચંદ્રનાં વચનથી પ્રેરિત અને શીઘ્રગતિવાળા તે દૂતો રસ્તામાં ક્યાંય રોકાયા વગર સત્વરે મધુરા (મથુરા) નગરી જઈ પહોંચ્યા.

ततस्त्रिभिरहोरात्रैः सम्प्राप्य मथुरामथ ।
शत्रुघ्नाय यथातत्त्वमाचख्युः सर्वमेव तत् ।।२।।

સતત ત્રણ દિવસ-રાત સુધી પ્રવાસ કરીને મથુરા પહોંચ્યા પછી તે દૂતોએ શત્રુઘ્નને સઘળી હકીકત જણાવી.

लक्ष्मणस्य परित्यागं प्रतिज्ञां राघवस्य च ।
पुत्रयोरभिषेकं च पौरानुगमनं तथा ।।३।।

તેમણે શત્રુઘ્નને રામચંદ્રની પ્રતિજ્ઞા, લક્ષ્મણના ત્યાગ, લવ-કુશના રાજ્યાભિષેક અને નગરજનો દ્વારા કરાયેલ રામના અનુગમન વિશે સઘળું વૃત્તાન્ત કહ્યું.

कुशस्य नगरी रम्या विन्ध्यपर्वतरोधसि ।
कुशावतीति नाम्ना सा कृता रामेण धीमता ।।४।।

બુદ્ધિમાન રામચંદ્રે વિંધ્ય પર્વતના પ્રદેશમાં કુશને માટે કુશાવતી નામની રમણીય નગરી વસાવી છે તે પણ દૂતોએ શત્રુઘ્નને જણાવ્યું.

श्रावस्तीति पुरी रम्या श्राविता च लवस्य ह ।
अयोध्यां विजनां कृत्वा राघवो भरतस्तथा ।।५।।
स्वर्गस्य गमनोद्योगं कृतवन्तौ महारथौ ।

તેમણે વધુમાં જણાવ્યું કે રામચંદ્રે લવને માટે રમ્ય એવી શ્રાવસ્તી નગરી વસાવી છે અને હવે રામચંદ્ર અને ભરત - એ બંને મહારથીઓએ અયોધ્યાને

ઉજ્જડ (જન-રહિત) કરીને (સૌ નગરવાસીઓ સાથે) સ્વર્ગે જવાની તૈયારી કરી લીધી છે.

एवं सर्वं निवेद्याशु शत्रुघ्नाय महात्मने ।।६।।
विरेमुस्ते ततो दूतास्त्वर राजेति चाब्रुवन् ।
तच्छ्रुत्वा घोरसंकाशं कुलक्षयमुपस्थितम् ।।७।।
प्रकृतीस्तु समानीय काञ्चनं च पुरोधसम् ।
तेषां सर्वं यथावृत्तमब्रवीद्रघुनन्दनः ।।८।।

આમ મહાત્મા શત્રુઘ્નને સઘળું વૃત્તાંત જણાવીને દૂતો થોડી વાર થોભ્યા અને પછી તેમણે શત્રુઘ્નને કહ્યું, રે રાજા! (હવે અયોધ્યા જવા માટે) જલદીથી તૈયાર થાવ. પોતાના કુળનો ભયાનક વિનાશ થવા બેઠો છે તે જાણીને શત્રુઘ્ને પોતાના સૌ પ્રકૃતિ-મંડળના સભ્યો-મંત્રીઓ અને કાંચન નામના પુરોહિતને બોલાવીને તેમને સઘળી હકીકત જણાવી.

आत्मनश्च विपर्यासं भविष्यं भ्रातृभिः सह ।
ततः पुत्रद्वयं वीरः सोऽभ्यषिञ्चन्नराधिपः ।।९।।


પોતાના ભાઈઓ (રામચંદ્ર અને ભરત) સાથે પોતે પણ દેહત્યાગ કરશે એવું ભાવિ-વચન શત્રુઘ્ને સૌને જણાવ્યું. પછી તે વીર રાજા શત્રુઘ્ને પોતાના રાજ્યમાં પોતાના બે પુત્રોનો રાજ્યાભિષેક કર્યો.

सुबाहुर्मथुरां लेभे शत्रुघाती च वैदिशम्
द्विधा कृत्वा तु तां सेनां माधुरीं पुत्रयोर्द्वयोः ।
धनं च युक्तं कृत्वा वै स्थापयामास पार्थिवः ।।१०।।

આ પ્રમાણે સુબાહુને મથુરાનું રાજ્ય અને શત્રુઘાતીને વિદિશાનું રાજ્ય મળ્યું. રાજા શત્રુઘ્ને પોતાના મથુરા-રાજ્યની સેનાના અડધા અડધા ભાગ કરીને બંને પુત્રોને આપ્યા અને બંને પુત્રોને ધનના પણ ભાગ કરીને આપ્યા.

અક્ષરની ઓળખાણ

☐ ડૉ. પ્રજ્ઞા શુક્લ



દેવીપૂજકઃ માય ડિયર જયુ, લટૂર પ્રકાશન, ભાવનગર, પૃ. 118, રૂ. 150, પ્રથમ આવૃત્તિ 2017.

અનુઆધુનિક વાર્તાકારોમાં નિજી મુદ્રા પ્રગટાવતા માય ડિયર જયુ, આપણા પ્રાણવાન વાર્તાકાર છે. 'દેવીપૂજક' વાર્તાસંગ્રહમાં 10 ટૂંકી વાર્તા અને 10 લઘુકથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'ધરમૂળથી વાર્તાન્તરણ ન થાય ત્યાં સુધી વાર્તાકળા ફલતી-ફૂલતી નથી. કથક વાર્તાનો વિધાતા છે. વાર્તામાં કથકનું સ્થાન પ્રભાવક નહીં હોય તો વાર્તા પ્રભાવક નહીં બને એટલે કથનાત્મક સાહિત્યમાં કથનનું સ્થાન સર્વોચ્ચ છે.' લેખકે વાર્તાકળાના વિધવિધ આયામો પ્રત્યે સજ્જ રહીને ટૂંકી વાર્તાને પામીને એની રચના કરી છે.

આ પુસ્તકમાં કેટલીક ધ્યાનાકર્ષક લઘુકથાઓ પણ છે. રમેશ ત્રિવેદીના શબ્દોમાં 'આપણા કેટલાક નીવડેલા વાર્તાકારો એક-બે પણ નોંધપાત્ર લઘુકથા આપીને અટકી ગયા છે પણ આશા રાખીએ કે માય ડિયર જયુ આ સૌમાં અપવાદરૂપ બની રહે.' ઈલા નાયક કહે છે 'આ રચનાઓમાં ઘટના, ભાષા, ટેક્નિક અને સર્જકોનો અવાજ સમન્વિત થઈને વાર્તાસ્વાદ આપે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે અહીં ભાષાકલા વાર્તાન્તરણ કરવામાં અપૂર્વ સિદ્ધિ હાંસલ કરે છે. રસકીય દૃષ્ટિએ મૂલ્યવાન વાર્તાઓ આપીને ટૂંકીવાર્તાના ઇતિહાસમાં, માય ડિયર જયુએ પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે.' ખરેખર વાંચવી ગમે એવી વાર્તાઓ!

❑

વચન : સં. મૂળ કન્નડ, ડો. એમ. એમ. કલબુર્ગી, સંપાદકઃ ગુજરાતી અનુવાદ, ડો. શરીફા વીજળીવાળા, પ્રકાશકઃ બસવ સમિતિ, બેંગાલુરુ. પૃ. 920, રૂ. 350. પ્રથમ આવૃત્તિ-2016.




વિશ્વમાં બાઈબલ, ભારતમાં ભગવદ્‌ગીતા અને કર્ણાટકમાં 'વચન' સાહિત્ય આ ત્રણેય બહુજન સમુદાયની પ્રભાવક સાહિત્યકૃતિ ગણાઈ છે એટલે વચનસાહિત્યને બહોળા લોક સમુદાય સુધી પહોંચાડવા માટે વચન સાહિત્યનો ભારતની તમામ ભાષાઓમાં અનુવાદ કરાવવામાં આવ્યો.

'વચન' મૂળભૂત રીતે લિંગાયત સંપ્રદાય સાથે સંકળાયેલ ભક્તિસાહિત્ય છે. આ એક સાંસ્કૃતિક પરંપરા છે. આ વચનોમાં મુખ્યત્વે એકેશ્વરવાદ, જાતિભેદનું ખંડન, શ્રમનું માહાત્મ્ય, ગૃહસ્થજીવનનો સ્વીકાર, કથની અને કરણીની સંવાદિતા, સદાચાર, બાહ્ય કર્મકાંડનો નિષેધ વગેરેનું વિષય તરીકે નિરૂપણ થયું છે. સમાજના લગભગ દરેક સ્તરના, જાતિના લોકોએ બારમીથી અઢારમી સદી દરમિયાન લગભગ એકવીસ હજાર વચનો લખ્યાં હતાં જેમાંથી અનેક કઠોર માપદંડ દ્વારા 130 પુરુષ, 30 સ્ત્રી અને 13 અજ્ઞાત શરણો મળીને કુલ 173 શરણોનાં 2500 વચન 878 પૃષ્ઠોના આ દળદાર ગ્રંથમાં સંગ્રહિત છે. પરિશિષ્ટમાં વચનકારોનો પરિચય, એમનાં ઉપનામ અને નામ, પારિભાષિક શબ્દકોશ અને અંતર્કથાકોશનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ડો. શરીફા વીજળીવાળાએ ગુજરાતી ભાવક સમજી શકે એ માટે પ્રમાણભૂત અનુવાદ રજૂ કર્યો છે. એમને અને એમના અનુવાદમંડળને અભિનંદન!

❑



ગાર્ગી હજુય જીવે છે... : લે. મંગલા આઠવલેકર, અનુવાદઃ કુસુમ ચૌહાણ, ગંગાબા પરિવાર પ્રકાશન, અમદાવાદ. પૃ. 102, રૂ. 150, પ્રથમ આવૃત્તિ-2017.

આપણે મૈત્રેયી અને ગાર્ગી વિશે સાંભળ્યું હોય છે, આપણને પુરાણકાળની સ્ત્રીઓ વિશે ઉત્સુકતા હોય છે. પણ આસપાસ શું બની રહ્યું છે એ વિશે આપણે ઉદાસીન હોઈએ છીએ. વીસમી સદીના ઉત્તરાર્ધમાં સ્ત્રીમુક્તિ ચળવળે આપણને જે કહ્યું, અમેરિકાથી સ્ત્રી-પુરુષ સમતાનું જે તત્ત્વજ્ઞાન આપણે ત્યાં આયાત થયું એ વિશે આપણે જાણીએ છીએ. પણ ઈ. સ. 1925ની આસપાસ પ્રયાગ જેવા ધાર્મિક પરંપરા ધરાવનાર શહેરમાં અંતિમસંસ્કારના કામની

શરૂઆત કરીને 'સ્ત્રીએ સ્મશાન અંતિમવિધિ કેમ ન કરવી?' એવો નિરુત્તર કરનાર પ્રશ્ન જેણે તત્કાલીન ધર્મવડાઓને કર્યો હતો એવી આપણી માટીની ગુલાબબાઈની સન 2001 સુધી આપણને જાણ ન હતી.

કેવળ પ્રશ્ન કરીને જ ગુલાબબાઈ ઉર્ફે અમ્મા અમૃતલાલ ત્રિપાઠી અટક્યાં નહીં, પણ સમગ્ર વિરોધ સામર્થ્યપણે શમાવીને ગંગાના કિનારે તેણે પોતાનો ઘાટ બાંધ્યો - રસુલાબાદ ઘાટ! કેવળ 'આત્મભાન'ના સામર્થ્ય પર જીવનમાં સર્વ હક્ક મેળવનારી આધુનિક ગાર્ગી પર આધારિત આ પુસ્તક ખરેખર વાંચવા જેવું છે. મુક્ત ઉડાનનું પ્રેરણાદાયક પુસ્તક!

❑



કોઈ ઝબકે, કોઈ ઝબકાવે : ધીરેન્દ્ર મહેતા, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ. પૃ. 112, રૂ. 120, પ્રથમ આવૃત્તિ-2017.

ધીરેન્દ્ર મહેતાની અંગત સ્મૃતિરેખાઓએ દોરી આપેલાં વ્યક્તિચિત્રોનું પુસ્તક એટલે 'કોઈ ઝબકે, કોઈ ઝબકાવે.'

લેખકના જીવનમાં શિક્ષણ, સાહિત્ય અને વ્યવસાયક્ષેત્રમાં કોઈ ને કોઈ રીતે સહાયક બનનાર વ્યક્તિઓ એમની 'સ્મૃતિસંચિત' ક્ષણોને સંવેદ્ય રૂપ આપે છે... એ બધા કેટકેટલી વાર સ્મૃતિમાં ઝબકે છે અને સંવેદનતંત્રને ઝબકાવે છે! જીવનનાં સોપાનો ચઢતી વેળા લેખક ક્રિયાશીલ હતા, પણ સંસ્મરણો વાગોળતાં તેઓ કેવળ દ્રષ્ટા અને સ્મૃતિદર્શક, બલકે નિદર્શક બનીને એ સર્વ ક્ષણોને અક્ષરમાં સ્થિર કરી દે છે.

ગુજરાતી સાહિત્યકારો અને લેખકના પરિચિતો, સ્વજનોનાં સંસ્મરણો વાચકને આ વ્યક્તિચિત્રો વાંચવા પ્રેરે છે.

❑

એકમેકના ઝરૂખાઃ પ્રવીણ દરજી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ. પૃ. 192, રૂ. 175, પ્રથમ આવૃત્તિ-2016.

જીવનને એના નવા રૂપરંગે જોવું હોય, હૃદયને ભરી દે તેવા ટહુકાઓ સાંભળવા હોય, શાંતિ-સંવાદથી ધન્ય કરી દેવું હોય તો આપણે આપણાથી જ શરૂઆત કરવી જોઈએ. પણ કિર્કેગાર્ડ કહે છે તેમ ''જીવનમાં સૌથી વધુ એવી અગત્યની બાબતોને આપણે સાંભળતા કે લક્ષમાં લેતા નથી, સાથે



જોતા પણ નથી. વળી તે વિશે અભ્યાસ પણ કરતા નથી.'' કારણ કે આપણે માત્ર આપણા જ ઝરૂખાથી વિચાર કરીને જીવનના ઉપવનને વેરઝેર, ઈર્ષ્યા, અશાંતિ, અણસમજ, દંભ વગેરે જેવા અનલથી ભરી દઈએ છીએ.

પ્રવીણ દરજી કહે છે, 'આપણા વિચારને બદલીએ. પરિવર્તનની આપણાથી શરૂઆત કરીએ. મારો ઝરૂખો તો ખરો જ, પણ તમારોય ઝરૂખો ખરો. આપણે તેથી આપણા ઉપરાંત બીજાના ઝરૂખામાંથી પણ જોતા થઈએ.' ઉદાહરણ તરીકે શ્રાદ્ધને લેખક 'હૃદયના મ્યુઝિયમને સમૃદ્ધ કરવાનું અનન્ય પર્વ' કહે છે. 'માણસે દુકાનદાર નહીં, જીવનદાર બનવાનું છે,' 'સ્ત્રી સકારાત્મક શક્યતાઓથી ભરેલું છલોછલ પાત્ર છે.' 'જીવન એક રહસ્યમય ગઠડી છે. તે આપણી ધારણા પ્રમાણે ભાગ્યે જ એની ગાંઠો ખોલે છે.'

આપણી આસપાસનાં નાનાં-નાનાં સુખ અને આનંદ પર નજર નાખવાનું શીખવતા સુંદર ચિંતનાત્મક નિબંધો.

આભાર સ્વીકાર

* આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. (૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ફોન : ૨૨૦૧૩૪૪૧)નાં પ્રકાશનો : * સ્માઈલનું સુનામી : સાંઈરામ દવે, પૃ. ૧૭૬, કિં. રૂ. ૧૪૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. (હાસ્ય). * પળોના પડછાયા : ડો. આઈ. કે. વીજળીવાળા, પૃ. ૧૦૪, કિં. રૂ. ૮૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. * પરિક્રમા નર્મદા મૈયાની : અમૃતલાલ વેગડ, પૃ. ૧૭૫, કિં. રૂ. ૧૩૫, પુનર્મુદ્રણ - ૨૦૧૫. * બાળવિકાસની સાચી સમજણ : મધુરી દેસાઈ, પૃ. ૧૯૧, કિં. રૂ. ૧૫૦, પુનર્મુદ્રણ - ૨૦૧૫. * અંતરિક્ષની સફરે : ડો. આઈ. કે. વીજળીવાળા, પૃ. ૧૩૬, કિં. રૂ. ૮૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. * શૂરવીર ગાથા : વિરલ શુક્લ, પૃ. ૨૧૪, કિં. રૂ. ૨૨૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯. * Microsoftના સારથિ સત્ય નડેલા : જગમોહન એસ. ભંવર, અનુ.: દિલીપ ગોહિલ, પૃ. ૭૯, કિં. રૂ. ૧૨૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯. * પરિશ્રમની પાંખે માનવતાની સુગંધનું સરનામું : ધીરુભાઈ પટેલ, પૃ. ૪૦૦, કિં. રૂ. ૪૨૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯. * ગુણવંતશાહની : મારી દૃષ્ટિએ શ્રેણી : પ્રકૃતિ, ધર્મ, મહામાનવ, મહાત્મા ગાંધી, સેક્સનું સૌંદર્ય, પ્રેમ, સત્ય, મિજાજ, વિચાર, શબ્દશક્તિ : પૃ. 56, 80, 76, 100, 56, 84, 88, 60, 84, 84 (અનુક્રમે) કિં. રૂ. 65, 85, 85, 85, 65, 85, 85, 65, 85, 85 (અનુક્રમે) પ્રથમ આવૃત્તિ - ૨૦૧૯.

તમારી દૃષ્ટિએ

ગાંધીજીની સાર્ધ જન્મશતાબ્દી અને મહાન વૈજ્ઞાનિક શ્રી વિક્રમ સારાભાઈની જન્મશતાબ્દીનું મિલન એ તો માત્ર કાળ ભગવાનની કરામત છે. પરંતુ પરેશભાઈએ લખેલા તેમના લેખમાં સારાભાઈ પરિવાર પર મહાત્મા ગાંધીના પ્રભાવને કારણે વિક્રમભાઈ જીવનભર વિજ્ઞાનનો ઉપયોગ બહુજન હિતાય કરતા રહ્યા એ વાત વિગતે જાણતા ગાંધીજી સાથેનું તેમનું વાસ્તવિક જોડાણ થયું જાણ્યું. એક ઉદ્યોગપતિને તેમના જ ઉદ્યોગના કર્મચારીમંડળના પ્રમુખ માટેનું નિમંત્રણ અત્યારે તો ન ભવિષ્યતિ જ લાગે છે. 'વીરપૂજા' વાર્તા મારફત હિમાંશી શેલતે સમાજનાં સાવ ઊલટાઈ જતાં મૂલ્યોને કારણે ગાંધીવાદી વિચારસરણીને મરણતોલ ફટકો પડતો હોવાની વાત કરી આને નિરાશા કરતાં ચેતવણીરૂપે લેવી જોઈએ એમ લાગ્યું. 'વાદીની વાણી મારફત' બંસી કુંપાવત કાળગ્રસ્ત થઈ રહેલા મદારીના વ્યવસાય ઉપરાંત વયોવૃદ્ધ વાદી સોરમનાથની સમક્ષ જ આપણને લઈ ગયા અને તેમને પણ આપણા કહેવાતા સભ્યલોકો જેવું જીવન, માન્યતાઓ હોય છે તે જાણ્યું. અલબત્ત તેમની તળપદી ભાષાનો આનંદ તો માણ્યો જ. આમ તો આખો અંક સરસ લાગ્યો. બધા જ લેખકોનો આભાર.

અમદાવાદ **- કિશોર વિ. ઠાકર**

* * *

ઓગસ્ટ 2019માં 'નવનીત સમર્પણ'માં 'ગાંધી હત્યાનો સંદેશો અને પેઈન્ટિંગ' વાંચ્યું. ખૂબ સુંદર ને નવીન માહિતી.

તેમાં જણાવ્યા મુજબ બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનના અધિકૃત યુદ્ધચિત્રકાર, પોલેન્ડમાં જન્મેલ ફેલિક્સ ટોપોલસ્કીએ 1946માં ગાંધીજીની હત્યાનું એક ચિત્ર દોર્યું હતું. જેનાં બે વર્ષ પછી ગાંધીજીની હત્યા થઈ. આ ચિત્ર 'ધ ઈસ્ટ 1948' શીર્ષકથી ચાર પેનલમાં 1948માં ફરી બનાવાયું. જે 1949માં જવાહરલાલ નેહરુ લંડનથી ખરીદી લાવ્યા હતા. જે ચિત્ર હાલ દિલ્હી ખાતેના રાષ્ટ્રપતિ ભવનના નવા સેરેમની હોલની સામે મૂકવામાં આવ્યું છે. ગાંધીજીના પૌત્ર ગોપાળકૃષ્ણએ આ ચિત્રના ચિત્રકાર ટોપોલસ્કીને ગાંધી હત્યાનો અંદેશો બે વર્ષ પહેલાં કઈ રીતે આવ્યો હશે - એ અંગે એક લેખ 2016માં 'ધ હિન્દુસ્તાન ટાઈમ્સ'માં લખ્યો હતો. જેના ગુજરાતી અનુવાદનો લાભ શક્ય હોય તો 'નવનીત સમર્પણ'ના વાચકોને આપવા વિનતિ.

વ્યારા **- પ્રકાશ સી. શાહ**

* * *

શિષ્યા- ગિરીશ ભટ્ટની વાર્તા ખૂબ ગમી. ગુરુ પ્રત્યેની લાગણી અને ગુરુની નિઃસ્વાર્થ શિષ્યા પ્રત્યેની ભાવના તો ખૂબ સારી રીતે લેખકે દર્શાવી છે. એમાં પણ જ્યારે ગુરુ તેની શિષ્યાના સુંદર અક્ષરો લખેલો કાગળ શોધવા બેસે છે તે તો ખરેખર અદ્‌ભુત વર્ણન છે. આ સિવાય ''વાદીની વાણી ને મદારીની

કહાણી''માં આપેલી વિગતોથી તો બાળપણ સજીવન થઈ જાય છે. ખરેખર મદારીઓની કળા લુપ્ત થવાના આરે છે તો એમને માટે શું કરી શકાય એવો લેખનો અંત પણ વિચાર કરતા કરી દે છે. તેમની જ લોકબોલીમાં છપાયેલો આ લેખ ખરેખર મદારીઓની વ્યથા તથા વાતને લોકો સુધી સારી રીતે પહોંચાડી શકે છે અને મુંબઈના કાગડા તથા માર્ક ટ્વેઈનનું સચિત્ર કાગડાઓ વિશેનું વર્ણન કોઈ પણ વ્યક્તિને એના વિશે વધુ જાણવા માટે પ્રેરિત કરે છે.

- - નેહા જોશી

* * *

'નવનીત સમર્પણ' જુલાઈના અંકમાં ઉષા શેઠનો સુસંસ્કારિતા લેખ ગમ્યો. મધુસૂદન કાપડિયાનો 'કેવી રીતે ના મરવું! ' લેખ નિયમિત રીતે સારો રહ્યો. પારુલ દોશીની 'એક મનોવૈજ્ઞાનિકની ડાયરી' ગમી. નીલેશ રાણાની 'કન્ફેશન' એક ડોક્ટરની ડાયરી ઘણી ગમી. નીલેશ અને ડોક્ટર વચ્ચેનું મનોયુદ્ધનું નિરૂપણ ઘણું સારી રીતે કર્યું છે. લેખના અંતે સવાલ કરે છે કે શું સાચું? દર્પણ કે પ્રતિબિંબ? મારા હિસાબે બન્ને સાચાં છે.

ઓગસ્ટના અંકમાં નીતિ દવેની 'ઉત્તરવાહિની નર્મદા' પરિક્રમા સુપર્બ રહી. આ વિકટ પરિક્રમા હજારો લોકો શ્રદ્ધા અને ભાવનાથી કરે છે, એટલે જ લેખિકાએ યોગ્ય લખ્યું છે કે 'આ પરિક્રમા એ માત્ર બાહ્ય યાત્રા નથી એ આંતરિક યાત્રા પણ છે.' નર્મદા મૈયા ઉપરની શ્રદ્ધાએ જ તેણીને આવો સુંદર લેખ લખવાની પ્રેરણા મળી. લેખિકા સાથે અમે પણ પરિક્રમાનો આનંદ લીધો. આ પહેલાં પણ દિવંગત અમૃતલાલ વેગડે સંપૂર્ણ પરિક્રમા કરેલી તેની લેખમાળા 'નવનીત સમર્પણ'માં પ્રકાશિત થયેલ.

મુંબઈ - ચંદ્રકાંત એસ. સંઘવી

* * *

સપ્ટેમ્બર 2019ના અંકમાં 'સ્મૃતિનો વિકાસ' ભાણદેવ ખૂબ જ સુંદર રહ્યો. સ્મૃતિ એટલે શું, વિકાસ, શ્રદ્ધા, પ્રાણાયામ, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા-રસ, સમજ વગેરે દ્વારા સ્મૃતિ માટેનું સુંદર મનોચિત્ર બહુ કહી દીધું.

મીઠાપુર - મુકેશ ટી ચંદારાણા

* * *

'નવનીત સમર્પણ' મે 2019માં આવેલ 'બે સિંધી કાવ્યો' (વિમ્મી સદારંગાણી - પારુલ ખખ્ખર) દિલને સ્પર્શી ગયાં. જૂન 2019ના અંકમાં 'મ્યુઝિયમ ઓફ ઇનોસન્સ'ના કડવીમા ખરેખર જ ખૂબ Innocent છે (વિશાલ ભાદાણી). 'કેમ સખી ચીંધવો પવનને-29' (અનિલ જોશી) ખૂબ જ ગમ્યો. જુલાઈ 2019ના અંકમાં જયેશ જોષીનો ઇન્ટરવ્યુ (આરાધના ભટ્ટ) અને 'ઘોસ્ટ કોલોની' ખૂબ જ પસંદ આવ્યા. ઓગસ્ટ 2019ના અંકમાં આવેલ વાર્તા 'શિષ્યા' (ગિરીશ ભટ્ટ) ખરેખર આજની-કળિયુગની વાર્તા છે.

બોરીવલી - કિરણ ગાંધી



ભવન્સ - વૃત્ત



ભવન ચોપાટીમાં યોજાયો લોકસંગીતનો કાર્યક્રમ

સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવનને સથવારે યોજાતી શ્રેણીમાં, રવિવાર 18 ઓગસ્ટના સવારે ભારતીય વિદ્યા ભવન-ચોપાટી ખાતે, નારી સંવેદનાને અભિવ્યક્ત કરતાં લોકગીતોનો કાર્યક્રમ 'સોના ઈંઢોણી રૂપા બેડલું'નું આયોજન કરાયું હતું, તે પ્રસંગની તસવીરમાં કલાકારો ચેતન ગઢવી અને પ્રીતિ સાવલા સાથે કાર્યક્રમના સંયોજકો ઉદયન ઠક્કર, નિરંજન મહેતા તથા કમલેશ મોતા.

ભવનમાં યોજાયો હાસ્યરસમંડિત કાર્યક્રમ

સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે, ગયે સપ્તાહે ભવન ઓડિટોરિયમ-ચોપાટી ખાતે 'જેવી તારી ઢોલકી, એવો મારો તંબુરો' કાર્યક્રમ યોજાયો હતો. હાસ્યરસભર આ કાર્યક્રમમાં ડો. શ્યામલ મુનશી, આકાશ મહેતા તથા ડો. તુષાર શાહે એમની વ્યંગ-કટાક્ષ-હાસ્યમંડિત રજૂઆતથી શ્રોતાઓને આનંદ તરબોળ કરી મૂક્યા હતા.



કલાકારો સાથે કાર્યક્રમના સંયોજકો: ઉદયન ઠક્કર, શ્યામલ મુનશી, નિરંજન મહેતા, ડો તુષાર શાહ, કમલેશ મોતા.



ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્ર દ્વારા આધુનિક ગીતકવિ અને સર્જક અનિલ જોશીના સાંન્નિધ્યમાં 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ તા. 25-9-2019ના રોજ સાંજે છ વાગ્યે ગીતામંદિર સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. કવિ અનિલ જોશીએ પોતાનાં ગીતો-કાવ્યો અને 'ફોતરાં' નિબંધનું ભાવવાહી પઠન કર્યું હતું. 'નવનીત સમર્પણ'ના સંપાદક દીપક દોશીએ કવિ સાથે ગોષ્ઠી યોજીને કવિના મુખે એમના રસપ્રદ જીવનપ્રસંગોનું બયાન કરાવ્યું હતું. અંતે શ્રોતાઓએ પણ સર્જક સાથે પ્રશ્નોત્તરી કરી હતી. આમ કવિનાં જીવન અને કવન બન્નેનો શ્રોતાઓને સુપેરે પરિચય થયો. કાર્યક્રમની સંકલ્પના નિરંજન મહેતાની હતી અને સંયોજક કમલેશ મોતા હતા.

અમદાવાદ કેન્દ્ર : બેઠા ગરબાનું આયોજન

ભારતીય વિદ્યા ભવન અને ઇન્ફોસિસ ફાઉન્ડેશન, બેંગલોર દ્વારા ''કલ્ચરલ આઉટરીચ પ્રોગ્રામ'' શ્રેણી અંતર્ગત ૨૬ સપ્ટેમ્બરના રોજ બેઠા ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠા ગરબા એ નાગર જ્ઞાતિની વિશેષતા છે આ કાર્યક્રમમાં ગાંધીનગરના 'રણકાર' ગ્રુપના કલાકારો સર્વશ્રી કેયુર વોરા, કિનાર રાણા, ઉષ્મા હાથી, કૃતજ્ઞા વસાવડા, કવિતા બક્ષી, નિરાલી વસાવડા વગેરે દ્વારા 'અલબેલા તેજ ના અજવાળા' જેવો અતિ પ્રાચીન ગરબો રજૂ થયો હતો. અમદાવાદના જ બેઠા ગરબાના ખૂબ જાણીતા ગ્રુપના સભ્યો સુશ્રી ધ્રુતિબેન ઝાલા, જલ્પાબેન દેસાઈ, હિનાબેન કચ્છી, નિપાબેન દેસાઈ, કૃષ્ણાબેન દેસાઈ, રૂપેન કીકાણી દ્વારા શાસ્ત્રીય અને સુગમ સગીતની ચાર રચનાઓ રજૂ



કરવામાં આવેલ. પીઢ ગાયિકા નિહારિકાબહેન અને પંક્તિ વોરા દ્વારા સ્તુતિ, ગરબા તેમજ જાણીતી સુગમ સંગીતની રચનાઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શ્રી ભદ્રેશભાઈ વોરાએ તબલાં સંગત કરી હતી. કાર્યક્રમનું સંચાલન સુશ્રી હિનાબેન પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું.

મુંબઈ કેન્દ્રઃ શિક્ષા પરંપરામેં ગુરુ કા સ્થાન



ગુરુપૂર્ણિમાના પ્રસંગે 'શિક્ષા પરંપરામેં ગુરુ કા સ્થાન' વિષય પર શ્રી જગદીશ દૂબેએ હિન્દીમાં વક્તવ્ય આપ્યું હતું. તેઓ વસઈની શ્રી દીવાનેશ્વર મહાદેવ સંસ્કૃત પાઠશાળાના સંસ્કૃત શિક્ષક અને સહનિદેશક છે. ભવનના અનુસ્નાતક અને સંશોધન વિભાગના સહાયક શ્રી હિતેશ ત્રિવેદીએ વેદિક પ્રાર્થના અને સ્વાગત પ્રવચન કર્યાં હતાં. અતિરિક્ત નિદેશક ડો. ગિરિશ જાનીએ વક્તાનો પરિચય કરાવ્યો અને પુષ્પગુચ્છ અર્પણ કર્યો હતો.

દાનનો ઝરો હૃદયમાંથી વહે છે

ભવન્સ આદર્શ વિદ્યાલયે કેરાલામાં પૂરના ભોગ બનેલાઓ માટે ફાળો એકઠો કરવા મેળાવડો કર્યો હતો. શાળાએ નવી ચટાઈ-શેતરંજીઓ, ચાદર, ધાબળા, તકિયા, અનાજ આદિ તથા ફાળો એકઠો કર્યો હતો. અને 19 જુલાઈના વહીવટી ફાળાનું કેન્દ્ર ઇર્નાકુલમ જિલ્લામાં ચૂંટણી ડેપ્યુટી કલેકટર મિ. શાહજહાંને આપ્યો.





કોચી કેન્દ્રઃ ભારતીય વિદ્યા ભવનના સુવર્ણ જયંતી પ્રસંગે શ્રીહરિ અનેયના હસ્તે ઉદ્દ્ઘાટન 17 ઓગસ્ટ 2019ના સરદાર પટેલ હોલ, ટી.ડી. રોડ ખાતે થયું હતું. મંચ પર ડાબેથી કોચી કેન્દ્રના શિક્ષણ અધિકારી શ્રીમતી રેણુકા એન મેનન, શિક્ષણ અધિકારી અને અકાદમીના સલાહકાર શ્રીમતી મીના વિશ્વનાથ (વિશ્વનાથન), ટ્રસ્ટી અને મુંબઈ વહીવટી સમિતિના સભ્ય શ્રી શ્રીહરિ જી. અનેય, કોચી કેન્દ્રના અધ્યક્ષ વેણુગોપાલ સી. ગોવિંદ, અને કેરાલાના ઉચ્ચ ન્યાયાલયના માનદ ન્યાયમૂર્તિ શ્રીદેવેન રામચંદ્રન, વરિષ્ઠ વકીલ શ્રી ગોવિંદ કે ભારથન કોચી કેન્દ્રના નિદેશક શ્રી ઈ. રમનકુટ્ટી, માનદ્ સંચાલક અને ખજાનચી શ્રી કે. શંકર નારાયણન્ ઉપસ્થિત હતા.

પુસ્તક વિમોચન, ન્યુ યોર્ક કેન્દ્ર

ભારતીય વિદ્યા ભવન, અમેરિકા, ભારતીય દૂતાવાસ ન્યુ યોર્ક અને વાણી ફાઉન્ડેશન, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે જૂન 20 તારીખે ગુરુવારની સાંજે એક વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. ડો. પી. જયરામના 88મા જન્મદિવસે તેમના અંગ્રેજી પુસ્તક 'અ બ્રીફ હિસ્ટરી ઓફ વૈષ્ણવ સેઈન્ટ પોએટ્સ ધ અલવરસ' નું વિમોચન થયું હતું.

ડો. જયરામન સંસ્કૃત, હિન્દી, ઇંગ્લિશ અને તામિલ ભાષાઓના વિદ્વાન છે અને ભારતીય વૈદિક અને પ્રાચીન ધર્મગ્રંથોના અભ્યાસુ છે. તેઓ ભારતીય વિદ્યા ભવન યુએસએના સ્થાપક એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર છે. દક્ષિણ ભારત અને ઉત્તર ભારતને એક કરવા સંસ્કૃતિ અને ભક્તિને સેતુ બનાવવાનું સ્વપ્ન આ સંશોધનપુસ્તકનું વિશ્વમંચ પર વિમોચન થવાથી સાકાર થયું છે. MEAના ભૂતપૂર્વ સંચાલક અને ભારતના હ્યુમન રાઈટસ કમિશનના સભ્ય કોન્સ્યુલ જનરલ શ્રી સંદીપ ચક્રવર્તીને 'પાસપોર્ટ મેન ઓફ ઇન્ડિયા'નું બિરુદ આપવામાં આવ્યું. ગ્રેમી એવોર્ડ નોમિની ડો. જ્ઞાનેશ્વર મૂલે અને પ્રખ્યાત લોકસેવક શ્રીમતી ચંદ્રિકા કૃષ્ણમૂર્તિ ટંડન, ન્યુ યોર્કના રામકૃષ્ણ વિવેકાનંદ સેન્ટરના સ્વામી યુક્તાત્માનંદજી, ભરતનાટ્યમ નૃત્યાંગના શ્રી સાધના પરાંજી, ટી. વી. એશિયાના અધ્યક્ષ અને સીઈઓ પદ્મશ્રી ડો. એચ. આર. શાહ અને ભારતીય વિદ્યા ભવન યુએસએના અધ્યક્ષ ડો. નવીન સી. મહેતા વગેરે મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટઃ 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવેઃ રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

ડૉ. સેજલ સંઘવીઃ 4-એ, મકરંદ સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

ચંદ્રકાન્ત શાહઃ email: chandu420@gmail.com

મનોજ જોશીઃ 'આસ્થા' - ક્લિનિક, 9 - પટેલ કોલોની, જામનગર. ગુજરાત. મો. 98242 28598

રાજેશ વ્યાસઃ 1, સરસ્વતી સોસાયટી, જૈન મેમોરિયલની પાછળ, પાલડી, અમદાવાદ-380 007.

દિલીપ ઝવેરીઃ 301-વોલ્ડ્રોફ, હીરાનંદાની એસ્ટેટ પાટલીવાડા, ઘોડબંદર રોડ, થાણા-400 607

આશ્લેષ ત્રિવેદીઃ એ-501, અક્ષર પ્રથમ, સિલ્વર સ્ટાર કોમ્પ્લેક્સ પાસે, વિશ્વકર્મા ચોક, ગોતા રોડ, ચાંદલોડિયા, અમદાવાદ, પિન-382481. મો. 7436006736

મહેન્દ્ર જોશીઃ કે-404, સફલ પરિસર-2, 'સોબો' સેન્ટર નજીક, સાઉથ બોપલ, એસ.પી.રિંગ રોડ, અમદાવાદ-58. મો. 9825629985

ગુણવંત શાહઃ ટહુકો, 139 વિનાયક સોસાયટી, જયપ્રકાશ નારાયણ માર્ગ, જૂના પાદરા, વડોદરા-390020.

જયંત રાઠોડઃ ''આનંદ'' પ્લોટ નં. ૭૩-એ, યમુના પાર્ક-૧, અંજાર (કચ્છ) - ૩૭૦૧૧૦

રેખા ઉદયન શાહઃ 'અસ્માવમ્', 16 મિથિલા સોસાયટી, શ્રેયસ ફાઉન્ડેશન સામે, આંબાવાડી, અમદાવાદ-380015. મો. 99240 25453.

ડંકેશ ઓઝાઃ અડાલજ-382421, મો. 9725028274

નૌશિલ મહેતાઃ બીજે માળ, નંદનવન, તેજપાલ સ્કીમ, મેઈન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-400 057.

હેમંત સોલંકીઃ જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42

પન્ના ત્રિવેદીઃ આસિ. પ્રોફેસર, ગુજ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઉધના, મગદલ્લા રોડ, સુરત-395 007.

હસમુખ જોષીઃ ખીચા, તા. ધારી, જિ. અમરેલી-365 640.

પ્રવીણસિંહ ચાવડાઃ 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9979230039

રન્નાદે શાહઃ 25, માણેકબાગ સોસાયટી, નેહરુનગર, આંબાવાડી, અમદાવાદ-380015.

નરેશ પ્રધ્યુમનરાય અંતાણીઃ 'ભૂમાનિકેતન' ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે, ભુજ-માધાપર રિંગ રોડ, ભુજ-કચ્છ. 370 ૨૨૦ ફોનઃ (૦૨૮૩૨) ૨૪૩૨૪૨ મોઃ 9998૨ ૨0478

વિનોદ પટેલઃ 604-બી, જય ચિત્રકૂટ, કુલુપવાડી, બોરીવલી (ઈ), મુંબઈ-66, મો. 9869437259

કનુ સૂચકઃ 3, વિવેક, 185, એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-400 056.

અનિલ જોશીઃ joshi.r.anil@gmail.com

શરીફા વીજળીવાળાઃ બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

અશોક મશરૂઃ એ-7, આલાપ હેરિટેજ, કાલાવડ રોડ, રાજકોટ-360 005.



વોટ્સઍપ

☐ સં. શરીફા વીજળીવાળા

બેંગલોરથી મૈસૂર જતી પેકેજ ટૂરની બસમાં ચડતાંની સાથે ગાઈડે બૂમ પાડીઃ ''સાંભળો, સાંભળો, હાથમાં મહેંદીવાળાં કપલ આગળના ભાગે બેસે અને માથે મેંદીવાળાં પાછળના ભાગે...''

☺ ☺ ☺

સુરતના વરાછા વિસ્તારની એક શાળામાં શિક્ષકે પૂછ્યુંઃ ''બોલો જોઉં GSTનું આખું નામ કોને આવડે છે?'' બધાએ હાથ ઊંચા કર્યા... ને કોરસમાં જવાબ મળ્યો... ''G S T ગામડે સેટ થઈ જાઓ.''

☺ ☺ ☺

આજકાલ બિઝનેસવાળાઓની હાલત કેવી છે ખબર છે?

જો એ મહાબળેશ્વર ફરવા જાય અને એક પોઈન્ટ પર બૂમ પાડે 'પેમેન્ટ...' તો પડઘો પડે 'Next Week, next week, next week...'

☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : ''મેમો ફાડવો પડશે, નામ બોલો તમારું.''

સ્કૂટરચાલક : ''યાજ્ઞવલ્ક્યદાસ વિશ્વેશ્વરાચાર્ય યુયુત્સુમુમુક્ષુ પ્રસાદ વેદાચાર્ય.''

ટ્રાફિક પોલીસ : ''આ વખતે જવા દઉં છું. ફરી ક્યારેય સિગ્નલ તોડતા નહિ.''

☺ ☺ ☺

બિટ્ટુ : ''તમે ઘરે કયું નેટ વાપરો છો?''

પપ્પુ : ''બીએસએનએલ.''

બિટ્ટુ : ''દર મહિને શું આપવું પડે છે?''

પપ્પુ : ''ગાળો.''

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

''એક રોકાણકારનો હમણાં જ ફોન આવ્યો કે ભાઈ અત્યારે માર્કેટમાં લેવા જેવું શું છે?''

મેં કહ્યું, ''ભગવાનનું નામ!''

☺ ☺ ☺

દર્દી : ''ડોક્ટર સાહેબ! મને મારી પત્ની બોલે છે તે ના સંભળાય એવી દવા આપો.''

ડોક્ટર : ''તમને શું લાગે છે મને શોખ છે રવિવારે દવાખાનું ચાલુ રાખવાનો!''

☺ ☺ ☺

પત્નીએ જોરથી પતિને લાફો માર્યો.

પતિ : ''આટલું જોરથી કેમ માર્યું?''

પત્ની : ''મચ્છર હતો! હું બેઠી હોઉં ને કોઈ તમારું લોહી પીવે એ હું સાંખી ન શકું!''

☺ ☺ ☺

પપ્પુ : ''મમ્મી, મારાં ટીચર મને વગર વાંકે મારે છે!''

મમ્મી : ''કેમ શું થયું?''

પપ્પુ : ''અરે, ગઈ કાલે એમણે બ્લેકબોર્ડ ઉપર 'મહાભારત' લખીને મને પૂછ્યું 'મહાભારત' કોણે લખ્યું? મેં કહ્યું તમે? બસ પછી એમણે મને ધીબેડી નાખ્યો!''

☺ ☺ ☺

પતિ : ''આટલી અડધી રીતે મેક-અપ કરવાની શી જરૂર પડી!''

પત્ની : ''અરે મારો મોબાઈલ ફેસ-લોકથી ખૂલે છે. સવારે તો વાંધો ન આવ્યો અત્યારે ખૂલતો નથી!''

☺ ☺ ☺


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world


























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.